

કુમાર

આવતી કાલના નાગરિકોનું માસિક · વર્ષ ૪૬મું · સપ્ટેમ્બર ૧૯૬૯
૫૪૯મો સળંગ અંક
સંસ્થાપક · રવિશંકર રાવળ
તંત્રી · બચુભાઈ રાવત



'ચન્દ્રની ધૂલિનું તિલક ભાલે'



હેમંતની સાંજ (કાંગડા-ગુલેર કલમ • ૧૮મી સદીનો અંત ભાગ)
કસ્તૂરભાઈ લાલભાઈના કલાસંગ્રહમાંથી તેમના સૌજન્યથી

લ દરબાર છોડીને હિમાલયની તળેટીનાં હિંદુ રાજ્યોના આશ્રયે ગયેલા ચિત્રકારોની કળા ત્યાંના સૃષ્ટિસૌંદર્ય અને નવી **જીવનશૈલીની અસર** પામી. રામાયણ-મહાભારત, કૃષ્ણલીલા, વૈષ્ણવ ભક્તિગીતો, -રાંઝા જેવી પ્રેમકથાઓ, રાગ-રાગિણી, નાયિકાભેદ ને ઋતુઓનાં રસપૂર્ણ વર્ણનોમાં **એમને** અનેક ચિત્રવિષયો મળ્યા. આ એક એવું રસભર્યું ઋતુચિત્ર છે. આગળ પડેલી સગડીની હૂંફે પીળી રજાઈમાં લપેટાઈ ગોષ્ઠિ કરતા યુગલની પશ્ચાદ્ભૂમાં પરસાળ, ઓરડા, આંગણ આદિનું જે સપ્રમાણ આયોજન થયું છે તેમાં દૂરના આવાસમાં એક એકાકી સ્ત્રીને તાપતી બતાવીને પ્રસ્તુત ચિત્રવિષયના સંકેતને વધાર્યો છે.



કયારેક તમારો અંક હાથમાં આવી જાય છે ખરો.[૧] અને હમેશાં મુજબ અંક ૫૪૫માં આધુનિક કળા વિષે ઘસાતું લખ્યું છે: '...રંગ-ચિત્રો જેવાં અગાઉનાં ચિત્રોને પડછે આજ-નાં અપ્તરંગી, ગોટાળિયાં, ભડકામણાં ને આઘાતજનક સર્જનો જોતાં...' આમ લખ-વાનું કારણ તો હું ફક્ત એ જ જોઈ શકું છું, તે તમારી દગ્ધ માનસિક વૃત્તિ.[૨] હર વખતે આ-ધુનિક ચિત્રોને ઉતારી પાડવામાં તમે પાછી પાની કરતા નથી. વનલીલા કિનારીવાલાનું નકામું અર્થહીન ચિત્ર છાપતાં પણ શરમ ઊપજે તેને તમે બિરદાવો છો. આવાં પૂર્વગ્રહયુક્ત લખાણો લખી, ચિત્રો છાપી, તમે વાચકને ગેરરસ્તે દોરવો છો એટલું જ નહિ, તમારી સંકુચિત મનોદશા રજૂ કરો છો.

આવું લખવાને બદલે આધુનિક ચિત્રોની સમજણ આપતો લેખ લખો, છાપો તે યોગ્ય ગણાશે.[૩] યા એ વિષે મૌન સેવવું એ સદ્‌ગૃહ-સ્થને, સારા તંત્રીને શોભે એવું ઉચિત પગલું ગણાશે. માત્ર એકધારીરીતે બળાપો કાઢવો એ ચિત્રો વિષેની ટીકા કે ટિપ્પણ બની શકતાં નથી.

આધુનિક કલા વિષેની વાત હાલ પૂરતી બાજુએ રાખીએ, પણ 'કુમાર'માં ભારતીય ચિત્રકલા વિષે સારો, સમજણપૂર્વકનો લેખ હજી સુધી મારા જોવામાં આવ્યો નથી કે તે વિષે કયાંય ઉલ્લેખ થયો નથી.[૪] તમારી જાણ માટે એટલું જરૂર કહીશ કે ભારતીય પરંપરા-ગત કલા તરફ તમારા કરતાં અનેકગણી વિશદ માહિતી અને માન અમને છે.[૫]

(વડોદરા) —જેરામ પટેલ

ઉત્તરમાં :

૧) તેથી જ કદાચ કલા પ્રત્યેના અમારાં અભિ-ગમ વિષે આપ પૂરા જ્ઞાત નથી? ૨) ના, જી; કલાના મોટા ભાગના પ્રામાણિક ભાવુકોનો પણ એ નિખાલસ અભિપ્રાય છે, જે, વિવેકને ખાતર અથવા તો હાંસી થવાના ભયથી તેઓ જાહેરમાં ઉચ્ચારતા નથી; કેમ કે મુગ્ધ ભાવે એવાં ચિત્રો સમજવાની ઉત્કંઠા કોઈ દર્શાવે તો ઉત્તરમાં ન સમજાય એવા ઉછીના લીધેલા ભારેખમ શબ્દો વડે ગોટા વાળવામાં આવે છે, અથવા તો 'એ સમજવા જેટલી તમારી માનસિક તૈયારી નથી' એમ પરખાવી દેવામાં આવે છે. ૩) શ્રી જ્યોતિ ભટ્ટની એવી લેખ-માળા અમે છાપી જ છે. જોવાની ફુરસદ કાઢી શકશો તો જણાશે કે 'કુમાર' એકલું જ એવું માસિક છે કે જેણે પોતાની સૂઝ અને સમજ પ્રમાણે, આધુનિક કળાને રજૂ કરવાનો અને સમજાવવાનો, કોઈના પણ કરતાં વધુ પ્રયત્ન કર્યો છે; અને હજી પણ જેમને એ કળા વિષે લોકાભિરુચિ કેળવવાની ખેવના હોય તેમને માટે 'કુમાર'નાં પાનાં ખુલ્લાં છે. ૪) આપના જોવામાં ન આવ્યો હોય તો કમનસીબી છે. બાકી ભારતીય કલા વિષે તો 'કુમારે' જેટલું આપ્યું છે તેટલું કદાચ કોઈ સામયિકે નથી આપ્યું. પણ જેને લેખવવું જ ન હોય તેને અમારાથી કાંઈ 'પૂર્વગ્રહયુક્ત', 'સંકુચિત' 'દગ્ધ' મનોદશાવાળા કહી શકાશે? ૫) એમ હોય તો ધન્યવાદ.

—તંત્રી

Art Scene to-dayના પ્રદર્શન વિશે લ-ખતાં અદ્યતન ચિત્રો વિશે તમારો રોષ ઠાલ-વ્યો છે તે સાથે મને વાંધો નથી: પણ વન-લીલા કિનારીવાળાની સ્રેણ ચિત્રકૃતિની સર-ખામણી જ્યોતિ ભટ્ટ અને મકબૂલ હુસેન સાથે કરી છે તે સામે સખત વાંધો છે. વનલીલાના ચિત્ર કરતાં વધુ સારું ચિત્ર—અથવા સારા ચિત્રકારનું ચિત્ર છાપ્યું હોત, એની સરખા-મણી કરી હોત, તો મને આનંદ થાત.

(વડોદરા) —ભૂપેન ખખ્ખર

ગયા અંકમાં લેખિકાએ સુમતિબહેનની સિદ્ધિઓને બિરદાવી છે એ યોગ્ય જ છે. પણ પરિણીત આર્ય સ્ત્રીનું જીવન એના પતિના જીવન સાથે સંકળાએલું હોય. એટલે સુમતિ-બહેન વિષે લખતાં એમના પતિ વિષે એકાદ કંડિકા પણ વાંચવાની આશા રખાય, એ અહીં નિષ્ફળ જાય છે. શ્રી સુમતિબહેનના પતિ શ્રી શાંતિકુમાર સામાન્ય માણસ નથી. પૂજ્ય બાપુના એ પરમ પ્રિયપાત્ર હતા. કસ્તૂરબા સ્મારક ટ્રસ્ટના શરૂઆતથી ટ્રસ્ટી ને કાર્ય-કારિણી સમિતિના સભ્ય છે. એ કલારસિક ને કલાના અભિજ્ઞાતા છે. એમનાં 'બાપુનાં સં-ભારણાં' પુસ્તકનું ભારતની અનેક ભાષાઓ-માં ભાષાંતર થયું છે. આ સૌ ઉપર કળશ ચડાવે એવી વાત તો એ છે, કે એમણે એ-મના પિતાનું દેવું લેણદારોને બોલાવી બોલાવી-ને પાઈ યે પાઈ ચૂકવ્યું છે. ભારતમાં સ્વ. શ્રી ચિત્તરંજન દાસ સિવાય આવું બીજા કોઈએ કર્યું જાણ્યું નથી. આવા પુરુષોની સિદ્ધિઓ

માટે એમની પત્નીની જીવનનોંધમાં એક કંડિકા પણ ન આવે એ વિચિત્ર નથી?

(પૂના) —પ્રવીણ આસર

સુમતિ મોરારજીનો પરિચય વાંચી અત્યંત પ્રસન્નતા થઈ આવી સન્નારીઓ જ ભારતીય સંસ્કૃતિને જીવંત રાખી શકે છે. તાજેતરમાં પ્રકટ થએલા સ્વામી આનંદના 'કુળકથાઓ'-માં વર્ણવાએલાં મોરારજી ગોકુળદાસનાં ધર્મ-પત્ની 'ધનીમા' અત્યંત તેજસ્વી સન્નારી.

ગુજરાત જેમનાથી ધન્ય બન્યું છે તેવાં સ્રીરત્નો વિષે આપ અવારનવાર લેખો પ્રગટ કરતા રહો. કસ્તૂરબા, લેડી પ્રેમલીલા ઠાકરશી, કુ. મનુબહેન ગાંધી આદિ સન્નારીઓ વિષે તમે રીતસર એક લેખમાળા જ પ્રકટ કરી શકો.

(મહુવા) —'મધુબિંદુ'

મે ૧૯૬૯ના અંકમાં ડૉ. ઝાકિર હુસેનના જીવનનાં વિવિધ પાસાં વણી લેતો વિસ્તૃત લેખ જોવાની આકાંક્ષા હતી.*

ડૉ. ઝાકિર હુસેનના અવસાન બાદ 'નિરપેક્ષ' શબ્દનો ઉપયોગ રેડિયો દ્વારા અને વર્તમાનપત્રોમાં બહુ મોટા પ્રમાણમાં થયો. Secular democracyને 'ધર્મનિરપેક્ષ' લોકશાહી કહેવામાં આવી. ગુજરાતીમાં Secularનો અર્થ 'ધર્મનિરપેક્ષ' થઈ શકે કે કેમ એ વિચારવા જેવો પ્રશ્ન છે. 'સાર્થ ગુજરાતી જોડણીકોશ'માં 'નિરપેક્ષ'નો અર્થ આ પ્રમાણે છે: 'અપેક્ષા વિનાનું, નિસ્પૃહ; સ્વતંત્ર, પોતાની મેળે નભે એવું'. હું માનું છું કે Secularનો અર્થ આ ન બની શકે. 'નિરપેક્ષ'ને બદલે આપણે 'સર્વધર્મ સમભાવવાળી' શબ્દનો ઉપયોગ કરીએ તે ઉચિત ગણાય. આપણા વિદ્વાનો આ બાબતમાં વિચારી ગુજરાતીને યોગ્ય શબ્દો આપે એ ઈચ્છનીય ગણાય.

(ઘાટકોપર) —જયંતીલાલ દવે

[*અગાઉ અંક ૫૨૨માં આવી ગયો હતો.]

'ગુજરાતનાં સંગ્રહસ્થાનો'ના લેખમાં એક ઉલ્લેખ રહી ગયો છે.

ગુજરાત-સૌરાષ્ટ્રનાં સંગ્રહસ્થાનોમાં દેશી રજવાડાંઓએ સ્થાપેલાં સંગ્રહસ્થાનો નોંધપાત્ર છે. જામનગરમાં સ્વ. મહારાજા રણજિતસિંહે પ્રતાપવિલાસ પૅલેસમાં સંગ્રહેલી કાચ, પથ્થર તથા ધાતુની બેનમૂન કલાકૃતિઓ તેમજ દેશપરદેશમાંથી એકઠાં કરેલાં ઉત્તમ ચિત્રોનો અણમોલ સંગ્રહ છે. આ સંગ્રહસ્થાન જાહેર જનતા માટે ખુલ્લું રહેતું અને તેનો હજારો લોકો નિયમિત લાભ લેતા.

(રાજકોટ) —મગનલાલ ત્રિવેદી

'કુમાર'માં મારા વિષેના પરિચયમાં સુધારો: (૧) પ્રથમ પૅરૅગ્રાફમાં વડોદરા યુનિવર્સિટીના 'કલાસંગ્રહાલય'માં નહિ પરંતુ લલિતકલા સંકાય (ફૅકલ્ટી ઑવ ફાઈન આર્ટ) માં જોઈએ. (૨) પાંચમા પૅરૅગ્રાફમાં 'કાર્લાની ગુફા'ને બદલે 'કાર્લા પાસેનાં ભાજા ગુફામંદિર' જોઈએ. (૩) વડોદરા યુનિવર્સિટીમાં જોડાયાનું વર્ષ ૧૯૫૦ ને બદલે ૧૯૫૨.

હાલમાં દિલ્હીના 'ગાંધીદર્શન' પ્રદર્શન માટે કેટલાંક શિલ્પ બનાવવાનું કામ સોંપાયું છે.

(વડોદરા) —કાંતિલાલ કાપડિયા

હવે પાછું સરકારે સમાચારપત્રો માટે પોસ્ટેજ ઘટાડયું છે, તો વધારાના પોસ્ટેજનો રૂા. ૧-૨૦નો લવાજમનો ફેરફાર ચાલુ કેમ?

(માટુંગા-મુંબાઈ) —નીતિકુમાર દેશી

[*એ ઘટાડો માત્ર ૬૦ ગ્રામની અંદરના વજનનાં પત્રો માટે થયો છે, જ્યારે 'કુમાર'નું વજન તેથી લગભગ બમણું થવા જાય છે.]

એપ્રિલ અંકમાં શ્રી ચંદ્રવદન મહેતા પાન ૧૩૮ ઉપર 'કૅનેડી, શિકાગો, સાનફ્રાન્સિસ્કો, વૉશિંગ્ટન આદિ જેવાં મોટાં એરપોર્ટ' એમ લખે છે. એમાં 'કૅનેડી' એરપોર્ટનું નામ છે, જ્યારે બીજે બધે શહેરનાં નામ છે. તેથી 'કૅનેડી'ની જગ્યાએ ન્યૂ યૉર્ક મૂકવું જોઈએ.

પાન ૧૩૯ ઉપર ન્યૂ યૉર્કની 'મેટ્રો સબ વે રેલવે' એ બંને શબ્દો વાપરવા યોગ્ય નથી. અંડરગ્રાઉન્ડ રેલવે માટે 'સબ વે' અથવા 'મેટ્રો' શબ્દ વપરાય છે, બંને નહિ. ન્યૂ યૉર્કમાં 'સબ વે' શબ્દ વધુ પ્રચલિત છે, જ્યારે યુરોપમાં 'મેટ્રો' શબ્દ વધુ પ્રચલિત છે.

(મુંબાઈ) —ચંદ્રકિશોર ગી. શ્રોફ

અંક ૫૪૬માં 'જીવનપટનાં સ્મૃતિચિત્રો'-માં મારા સ્વ. પિતાશ્રી છોટાલાલ તેજપાલ બાબત વાંચી સંતોષ થયો. થોડો સુધારો:

તેજપાલભાઈ પોલિટિકલ એજન્ટના શિરસ્તેદાર હતા અને છોટુભાઈને મુંબાઈ અંગ્રેજી ભણવા મોકલેલા. પણ તેમને ભણવાને બદલે ચિત્રકળામાં રસ હતો. તેજપાલભાઈને તે ગમતું ન હતું, એટલે પિતાની ભલામણ વગર જ તે આત્મબળે આગળ આવતા હતા.

તેજપાલભાઈ ઘણી નાની ઉંમરે ગુજરી ગએલા. છોટુભાઈને મુંબાઈના કપોળ ને ભાટિયા શેઠોએ ટેકો આપેલો. શરૂમાં શ્રીનાથજીની છબિઓ બનાવી વૈષ્ણવોને વેચતા. પોતાની મેળે જ રજવાડાંઓમાં જતા. ત્રણ અંગ્રેજી ભણેલા પણ વાચનથી આગળ આવેલા.

(મુંબાઈ) — કિશનલાલ છોટાલાલ મહેતા

જુલાઈ અંકમાં રેમ્બ્રાંના મૃત્યુનાં અને બાસ્તિલના પતનનાં વર્ષો અનુક્રમે ૧૬૬૮ ને ૧૭૮૪ આપવામાં આવ્યાં છે, તે હું ધારું છું અનુક્રમે ૧૬૬૯ અને ૧૭૮૯ હોવાં જોઈએ.

(મુંબાઇ) —ગૌતમ શાહ

અંગ્રેજી 'લાઈફ' મૅગેઝીનનો, ૫-૭ વર્ષ ઉપર દુનિયાની પોસ્ટ-ટિકિટોનો એક ખાસ અંક પ્રકટ થએલ હતો. 'કુમાર'ના કોઈ પણ વાચક એ અંક વેચાણ આપી શકે તો મારે ખાસ જરૂરત છે. 'કુમાર'માં ટિકિટસંગ્રહ અંગે વધુ માહિતી આપતો કોઈ અંક પ્રસિદ્ધ થએલ છે?*

(કૃષ્ણસદન, ઝવેરીવાડી, નવસારી)

—અમૃતલાલ શાહ

[*ઘણાં વર્ષો પર છૂટક લેખો આવી ગયા છે.]

'ઍપોલો-૮'ની યાત્રાનું વર્ણન વાંચી આનંદ થયો. સી-મેઈલથી 'કુમાર'ને અહીં પહોંચતાં અઢી માસ લગભગ થાય છે, એટલે અત્યારે 'ઍપોલો-૧૧'ની વાતો થતી હોય તેવા સમયે આ પત્ર બહુ મહત્ત્વનો ન ગણાય. પણ 'કુમાર'ના વાચકોનું ધ્યાન તાજેતરમાં મારી નજરે પડેલા એક પુસ્તક તરફ ખેંચવા લખી રહ્યો છું. નામ છે: 'Exploring the space with a camera' અને NASA દ્વારા '૬૮માં તે પ્રકાશિત થયું છે. સર્વેયર, મૅરીનર અને જેમિની જેવાં અવકાશયાનોમાંથી લેવાએલી, પૃથ્વી અને ચંદ્રની વિવિધ તસ્વીરો (કલર તેમજ બ્લૅક ઍન્ડ વ્હાઇટ), અને દરેક તસ્વીરને સમજાવતી તે તે વિષયના વિદ્વાનની નોંધનો આ પુસ્તકમાં સમાવેશ થાય છે. છેલ્લાં થોડાં પૃષ્ઠોમાં Tiros, Essa, Ats, Ranger, Mariner, Surveyor જેવાં અવકાશયાનોની તસ્વીરો આપવામાં આવી છે. બે ખંડોમાં વહેંચાએલ આ પુસ્તક ભૂગોળ ઉપરાંત Meteorologyના વિદ્યાર્થી તેમજ કોઈ પણ વ્યક્તિને અત્યંત માહિતી રૂપ બને તેવું અને ઘરમાં વસાવવા જેવું છે. તેનાં ૨૧૪માંનાં ૨૦૯ પૃષ્ઠો પર એક અથવા વધારે તસ્વીરો છે.

આ પુસ્તક ભારતમાં વિવિધ U.S.I.S.-નાં પુસ્તકાલયોમાં પ્રાપ્ત હશે. સવા ચાર ડૉલરની કિંમતનું આ પુસ્તક નીચેના સરનામેથી પણ મેળવી શકાશે: The Superintendent of Documents U.S. Government Printing Office, Washington D. C. 20402 U.S.A.

(મૅડિસન [વિસ.] અમેરિકા) બિપિન અ. શાહ


ખંડ-૧ 'કુમાર'માં ઈ. ૧૯૬૨થી આવતી સળંગ લેખમાળા ગ્રંથ-સ્વરૂપે

આત્મકથાનક

જેને ગુજરાત રાજ્ય તરફ-થી ઈ. ૧૯૬૮ના જીવન-કથા-આત્મકથા સાહિત્ય-ના શ્રેષ્ઠ ગ્રંથ તરીકેનું રૂા. ૧૦૦૦)નું પ્રથમ પારિતોષિક મળ્યું છે.

મોટા ને લાંબા કદનાં ૩૦૦ પાનાં, પુષ્કળ સ્વઅંકિત રેખાચિત્રો તથા વિરલ ફોટોગ્રાફો સાથે પાકા પૂઠામાં રૂા. ૧૨-૫૦ (પોસ્ટેજ માફ)

કુમાર કાર્યાલય લિમિ૰
૧૪૫૪ રાયપુર • અમદાવાદ-૧



કુમાર

સપ્ટેમ્બર ૧૯૬૯ • અંક ૫૪૯

તંત્રી: બચુભાઈ રાવત ~ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો


વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.


કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૬-૨૦, પરદેશ : રૂ. ૨૮; શિ૰ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ. ૧-૫૦.


મગજ

કાયાની કરામત–૨૫



◀ મગજના ડાબા જમણા બે ભાગ છે. ડાબું મગજ શરીરના જમણા ભાગ પર અને જમણું ડાબા ભાગ પર કાબૂ ધરાવે છે. પુખ્ત વયે માનવ મગજનું વજન શરીરના ૧/૩૦થી ૧/૫૦ ભાગનું એટલે કે પુરુષમાં ૪૮થી ૫૦ ઔંસ અને સ્ત્રીઓમાં એથી પાંચેક ઔંસ ઓછું હોય છે. નવજાત બાળકમાં એ ૧૦ થી ૧૪ ઔંસનું હોઈ ૧૪મે વર્ષે લગભગ પૂરું વિકસી રહે છે. ચાળીસની વય બાદ ધીરેધીરે તેનું વજન ઘટતું જાય છે.






▲ મગજની ઉપલી સપાટી –કૉર્ટેકસ-ગ્રે મૅટર–ભૂખરા રંગનું અને એની અંદરનો ભાગ (વ્હાઈટ મૅટર) સફેદ હોય છે. (જ્ઞાનરજ્જુ કરતાં ઊલટું.) બધી સંવેદનાઓ, માનસિક પ્રક્રિયાઓ અને કામગીરીના પાવિત્ર સ્થાન ગડી વળીને પડેલા કૉર્ટેકસમાં છે. આ કૉર્ટેકસમાં દસ અબજ ન્યૂરોન–જ્ઞાનતંતુ હોય છે. માણસની બુદ્ધિપ્રતિભાનો આધાર તેના મગજના કદ પર નહિ, પણ આ કૉર્ટેકસની રચના પર છે. પુખ્ત વયે એની ગડીઓની સંખ્યા ને ઊંડાણ જેમ વધારે તેટલી બુદ્ધિશક્તિ વધુ.

◀ (ડાબી બાજુ) ઉપર પૂર્ણવિકસિત મગજ અને તેની નીચે મૂર્ખ માણસનું મગજ દર્શાવ્યું છે. એમાં ઘેટાના મગજ જેવો કરચલીઓનો અભાવ એની અવિકસિત દશા સૂચવે છે.

▼ પેટે ચાલતા પ્રાણીથી માંડી માણસ સુધીના જીવોના મગજનો વિકાસ દર્શાવતી મગર, પોપટ, ઘેટા, ને માણસના મગજની તુલનાત્મક આકૃતિઓ. એમાં ઘેરી દર્શાવેલી લંબમજ્જાનો પેટે ચાલતાં પ્રાણીઓમાં વધુ વિકાસ દર્શાવે છે. એમનામાં એ અતિચ્છાવર્તી કાર્યોનું કેન્દ્ર છે. શરીરના સમતોલનને જાળવતા નાના મગજનો વિકાસ પક્ષીઓમાં સારો થયો હોય છે. માણસમાં એ નાનું મગજ (આકૃતિમાં સફેદ) કૉર્ટેકસના વિસ્તારમાં ઢંકાઈ જાય છે. સ્તનપાયી પ્રાણીઓ અને ખાસ તો માનવ પ્રાણીમાં કૉર્ટેકસનો ઘણો વિકાસ થએલો છે.



[1]પરી / ઉશનસ્

સૉનેટયુગ્મ — વસંતતિલકા-મૃદંગ

૧

ક્યારે ય હા, નહિ જ; આજ જ મેં—અરેરે,
કેવો હશે દિન ઊગેલ—વઢી જ નાખી
એને અધીર થઈ; એ નિતની બીમારને,
એ સ્કૂલમાં ભણતી ઉમ્મર-નાનકીને,
નાખી રડાવી ડૂસકે ડૂસકે; વીણીવીણી
વસ્તુ ઝીણીઝીણી બધેથી જ અસ્તવ્યસ્ત
ભેગી કરી: રિબન, પેન, સલેટ, પોથી
તૈયાર દફતર કરી ભરવી ય આપી
ખંભે; લૂછી નયન ગાલ વિદાય કીધી.
ને હું પછી બબડતી ઘરમાં પ્રવેશું છું,
ફંફોસું છું હર ખૂણે ઘર, અવ્યવસ્થિત
એની કશીક પડી હોય જ ચીજ છુટ્ટી.

વેરાયલાં રમકડે વિખરેલ એહને,
હું એકઠી કરું છું વેરવિખેર એહને!

૨

આનું થશે શું? અશું ચિંતવતી સચિંત
ફાટયું ફરાક લઈ બેસું છું સાંધવાને.
બન્ને ખીસાં સભરઃ નાખું છું હાથ જોવા,
તો એહનો અખિલ ને પચરંગી પૂરો
સંસાર હસ્તગત! પાંચથી યે વધારે
ફૂકા! લખોટી, ચિચુકા, તૂટી બંગડીના
રંગીન કાચ, કંઈ કાગળના ડૂચા યે;
આનું થશે શું? જગ આખું જ બે ખિસામાં,
ને જે ખિસું પડયું છ વેરવિખેર વિશ્વમાં!

હું એમ ચિંતવતી કાગળની ગડીઓ
ઉકેલું છું, લિખિત અક્ષરને ઉકેલું છું
વાંકીચૂંકી-લખી લીટી મહીં કોઈ વારતા!
દોરેલ ચિત્ર પરીનું! ઉકલ્યે જતી ગડી—
મારે ઘરે ઊછરતી પરી કો ભૂલી પડી!

ઓરતા / ભાનુપ્રસાદ પંડ્યા[2]

·ગાન·

આણીપા બેલે છોટપણું ને
  ઓલીપા ઓરી જોવનાઇયું ભરે ફાળ!
બાઈ, મારા આગોતરા ઊગ્યા
  અલપઝલપ ઓરતા અંતરિયાળ!

સાંજની શેરી આળખી રમું
  પગલિયુંનો એવો ન એવો નેહ,
સીમમાં ગમે ઘાટડી કોરી
  ભીંજવી દેતો સનકારાનો મેહ!
ઝાલવાં રે પતંગિયાં મેલ્યાં
  હાંઉ, ભરું હવે સોડસ્યું ભેળી ફાળ!

બાઈ, મેળાને મારગે ગાતી
  જાય દુહા સોહામણી અધીરાઈ,
થાય કે ઓલી વારતાના
  કુંવરની આબેહૂબ આ અમીરાઈ!
ચાગલાઇયુંની સોડ્યમાં આવી
  બાઈ! સોણાતાં વેલડાં ઘૂઘરિયાળ!

[3]સપનાની મ્હેક / ભીખુભાઇ કપોડિયા

·ગાન·

  હું તો સપનાની મ્હેક પીતી.
નીંદર નહિ, કામળી ઠેલું દૂર
  તો મૂગી રાત મને જાય જીતી: હું૦

શ્વાસને તાણી રાખું
  હૂંફાળ સોડમાં હું અકબંધ,
નેણમાં ભીની વાત ને
  આડશ પાંપણકેરા બંધ;
હોઠ તો બીડ્યા એમ કે છાને
અમથી નહિ કો'ક ઝરી જાય ગીતિ: હું૦

રાતરાણીની ગંધ કે
  બાહુબંધમાં લીધું વ્યોમ,
ઘરમાં પાડી પગલીને
  લઘુ, સૂંઘતો કશુંક સોમ;
કેવડિયાની ટશરોમહીં સરતા
સરપ જેમ પળો જાય વીતી: હું૦

[4]પથ્થર-પંખી / કટાવ

ધીરુ પરીખ

આજ હવે આ પંખીને
થાતું કે ઊડવું છાંડું;
આજ હવે આ પથ્થરને
થાતું કે ઊડવા માંડું!

કલરવતું એ રોજ,
પ્રસારી પાંખો
ઊડીઊડીને થાકયું,
(આખર
કરતું શાની ખોજ?)
પંખી અવ તો
બીડી પાંખો
આવી બેઠું
પથ્થરના પંખીની પીઠે.

મૂગુંમંતર
સંકેલીને પાંખ પડયું છે
અહીં સદંતર
પથ્થર થઇને પંખી.
ખોલી પાંખો હાલ્યું;
કંઠ મહીં મૂંઝાતું ગાણું
મન મૂકીને મ્હાલ્યું;
નાની બે પાંખોથી આખું
અનંત એણે ફંફોળ્યું;
વર્ષોથી થીજેલું ચેતન
ક્ષણાર્ધમાં તો
આજ ફરીથી કૅાળ્યું...

પીઠ ઉપરના પંખીએ ત્યાં
ફરી પ્રસારી પાંખો,
ગગન,વ્યોમથી,ઝંખી રે'તી
વર્ષોથી વણુબીડેલી બે
પથ્થરના પંખીની આંખો.

[5]શૉકયપગલું / મિશ્ર

ઝાહિદ શિનોરવાળા

ગઈ મૂકી પેલી અરણ...
...પગલું ઉંબર મહીં
તને દેવાને એ
રહ્યું પાસે!
(બીજું કશું ય નહિ ને!)
તને દેવા
ઘરેણું આ!
...મારે કરમ લખિયું
શૉકયપગલું!

૧) માતૃત્વને ઉપસાવતી કૃતિ: કદીય નહિ, ને આજે ચીડથી માંદલી પુત્રીને વઢીને, તેની વેરવિખેર વસ્તુઓ એકઠી કરી આપી, પરાણે નિશાળે વિદાય કરી અને પછી...ઘરમાં રમકડે વિખરાએલી એની યાદને એકઠી કરતી તે એને વિષે સચિંત બને છે. એ વિચારમાં ને વિચારમાં ફાટેલા ફરાકના ગજવામાંથી નીકળતા પચરંગી સંસાર સાથેના કાગળની ગડીઓ ઉકેલે છે તો એમાં તો છે વાર્તા—ને પરીનું ચિત્ર...ને માતાને લાગે છે કે પોતાને ઘેરે ય ભૂલી પડી છે એક પરી! ૨) પૂરું થતું બાળપણ અને ફાળભેર આવતી યુવાનીના સંધિકાળમાં જાગતા મીઠા ઓરતાનું, એ ભાવ જેવી જ ઊછળતી તળપદી બાનીમાં આલેખન. ૩) સ્વપ્નની મ્હેક પીવા મળી છે, એને વ્યર્થ જવા કેમ દેવાય? શ્વાસને હૂંફાળ સોડયમાં, ને નેણની ભીની વાતને પાંપણના બંધમાં, ને ગીતને બીડેલા હોઠમાં બીડી રાખ્યાં છે...ને છેલ્લો સનકારો આવી જાય છે: પળો કેવડાની ટશરોમાં સરતા સરપ જેમ વહી જાય છે. ૪) ચેતના ઊડીઊડીને થાકે છે, તો જડતાને ગગનની ઝંખના જાગે છે. ઊડતું પંખી થાકીને શિલ્પના પંખી પર આવી બેસે છે. એની ચેતનાના સ્પર્શે ક્ષણાર્ધમાં તો પથ્થરનું પંખી કૅાળી ઊઠે છે, પણ ત્યાં તો... ૫) પ્રથમ પત્ની મૂકી ગઈ છે તે કડુ યાદ શૉકયપગલા દ્વારા બીજી પત્નીને આપતાં પતિની વ્યથા.

અતૃપ્તિ

ફાધર વાલેસ

માનવીનું હૃદય નાનકડું છે. પણ કેમે કરીને ભરાય જ નહિ. એમાં ધન નાખો તો ય ભરાય નહિ. એને જ્ઞાન આપો તો ય ભરાય નહિ. હમેશાં વધારે જોઇએ, બીજું જોઈએ.

નાનકડું છે પણ તાગ વિનાનું છે. મૂઠીમાં સમાય છે પણ આખી દુનિયા એનામાં સમાઈ જાય તો યે જગ્યા વધે. અરે, જેમ વધારે ભરો તેમ વધારે જગ્યા રહે, જેમ વધારે આપો તેમ વધારે માગે. હમેશાં અસંતોષ રહે છે, અસંતોષ વધે જ છે.

એક ફિલસૂફે માનવીની વ્યાખ્યા બાંધી છે: 'માનવી એટલે અતૃપ્ત પ્રાણી'. સાર્થક છે. બીજાં બધાં પ્રાણીઓ આનંદથી જીવે છે, ફરે છે, કરતાં આવ્યાં છે એ જ કરતાં રહે છે, કોઈ ખલેલ ન કરે ત્યાં સુધી પોતાને રસ્તે જાય છે, સંતુષ્ટ જીવન જીવે છે. માનવી એવો નથી. એ તરવરતો જીવ છે. તલસે છે, તરફડે છે, ધમપછાડા મારે છે. એની નજર ક્ષિતિજ પર છે, એનો હાથ આગળ લંબાએલો છે; આગળ, વધારે, ઉપર. માનવીને પોતાનું હૃદય જંપવા દેતું નથી. વધારે માગે છે. અસંતુષ્ટ હૃદય. અતૃપ્ત પ્રાણી.

છોકરો નાનો હોય ત્યારથી એની એ સુખયાત્રા શરૂ થાય છે, ને ત્યારથી એ ઠોકર ખાતો રહે છે. એની નાનકડી દુનિયામાં વડીલોને ખબર ન હોય એવી મુશ્કેલીઓ ને વિટંબણાઓ વહેલાં વહેલાં આવે છે. ઘેર વઢે ને મારે, સ્કૂલમાં વેઠ કરાવે ને શિક્ષા કરે, દોસ્તોની સાથે ઝગડા થાય ને અદેખાઇ નડે. ને એ છોકરાને લાગે કે ક્યારે હું મોટો થાઉં અને આમાંથી નીકળી જાઉં! પછી એ મોટો થાય છે, કૉલેજમાં આવે છે. એને હવે કોઈ મારતું નથી, લડતું નથી. પણ હજુ દર વખતે રજા લઈને જ બધું કરવાનું હોય છે. ઘેરથી પૈસા મંગાવવા પડે છે, વડીલોના કહેવામાં રહેવું પડે છે. અને વળી પરીક્ષાઓ હોય ત્યાં સુધી જીવ હેઠો બેસવાની કોઈ શક્યતા છે ખરી? માટે ત્યારે પણ એ સ્વપ્નો સેવે છે કે ક્યારે મોટો થાઉં ને આમાંથી નીકળું, ને પરણી જાઉં ને નોકરીએ ચડું, ને ખરેખર સ્વતંત્ર થાઉં! પણ એ આખરે છેલ્લી પરીક્ષા પાસ કરે ને નોકરી મેળવે ને પરણી પણ જાય ત્યારે એને ખબર પડે છે કે એ કલ્પેલી સ્વતંત્રતા અને ધન્યતા તો જીવનમાં આવ્યાં જ નથી. સંસારમાં ધાર્યું હતું એટલું સુખ મળ્યું નહિ; નોકરીમાં ધાર્યા હતા એટલા પૈસા મળ્યા નહિ; ધંધામાં ધારી હતી એટલી સફળતા મળી નહિ. અને જો કંઈ મળે છે તો તરત વધારે જોઈએ છે. નાનપણનાં સ્વપ્ન યુવાનીમાં ખોટાં પડે છે. યુવાનીની કલ્પનાઓ જીવનમાં જૂઠી ઠરે છે. અને સુખનું શિખર તો શરૂઆતમાં લાગતું એથી ય દૂર ને દૂર હવે લાગે છે.

પર્વતખેડુને આરોહણમાં ઊપડતી વખતે એમ લાગે છે કે નજર સામે આ શિખર છે તે ઉપર ચડીએ એટલી જ વાર. પણ એની ઉપર ચડતાં ખબર પડે છે કે એની પાછળ બીજું ને એથી ય ઊંચું શિખર ઊભું છે. તો એ ઉપર ચડીએ. ચડે છે. પણ એની પાછળ ત્રીજું ઊભું છે. ભલે; એને પણ સર કરીશું. પણ દર વખતે હાંફતાં હાંફતાં ટોચ ઉપર પહોંચતી વખતે વિજયનો ઉલ્લાસ મળવાને બદલે ફરીથી શરૂ કરવાની લાચારી મળે છે.

જીવનપથિકની એ કહાણી છે. ટેકરી ઉપર ટેકરી. શિખર ઉપર શિખર. લાગે છે કે હાથવેંતમાં છે, પણ ઉપર જતાં જ ભ્રમ ભાંગે.

આશા ઉજ્જવળ પણ હકીકત ઝાંખી.
સ્વપ્ન મીઠું પણ વાસ્તવિક્તા લૂખી.
ભવિષ્ય રોમાંચક પણ વર્તમાન નીરસ.

હમેશાં નજર સામે કંઈક ઊંચું, કંઈક મોટું રહે છે, ને દિલમાં એનો રંજ રહે છે, મનોરથ વણપુરાએલા રહે છે.

અસંતુષ્ટ હૃદય. અતૃપ્ત પ્રાણી.
ખરેખર, એ માનવીની ઉત્તમ વ્યાખ્યા છે.
એ અસંતોષનું કારણ શું?

જેણે એ વ્યાખ્યા બાંધી હતી એ જ ફિલસૂફ ઊંડે ઊતરીને એનું કારણ પણ શોધે છે: 'માનવીનું હૃદય તો ઈશ્વરે જ ઘડેલું છે, ને પોતાની છાપ એણે એના ઉપર પાડી છે. માટે જ ઇશ્વર સિવાય બીજું કંઇ એ હૃદયને ભરી શકતું નથી, સંતોષી શકતું નથી.' જે કુંભમાં એક વાર અમૃત ભર્યું હોય એમાં પાણી ગમે તેટલું ભરીએ તો ય છલકાશે નહિ, એ માન્યતા છે; અને માનવીના હૃદય માટે એ હકીકત છે.

અનંતનો સ્પર્શ થયો છે. અસીમની માયા લાગી છે. પછી બંધનોમાં કેમ જિવાય?

પણ એમાં જ આશ્વાસન છે. કારણ કે એનો અર્થ એ થયો કે એ અસંતોષ દિવ્ય છે, મંગળ છે. એ અસંતોષ ભગવાનની મુદ્રા છે, પ્રેમસંદેશ છે, સંભારણું છે. માનવી કોઈ દિવસ ન ભૂલે કે એનો ભગવાન એની રાહ જુએ છે. એ માટે એણે એના હૃદયમાં એ ખાલી જગ્યા રાખી છે. માનવી કોઈ દિવસ ન ભૂલે કે એનું ખરું ધામ બીજે છે. એ માટે એણે એને આ દુનિયામાં સંતોષ પડવા દીધો નથી. હૃદયની સાક્ષી છે: એનો અસંતોષ ભગવાનને દાખલ છે, એની ઝંખના આસ્તિકતાનું પ્રમાણપત્ર છે, એની સતત નિષ્ફળ પણ સતત ચાલુ સુખયાત્રા શ્રદ્ધાનું પ્રદર્શન છે. એની અતૃપ્તતા અનંતતાની ખોળાધરી છે.

કન્યાને ઋષિનું વરદાન મળ્યું હતું ને વરદાનની સાથે એક વીંટી મળી હતી કે જેની આંગળીમાં એ બંધબેસતી આવે એ યુવાનની સાથે એનાં લગ્ન થશે અને એ સુખી થશે. ને કન્યા ઋષિની વીંટી (ને હૈયાની પ્રીતિ) લઇને નીકળી ને સ્વયંવરની અદાથી સંભવિત મુરતિયાઓની પરીક્ષા કરવા લાગી. પણ કોઈ પાર ન ઊતરે. કોઇની આંગળી પર વીંટી ન બેસે. સરકી પડે, નીકળી જાય, નીચે પડી જાય. કન્યા નિરાશ થાય. વિચારવા માંડે છે કે આ અવળું વરદાન આપીને ઋષિ મને કુમારી રાખવા માગતા હતા. ને ગુસ્સે થાય છે. વીંટી ફેંકી દે છે. ત્યાં અણીને વખતે પાછળથી રાજકુમાર આવી જાય છે (રાજકુમાર વિના વાર્તા કેમ જામે!) ને વીંટી ઉપાડી લે છે ને પહેરી જુએ છે એ બરાબર બેસે છે ને બંને ખુશ થાય છે ને પરણી જાય છે રાજમહેલમાં ઉત્સવ થાય છે... ને કથાકાર (ને શ્રોતાઓ) કૃતકૃત્ય થાય છે.

પરીકથા છે. પરીકથા?

માનવીને પણ વરદાન મળેલું. સુખનું વચન મળેલું. સોનાની વીંટી મળેલી. ને એ લઇને તે એક એક વસ્તુ ને એક એક વ્યક્તિને પહેરાવીને પરીક્ષા કરતો જાય છે કે પેલું પરમ સુખ આપનાર એ હશે કે કેમ? પણ કોઈ નથી. ને એ નિરાશ થાય છે. ને ગુસ્સે થાય છે. ને વિચારે છે કે આ મને પરાણે બાવો બનાવવાનું કાવતરું નથી તો બીજું શું છે? ને તે વીંટી ફેંકી દે છે. ને...કથાનો સુખદ અંત લાવ્યા વગર કથાકાર કોઈ દિવસ રહેશે ખરો?

કન્યાને વીંટી મળી હતી તે એટલા માટે કે તે ઉતાવળમાં કોઈ ઊતરતા વરની સાથે લગ્ન ન કરી બેસે. વીંટીએ ધીરજ અપાવી, આશા રખાવી. ને માનવીને એ વીંટી મળી છે, એ નાનકડું પણ વિશાળ હૃદય મળ્યું છે, એ અનંતની તૃષ્ણા મળી છે, તે એટલા માટે કે તે ઉતાવળમાં ખોટા વરની સાથે લગ્ન ન કરે, ખોટા સુખને વળગી ન પડે, ખોટી લાલચમાં ન ફસાય. માનવીનું હૃદય દિવ્ય વરદાન છે, ભગવાનની યાદ અપાવનાર વરદાન છે, અનંતની ખાતરી કરાવનાર વરદાન છે.

થોડી ધીરજ, થોડી શોધ, અને એ હૃદયસ્વામી એમાં પધારશે.

પ્રતિકૂળ પરિસ્થિતિમાં, અદમ્ય ઉત્સાહ, અડગ આત્મશ્રદ્ધા ને પ્રબળ પુરુષાર્થથી સંત, લેખક ને વૈદ્ય તરીકે જીવનકીર્તિ રળનાર, અડગ કર્મયોગી, ઊંડા આત્મજ્ઞાની ને સંસારથી અલિપ્ત રહીને સંસારમાં જ સ્વર્ગની માધુરી રેલાવનાર

અમૃતલાલ સુંદરજી પઢિયાર

લેખક: પ્રો. ડૉ. ધીરુભાઈ પરીખ

'સૌરાષ્ટ્રીઓ! સહુ સુણજો,
સોરઠ સાધુસૂનો થતો જાય છે.
ને એ સાધુ યે ગયો
સાન્ત તજી અનન્તમાં,
લીલા તજી અક્ષરમાં.'

કવિ નાનાલાલની આ અંજલિના નાયક અમૃતલાલ સુંદરજી પઢિયારને 'લીલા તજી અક્ષરમાં' ગયે આજે પૂરી અર્ધી સદી થઈ. આ પેઢીને તો એ નામ અપરિચિત લાગવા સંભવ છે; પણ પાંચ-સાત દાયકા પહેલાં આ સોરઠી સાધુના નામની ગુજરાતી સમાજમાં બોલબાલા હતી. એમની જન્મ-શતાબ્દીનું આ વર્ષ છે.

સોરઠના પ્રકૃતિધામ ચોરવાડમાં, ગિરનારા બ્રાહ્મણ જ્ઞાતિના ધર્મરંગી સુંદરજી પઢિયારને ત્યાં, સં. ૧૯૨૬ના ચૈત્ર સુદ બીજના દિવસે એમનો જન્મ. માતા કસ્તૂરબાઈ પણ એવાં જ ધર્મપરાયણ સન્નારી. આમ, ધર્મના સંસ્કારો ગળથૂથીમાં જ મળેલા. પરંતુ માતાનું સુખ પ્રારબ્ધમાં લખાએલું નહિ, એટલે આઠ વર્ષની વયે એ માતૃછાયા ગુમાવી બેઠા. આથી પિતા અને ફોઈને હેતે ઊછરતો એ બાળક તોફાની અને રમતિયાળ બની ગયો. ચોરવાડ, માળિયા ને ભંડુરીની નિશાળોમાં માંડ ગુજરાતી છ ચોપડી પૂરી કરી અભ્યાસ છોડી દીધો.

એમની મુક્તવિહારી પ્રકૃતિને શાળાનાં બંધનો આમ તૂટ્યાં એ ગમ્યું. હવે જ એમનું સાચું વ્યક્તિત્વ કોળવા લાગ્યું. તોફાનમાંથી એ ધીમેધીમે પ્રકૃતિ-નિરીક્ષણ તરફ વળ્યા. વાચનમાંથી ઉમદા લખાણો ઉતારી લેવાની વૃત્તિ તો નાનપણથી જ. વિષયવાર નોટો બનાવી લખાણો સંઘરવાની એ ટેવમાંથી જ્ઞાનોપાસનાની ઝંખના જાગી ઊઠી. પરિણામે વાચન, મનન, લેખન તરફની અભિરુચિ તીવ્ર બનતી ગઈ.

ધર્મ અને નીતિના અભ્યાસ પ્રત્યે હવે એમનું મન ઝૂક્યું. એ અભ્યાસની ફલશ્રુતિ રૂપે એમને સંસારની અસારતા ખૂબ વહેલી સમજાઈ ગઈ, અને એમણે લગ્ન નહિ કરવાની મન સાથે ગાંઠ વાળી. પણ એ કામ જરા કપરું હતું; કારણ કે સં. ૧૯૪૪માં જ એમનું વેવીશાળ ચોરવાડથી દસ અગિયાર ગાઉ દૂર આવેલા શીલ ગામમાં થઈ ચૂક્યું હતું. આ બંધનમાંથી મુક્તિ મેળવવા એઓ મંથનમાં મુકાયા. સં ૧૯૫૪માં તો લગ્ન પણ લેવાયાં. અમૃતલાલ એ સમયે મુંબાઈમાં હતા. ઘણા મંથનને અંતે લગ્ન નહિ જ કરવાનો પોતાનો દૃઢ નિર્ણય પિતાને જણાવી દીધો. પિતાને માટે આ વજ્રઘાત નીવડયો. એ બીમાર પડયા અને અંતે મૃત્યુ પામ્યા. અમૃતલાલને આથી દુઃખ તો થયું, પણ નિખાલસ આંતરવૃત્તિએ એ દુઃખને સહ્ય બનાવ્યું. અને પછી તો આ બ્રહ્મચારી જીવે બ્રહ્મોપાસનામાં જ સમય વ્યતીત કરવા માંડયો. પરંતુ એ માત્ર નિષ્ક્રિય ઉપાસક ન રહ્યા; એ અડગ કર્મયોગી બન્યા.

જિંદગીનો આરંભ એમણે ચોરવાડથી કર્યો. સં. ૧૯૪૨માં આજીવિકા અર્થે ત્યાંની સરકારી કચેરીમાં અરજીઓ લખવા તેમજ ઉતારા કરી આપવા રહ્યા. પણ થોડા સમયમાં જ પોતાની સ્વતંત્ર પ્રકૃતિને એ અનુરૂપ ન લાગતાં એ મજબૂરીમાંથી આખરે એમણે મુક્તિ મેળવી.

હવે એમની દૃષ્ટિ મુંબાઈ તરફ મંડાઈ અને છેવટે પિતાને સમજાવીને એઓ પહેલવહેલા સં. ૧૯૪૪માં મુંબાઈ પહોંચ્યા. ત્યાં મૂળજી જેઠા કાપડબજારમાં સવારના સાતથી રાતના દસ વાગ્યા સુધીની હાડમારીભરી વાણોતરી સ્વીકારી. એ હાડમારીને પરિણામે છ-સાત





માસમાં જ એઓ માંદા પડયા અને ચોરવાડ પાછા ફર્યા. આ માંદગીએ એમને એક મોટો લાભ કરી આપ્યો: એમણે પોતે જ પોતાના વૈદ્ય થવાનું વિચાર્યું. વૈદકનાં પુસ્તકોનો અભ્યાસ એમણે આરંભ્યો. આમ અમૃતલાલ પઢિયાર પાછળથી વૈદ્ય તરીકે જે પંકાયા એનો પ્રારંભ.

માંદગીમાંથી ઊઠયા પછી ચોરવાડના એક બગીચામાં માસિક રૂપિયા સવા છના પગારે રખેવાળી કરવાનું મેળવ્યું. પણ આ જીવને એ તે કેટલું ચાલે? આખરે વડોદરા રાજ્યના શિક્ષણ નિયામક સ્વ. હરગોવિંદદાસ કાંટાવાળાને નોકરી માટે અરજી કરી, પરંતુ પરિણામ કશું જ ન આવતાં એ ફરી વાર સં. ૧૯૪૬માં મુંબાઈ પહોંચ્યા.

આ સમય એમના આત્મમંથનનો હતો. સંસારના સંતાપોમાંથી મનની શાંતિ મેળવવાની ખોજમાં એ વળ્યા. એક બાજુ ભાવના ને બીજી બાજુ યથાર્થ! ઉગ્ર દ્વંદ્વ જામ્યું. છેવટે થોડાં વર્ષો પહેલાં પોતે લખેલ 'આર્ય વિધવા' પુસ્તકની હસ્તપ્રત લઈ તે ઉદારચરિત શેઠશ્રી લક્ષ્મીદાસ ખીમજીને મળ્યા. એ પુસ્તક જોઈ જઈ શેઠ ખુશ થયા ને એનું પ્રકાશન કરાવી આપવાનું વચન આપ્યું. પઢિયારજીને યોગ્ય કદરદાન મળી ગયા. પણ વાત ત્યાંથી જ ન અટકી. શેઠ લક્ષ્મીદાસે પઢિયારજીને પોતાને ત્યાં વર્તમાનપત્રો, સામયિકો વગેરે વાંચી સંભળાવવા રોકી લીધા. આમ, શેઠ સાથે એમનો ઘરોબો વધતો ચાલ્યો. મનગમતી પ્રવૃત્તિ અને આર્થિક અનુકૂળતા મળતાં એમની લેખનપ્રવૃત્તિએ વેગ પકડયો. એમનું 'અમૃતવચનો' આ અરસામાં જ છપાયું. એ વખત-



ના 'ભીમસેન' પત્રમાં એમની રસીલી વાર્તા 'કાઠિયાવાડી તોપ' છપાઈ અને એઓ અનેક વાચકોના પ્રિય લેખક થઈ ગયા. પછી તો 'મુંબાઇ સમાચાર', 'જામે જમશેદ', 'વૈષ્ણવ', 'નૂરે-ઈલમ', 'સૌરાષ્ટ્ર દર્પણ', 'વીસમી સદી', 'ભાગ્યોદય', 'સમાલોચક', 'હિંદુસ્તાન', 'ગુજરાતી', 'આર્યપ્રકાશ', 'ધન્વંતરી', સુંદરી સુબોધ', 'વૈદ્ય કલ્પતરુ' વગેરેમાં એમનાં ધાર્મિક, આધ્યાત્મિક, નીતિવિષયક, સામાજિક, વૈદકીય આદિ લખાણો છપાવા લાગ્યાં. આમ, લેખક તરીકેની એમની ઉજ્જ્વળ કારકિર્દી ઘડાતી રહી. પણ એનો પરિણત પરિપાક તો આપણને મળે છે એમની સ્વર્ગવિષયક પુસ્તકશ્રેણીમાં.



સામે: મધ્ય વયે
ઉપર: ઉત્તરાવસ્થામાં

એ શ્રેણીનો વિચાર તો એમને સં. ૧૯૫૫-૫૬ દરમિયાનના આત્મમંથનના ગાળામાં આવેલો; પણ એ ફળીભૂત થયો સં. ૧૯૫૭માં ભરૂચ પાસે ગંગનાથ તીર્થમાં. ત્યાં એમણે 'સંસારમાં સ્વર્ગ'ની રચના કરી. ત્યાર પછી ઉત્તરોત્તર એ શ્રેણીનાં ચૌદેક પુસ્તકો એમણે આપ્યાં. અઢાર પુરાણની જેમ 'સ્વર્ગ'નાં અઢાર પુસ્તકો પ્રગટ કરવાની એમની નેમ હતી, પણ મૃત્યુએ એ પૂરેપૂરી ફળવા દીધી નહિ.

સ્વર્ગ વિષેની પોતાની વિભાવના એઓ 'સ્વર્ગનાં રત્નો'માં આ પ્રમાણે વ્યક્ત કરે છે: 'સ્વર્ગ એટલે મહાત્માઓ કબૂલ રાખે તેવું ઊંચામાં ઊંચી જાતનું સુખ; સ્વર્ગ એટલે અંતરાત્માને તૃપ્તિ થાય તેવી સ્થિતિમાં રહેવું તે; અને સ્વર્ગ એટલે પ્રભુમય જીવન તથા પ્રભુ પોતે. આ મારા સ્વર્ગ શબ્દનો અર્થ છે ' આ ખુલાસો એ પુરવાર કરી આપવા પૂરતો છે કે સ્વ. શ્રી પઢિયાર અંધશ્રદ્ધાળુના ઈહલોકથી પર એવા કોઈ સ્વર્ગલોક વિષેની પોતાનાં પુસ્તકોમાં વાત કરવા માગતા નહોતા. એમની ઇચ્છા તો હતી આ અસાર સંસારને જ સ્વર્ગમય બનાવવાની; અને એ સ્વપ્નનું સાકાર સ્વરૂપ તે જ આ સ્વર્ગશ્રેણીનાં એમનાં પુસ્તકો. એમાં એમણે સાદી સરળ તળપદી શૈલીમાં પોતાના ઉમદા વિચારો વહેવડાવ્યા છે. ટૂંકાં ટૂંકાં સૂત્રાત્મક વાક્યો, રોચક દૃષ્ટાંતો, નિખાલસ નિરૂપણ અને નિરાડંબરી શૈલી એમનાં લખાણોની વિશેષતા છે જોકે એમાં પુનરુક્તિ દોષ ને આડવિસ્તાર વારંવાર આવી જાય છે. આજે તો કદાચ એમનું ગદ્ય પણ ખરછટ ને અણઘડ લાગે; પરંતુ એમનો આશય જ અણઘડ માણસો પોતાના ઉચ્ચ વિચારો સમજીને ઝીલી શકે એ રીતે રજૂ કરવાનો હતો. એથી જ એમની શૈલીમાં પાંડિત્ય દંભ વેગળો રહ્યો છે. એ પોતે જ એ વિષે લખે છે: 'હું પોતે કાંઈ પંડિત હોવાનો દાવો કરતો નથી અને હું કાંઈ વિદ્વાનો માટે પુસ્તકો લખતો નથી, પણ મારા જેવા સાધારણ જ્ઞાનવાળા મારા બંધુઓ માટે તથા ખાસ કરીને ગામડાંના અભણ લોકો તથા અજ્ઞાન બાઈઓને માટે લખું છું... ગુજરાત-કાઠિયાવાડનાં અભણ ગરીબ ગામડિયા લોકો માટે, તે લોકો સમજી શકે અને સુધરી શકે એવાં પુસ્તકો બહુ જ થોડાં છે; માટે હું તો મારાં એવાં ભાઈબહેનો સારુ ગ્રંથો લખું છું. એટલે મારી ઇચ્છા એવી છે કે જેમ બને તેમ ઊંચામાં ઊંચા વિચારોને સહેલામાં સહેલી ભાષામાં લખવા.'

આ રીતે એમણે 'સ્વર્ગનું વિમાન', 'સ્વર્ગની કૂંચી', 'સ્વર્ગનો ખજાનો', 'સ્વર્ગની સડક', 'સ્વર્ગનો આનંદ', 'સ્વર્ગનું અમૃત', 'સ્વર્ગના સંદેશા', 'સ્વર્ગની સીડી', 'સંસારમાં સ્વર્ગ', 'સાચું સ્વર્ગ', 'સ્વર્ગનો પ્રકાશ', 'સ્વર્ગની જિંદગી', 'સ્વર્ગની સુંદરીઓ' અને 'સ્ત્રીઓનું સ્વર્ગ' આદિ સ્વર્ગ વિષેનાં મળી કુલ પંદર પુસ્તકો પ્રગટ કરેલાં છે. એ દ્વારા એમની નિષ્કામ સાહિત્યસેવા, સાચી દેશદાઝ, અમૂલ જનસેવા, અદમ્ય આત્મસેવા, સ્ત્રીઓ વિષેની ઉન્નત ભાવના વગેરે જાણી શકીએ છીએ.

એ જમાનામાં આ સ્વર્ગશ્રેણીનાં પુસ્તકોએ ગુજરાતીઓમાં ખૂબ આકર્ષણ જમાવેલું. એ વાંચ્યાનો દરેક જણ આત્મગૌરવ સહ આનંદ અનુભવતું અને આથી જ એમને 'સ્વર્ગના ઇજારદાર' કહ્યા છે ને! એના સત્ત્વની દૃષ્ટિએ હજુ પણ એનું કંઈ ઓછું મહત્ત્વ નથી. આ ઉપરાંત એમણે બીજાં લગભગ એટલી જ સંખ્યામાં પુસ્તકો લખ્યાં છે એમાંથી 'આર્ય વિધવા', 'અમૃતવચનો', 'પ્રેમ પ્રેમ ને પ્રેમ', 'બાળકોની વાતો-૧', 'નવા યુગની વાતો ભાગ ૧-૨', 'અંત્યજ સ્તોત્ર', 'બંસીમાં પ્રભુએ શું ગાયું', 'મહાપુરુષોનાં વચનો' આદિ મુખ્ય ગણાય.

પણ એમના સાચા વ્યક્તિત્વની પિછાન તો થાય છે એમની ભક્તિભાવભરી જીવનરીતિમાં. આત્મા-પરમાત્મા સંબંધ, ઈશ્વરજ્ઞાન, જીવ-જગત વગેરે પર એમનું મંથન છેક યુવાનીમાં પ્રવેશતાં જ શરૂ થઈ ચૂક્યું હતું. આ મંથનકાળ દરમિયાન એ વારંવાર એકાંત સ્થળોએ ફરવા નીકળી પડતા અને ચિંતન પર ચડી જતા. એમાંથી એમને સંસારની અસારતા અને ઈશ્વરની સર્વોપરિતા સમજાઈ. એમના વ્યગ્ર ને હતાશ મનને ભગવદ્ગીતાએ શાતા અર્પી. એ જ એમના જીવનસંચાલનનું ધ્રુવ પરિબળ બની ગઈ. આ ઉપરાંત 'શિવ શિવ'નો જાપ પણ એમને માટે પ્રેરણાના અતલ સ્રોત જેવો બની ગયો.

આ જ અરસામાં મુંબાઈમાં કાલબાદેવી રોડ પર આવેલા નરનારાયણના મંદિરમાં ત્યાંના મહંત શ્રી જાદવજી મહારાજ સાથે એમની મુલાકાત થઈ. વીતરાગી મહારાજનાં વચનામૃતોથી આ મંથનમગ્ન અતૃપ્ત આત્માને તૃપ્તિનો અનુભવ થયો. એમની ધાર્મિક વૃત્તિ દૃઢ થઈ અને ઈશ્વરશ્રદ્ધા અડગ બની. એ અડગ શ્રદ્ધાએ જ એમની પાસે આ વચનો કઢાવ્યાં છે: 'શુદ્ધ અંતઃકરણથી અને દૃઢ નિશ્ચયથી જો ઈશ્વર પાસે કંઈ માગવામાં આવે તો તે જરૂર વહેલો-મોડો પણ આપે છે. મેં ઘણી વખત ઘણી બાબતો ઈશ્વર પાસે માગી છે અને મને તે મળી છે. આપણા મનનો સાચો ભાવ જોઈએ અને પાકો નિશ્ચય જોઈએ.' આમ, મનના 'સાચા ભાવ અને પાકા નિશ્ચય'-થી એઓ હરદમ માળા ફેરવતા. આ રીતે ધીરે ધીરે એઓ નિષ્કામ ભક્તિના 'ૐ ૐ' જાપ તરફ વળ્યા. ભક્તિનું ઘેલું લાગ્યું હોવા છતાં ય એ વેદાન્તની ચર્ચા કરતા, પરંતુ એમનું ભક્ત હૃદય તો ક્યારે ય વેદાન્તી બની શક્યું નહોતું. એમની ભક્તિ અંધશ્રદ્ધાજન્ય સાંપ્રદાયિકના નહોતી. સર્વ ધર્મ પ્રત્યે એમને સમભાવ હતો. ઈશ્વર એક જ છે એમ બધા જ ધર્મો સ્વીકારે છે એમ કહેવામાં એમની ધર્મ અને ઈશ્વર વિષેની સાચી સમજ પ્રતીત થાય છે. આથી જ એમણે પ્રાણીમાત્ર પ્રત્યે આત્મભાવ અને તદ્જન્ય દયાભાવ કેળવ્યો હતો.

પરિણામે સંસારમાં વિરક્ત રહી એઓએ સંસારીઓના સંતાપોને દૂર કરવાનો નિષ્કામ કર્મયોગ આદર્યો હતો.

ધર્મની સાચી સમજે એમને વિકાસશીલ બનાવ્યા. એ જ સાત્ત્વના-એ એમને સ્ત્રીઓની, બાળકોની, અંત્યજોની, પીડિતોની સાચી પરિસ્થિતિ સમજતા કરી એને સુધારવા તરફ અભિમુખ કર્યા. સ્ત્રીઓની મહત્તા અને એમના પ્રત્યેની હમદર્દી એમણે 'સ્વર્ગની સુંદરીઓ' અને 'સ્ત્રીઓનું સ્વર્ગ' પુસ્તકમાં વ્યક્ત કરી છે. એઓ લખે છે: 'આ જગતમાં સ્ત્રીઓ ન હોત તો તે નભી શકત નહિ; કારણ કે તેમની મમતા અને સ્નેહથી પુરુષો નિરુત્સાહ થઈ જતા બચે છે.'

અંત્યજો વિષે પણ એમણે 'અંત્યજ સ્તોત્ર' લખી પોતાના સાચા ખયાલનો પરિચય કરાવ્યો છે. અંત્યજોની દુર્દશા જોઈ એમનું હૈયું દ્રવી ઊઠે છે: 'હિંદુ જાતિ જ્યાં સુધી અંત્યજોને પોતાના સમાન નહિ ગણે ત્યાં સુધી તેનો ફરીથી ઉદ્ધાર થવાનો નથી.' એ જમાનામાં આવો વિચાર નીડરપણે વ્યક્ત કરવો તે કંઈ નાનીસૂની વાત નહોતી. આમ, એ જૂના છતાં નવાના યોગ્ય પુરસ્કર્તા હતા. રૂઢિને વશ થયા ન હોવા છતાં ય નાવીન્યને નામે ઉચ્છૃંખલતામાં સરી પડ્યા નથી.

એમના બહુવિધ વ્યક્તિત્વનું બીજું પાસું છે વૈદ્ય તરીકેનું. શ્રી પઢિયારની ખ્યાતિ લેખક કે વિચારક તરીકે હતી તેટલી જ વૈદ્ય તરીકેની પણ હતી. આથી જ તો ઘણા એમને વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢિયાર તરીકે ઓળખતા. મુંબાઈમાં પ્રથમ વાર આવ્યા બાદ બીમાર પડ્યા ત્યારથી એમણે વૈદ્યકીય જ્ઞાનોપાસનાનો આરંભ કર્યો હતો. ત્યાર બાદ ચાંદોદ કરનાળી પાસે ગંગનાથ તીર્થવાળા મહાત્મા બ્રહ્માનંદજીના સાન્નિધ્યમાં આવ્યા એમની પાસેથી પણ આ અંગેના જ્ઞાનમાં એમણે ઉમેરો કર્યો. મુંબાઈમાં ઉત્તરાખંડ નિવાસી પરમહંસ પરમાનંદદાસજીના દવાખાનામાં રહીને પણ એઓ વૈદક વિષે ઘણુંઘણું શીખ્યા. આ ઉપરાંત પોતાની જાતે વાંચી-વિચારીને શીખ્યા તે તો જુદું જ. કેટલીક ઓષધિઓ અને કંદોને લગતી જાતમાહિતી મેળવવા એઓ ગિરનારમાં, પોરબંદર પાસેના બરડાના ડુંગરમાં અને સાતપૂડા પહાડોમાં ઘૂમ્યા હતા. આ રીતે વૈદ્ય બનવાની એમની પ્રગતિ અનુપમ હતી.

આ વૈદકીય જ્ઞાનનો લાભ એ પરમાર્થવૃત્તિથી સૌ કોઈને આપતા. પીડિતો ને ગરીબોની વૈદકના જ્ઞાન દ્વારા સેવા કરવાનો એમનો શુભ સંકલ્પ હતો. આ સંકલ્પને એ આખર સુધી વળગી રહ્યા હતા. વૈદકને એમણે વેપાર બનાવ્યું જ નહિ. દરેકને એઓ મફત દવા આપતા અને સારવાર કરતા. આગ્રહપૂર્વક કોઈ પૈસા આપી જતું તો બીજી દવાઓ બનાવવામાં જ એ પૈસો ખર્ચતા. અથાક શ્રમ વેઠીને પણ એઓ નવી-નવી દવાઓ બનાવતા અને દરેક ઓષધનો પહેલાં પોતાની જાત પર પ્રયોગ કરીને જ બીજાને આપતા. જ્યારે ભયંકર ઇન્ફ્લ્યુએન્ઝા ફાટી નીકળ્યો ત્યારે એમણે પોતાની જ બનાવટની ગોળીઓ દર્દીઓને વહેંચેલી ને એમ અનેકને મૃત્યુના મુખમાંથી ઉગારી લીધેલા. આમ વૈદકનું એમનું જ્ઞાન ઊંડું હતું, ને અનુભવ બહોળો હતો. આ જ્ઞાનને એઓ લેખો દ્વારા પણ વહાવતા રહ્યા હતા. પરદુ:ખભંજક વૈદ્ય તરીકે એમનું દૃષ્ટાંત કોઈ પણ તબીબને પ્રેરણા અને પ્રોત્સાહન આપે તેવું છે.

પઢિયારજીના અન્ય શોખમાં મેસમેરિઝમ, ફ્રેનૉલૉજી (મસ્તિષ્ક-વિદ્યા) અને પાકશાસ્ત્રને ગણાવી શકાય. સુતારીકામ અને કડિયાકામ પણ એ શીખેલા. પ્રકૃતિનાં શાંત રમણીય સ્થળોમાં પરિભ્રમણ કરવાનો એમનો શોખ તો જાણીતો હતો. વાચન-લેખન તો એમના અતિપ્રિય શોખ. આમાંથી કશું જ વ્યવસાય તરીકે નહિ સ્વીકાર્યું હોવા છતાં ય એમાંથી યથાપ્રાપ્ય અલ્પ આર્થિક સાધનસંપત્તિથી એ પોતાનો જીવનવ્યવહાર આનંદ અને સંતોષપૂર્વક ચલાવતા. ઓછામાં ઓછી જરૂરિયાતવાળું સાદું જીવન એ સુખપ્રાપ્તિનો સાચો માર્ગ છે એમ એ માનતા અને આથી જ એમણે સ્વેચ્છાએ સાદાઈનો સ્વીકાર કર્યો હતો. એમાં પણ એ સ્વદેશીના ખૂબ આગ્રહી હતા. 'સાચું સ્વર્ગ' નામક પુસ્તકમાં એમની આ સ્વદેશીની ભાવના સુપેરે વ્યક્ત થઈ છે. સાદું જીવન અને ઉચ્ચ વિચારો એ એમનો વ્યવહારમંત્ર હતો.

આવા સાદા પઢિયારજીનો સ્વભાવ પણ સરળ અને માયાળુ, ઉદાર અને પરોપકારી નીડરતા અને સત્યનિષ્ઠા એમના સ્વભાવનાં આગળ તરી આવતાં લક્ષણો. ટેકીલાપણું પણ એવું જ. એમની નમ્રતા અને કરુણા અનુકરણીય હતાં, એમનો ઉત્સાહ અદમ્ય હતો. એમના આ ગુણોને લઈને એમની આસપાસ ખાસ્સું મોટું મિત્રમંડળ જામેલું રહેતું. એમાં હતા ધનવાનો અને ધનહીનો, સાક્ષરો અને નિરક્ષરો, અનુચરો અને અધિકારીઓ. કવિ નાનાલાલ અને કવિ 'કાન્ત', ભિક્ષુ અખંડાનંદજી ને જાદવજી મહારાજ, સર પ્રભાશંકર પટ્ટણી અને રાજકોટના એ સમયના ઠાકોરસાહેબ—આમ એમનું મિત્રમંડળ વૈવિધ્યપૂર્ણ હતું. પોતાના મિત્રવર્તુળમાં એ 'બાવાજી'ના નામથી ઓળખાતા.

અને આ 'બાવાજી' શબ્દને અનુરૂપ જ એમની રહેણીકરણી હતી. વ્યસનમુક્ત સાદું જીવન, ધોતિયું, પહેરણ ને ફેંટાનો સાદો પોશાક અને સાદી વાણીથી એ સૌને આકર્ષતા. ખુદ ગાંધીજીએ પણ એમના વિષે કહેલું: 'તેમની સાદાઈથી, તેમની રહેણીકરણીથી મારા પોતાના મન ઉપર છાપ પડેલી તે છાપ જેમ પ્રસંગ વધતો ગયો તેમ મારા મન ઉપર વધારે ને વધારે ઊંડી પડી.' આ જ વર્ષે જેમની જન્મ-શતાબ્દી છે એવા એક રાષ્ટ્રસંત અને બીજા સોરઠસંતનું આ છે સામ્ય.

આવા સાધુપુરુષે પોતાની જિંદગીનાં અંતિમ ૧૫ વર્ષો (સં. ૧૯૬૦ થી ૧૯૭૫) પોતાના વતન ચોરવાડને ખોળે ગાળેલાં. ત્યાં રહી પોતાના વતનભાઈઓના ઉત્કર્ષના ને આત્મોન્નતિના કાર્યમાં એઓ લાગી ગએલા. એમના વ્યક્તિત્વે ચોરવાડને 'પઢિયારનું ચોરવાડ' બનાવી દીધેલું. ચોરવાડથી પઢિયાર નહિ પણ પઢિયારથી ચોરવાડ સર્વત્ર પ્રસિદ્ધિ પામ્યું.

પંદર વર્ષની ચોરવાડની એકધારી સેવા બાદ એઓ મુંબાઈમાં કોલેરાગ્રસ્ત પોતાના એક મિત્રની સારવાર માટે ગયા અને ખુદ જ રોગનો ભોગ થઈ પડ્યા. પોતાના અખંડ કર્મયજ્ઞની એમણે સ્વની આહુતિથી જ આમ પૂર્ણાહુતિ કરી મુંબાઈમાં સં. ૧૯૭૫ના અષાઢ વદ બીજના દિવસે અમૃતલાલનો આત્મા મૃતથી અમૃત પંથે પળ્યો.

માત્ર ગુજરાતી છઠ્ઠું ધોરણ ભણી અભ્યાસ છોડી દેનાર, પ્રતિકૂળ પરિસ્થિતિમાં અદમ્ય ઉત્સાહ, અડગ આત્મશ્રદ્ધા અને પ્રબળ પુરુષાર્થથી સંત, લેખક અને વૈદ્ય તરીકે જીવનકીર્તિ રળી જનાર આ અઠંગ કર્મયોગી, પરમ ભક્ત, ઊંડા આત્મજ્ઞાની, ને અસાર સંસારથી અલિપ્ત રહી સંસારમાં જ સ્વર્ગની માધુરી રેલાવનાર અમૃતલાલ સુંદરજી પઢિયારનો ક્ષરદેહ આપણી વચ્ચે ભલે ન હોય, પરંતુ 'અક્ષર' દેહે એમના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંનો સૌરભ અદ્યાપિ પર્યંત ફોરી રહ્યો છે.

ઋણસ્વીકાર

જુલાઈ અંકમાં આવેલા સુમતિ મોરારજીના તથા ઑગસ્ટ અંકમાં આવેલા કવિ નઝરુલ ઈસલામનાં ચરિત્રોમાં છાપેલી કેટલીક તસવીરો તેમજ ચરિત્રમાંના થોડા મુદ્દા વડોદરાના અંગ્રેજી સાપ્તાહિક 'એનલાઈટ'ના સૌજન્યથી લેવામાં આવ્યા-નો ઉલ્લેખ તે તે સ્થળે ન થયો હોવા માટે દિલગીર છીએ અને આથી એનો ઋણસ્વીકાર કરીએ છીએ.

અંતરાય

મૃત્યુંજય મૈતીની બંગાળી વાર્તા ઉપરથી

અનુવાદક · ઇન્દુબાલા દીવાન

ગુસ્સામાં ધૂંઆપૂંઆ થતા હેડમાસ્ટર સુબોધબાબુ ઑફિસમાં આવ્યા. મનમાં ને મનમાં બોલ્યા: 'નહિ, આ નહિ ચાલે. અસહ્ય છે. આજે જ આની તજવીજ કરવી પડશે.'

અસહ્ય તો ખરુ જ ને? એવું તે કદી કયાં ય જોયું છે કે સ્કૂલના સેક્રેટરી વિદ્યાર્થીઓની વચ્ચે આવી બેસે અને શિક્ષકના ભણાવવાની પરીક્ષા લે? અને એ પણ એક બે દિવસ નહિ, દર ત્રીજે ચોથે દિવસે! આ અપમાન સુબોધબાબુ કેમ સહન કરે? એમ.એ.ની પરીક્ષામાં હાઇ સેકન્ડ ક્લાસ આવ્યો હતો. બી.ટી.માં ફર્સ્ટ ક્લાસ. એમની યોગ્યતાની પરીક્ષા સ્કૂલના સેક્રેટરી વર્ગમાં આવીને કરે! અહ! રૂપિયાના જોરે એક નાની સ્કૂલ ખોલી છે તેથી શું થયું? જાણે... ના, ના, હવે અહીં નહિ રહેવાય. હેડમાસ્ટરીનો ક્યાં ય તોટો નથી.

પરંતુ આ સ્કૂલ તેમને ખૂબ ગમતી હતી ખાસ કરીને પ્રાકૃતિક વાતાવરણ. સામે દૂર સુધી ફેલાએલું ખુલ્લું મેદાન. ગામને પાદર નારિયેળીનાં વૃક્ષોની હાર. વળી એક સરસ નાળું સ્કૂલની બાજુમાંથી વહેતું હતું જે દૂર 'તેરપંખિયા'ની પાસે હલ્દી નદીમાં મળી જતું. નાળાની પેલે પાર ઝૂરી અને શિરીષનાં વૃક્ષો ડોલતાં. આ નીરવ જગતમાં કેટલી યે સાંજે પોતે નાળા પર ફરવા નીકળ્યા છે. અને શાળાની ઇમારત પણ કેટલી સુંદર છે! દરવાજા ઉપર માધવી લતાનાં ફૂલો ખીલીને મનપ્રાણને સુગંધિત કરી દે છે. પોતે અહીં આવ્યા ત્યારથી જ આ વાતાવરણે એમના મનમાં એક નવીન આકર્ષણ ઉત્પન્ન કર્યું હતું.

એ દિવસોની એક ઘટના એમને યાદ આવી ગઈ. પોતે વર્ગમાં ભણાવી રહ્યા હતા. ઓચિંતું બારી તરફ જોતાં એમને લાગ્યું કે ગંભીર પ્રશાન્ત અને સ્તબ્ધ આકાશનું એક નીલ જગત પોતાની તરફ નિહાળી રહ્યું છે. ભણાવવાનું યે ભૂલી ગયા. વિદ્યાર્થીઓએ યાદ દેવડાવ્યું: 'સર, પછી?' સુબોધબાબુ જાણે સ્વપ્નલોકમાંથી જાગ્યા. બોલ્યા: 'આજે ગ્રામરનો ક્લાસ રહેવા દો. ચાલો, કવિતા ભણું છું.' અને લાયબ્રેરીમાંથી રવિબાબુની 'સંચયિતા' લાવીને તેમાંના એક કાવ્યનું વાચન કરવા લાગ્યા.

ત્યારે લાકડીને ટેકેટેકે, રુગ્ણ શ્યામ ચહેરાવાળા એક તેજહીન વૃદ્ધ ચૂપકીથી વર્ગમાં આવી વિદ્યાર્થીઓની વચ્ચે એક બેંચને છેડે બેસીને બોલ્યા: 'હાં માસ્ટર... પછી?'

'ઓહ! તમે?' સુબોધબાબુ ખુરશી ઉપરથી ઊભા થઈ ગયા.

'અરે, શા માટે ઊભા થયા? ઊઠવાની જરૂર નથી. જે ભણાવતા હતા તે ભણાવો; હું સાંભળું.' સેક્રેટરીના મુખ પર ગંભીરતા હતી. ગળાનો સ્વર કર્કશ હતો. સુબોધબાબુને લાગ્યું કે જાણે વાતાવરણમાં બસૂરી રાગિણી છેડાઈ ગઈ, એક જામેલા સૂરનો તાર કોઇએ તોડી નાખ્યો! એમણે તરત ગ્રામરનું પુસ્તક લઈ સામે બેઠેલા વિદ્યાર્થીને પૂછ્યું: 'હાં, પાસ્ટ પર્ફેક્ટ ટેન્સનું એક ઉદાહરણ આપ જોઉં.'

'પેલું પુસ્તક કેમ બંધ કરી દીધું?' કટુતાથી સેક્રેટરી હારાધનબાબુ બોલી ઊઠયા ને કંઇક અસ્ફુટ શબ્દો બોલતા વર્ગની બહાર નીકળી ગયા.

સુબોધબાબુ અવાચક થઈ ગયા. આ કેવું! શિષ્ટતાનું નામનિશાન નહિ! એમને બહુ જ ખરાબ લાગ્યું પણ નવા નવા આવેલા એટલે ચૂપચાપ ઑફિસમાં ચાલ્યા ગયા.

નવી સ્કૂલનો હજી પૂરો પરિચય નહોતો થયો ત્યારે એક દિવસ નવમા વર્ગના એક બીજી બેંચની વચ્ચે બેઠેલા વિદ્યાર્થી તરફ જો જિજ્ઞાસાથી સુબોધબાબુએ પૂછ્યું: 'તારું નામ શું છે?'

'અશેષકુમાર દાસ, સર.' વિદ્યાર્થી ઊભો થઇને બોલ્યો.

'સર, એ કવિતા પણ લખે છે.' બીજો વિદ્યાર્થી બોલી ઊઠયો.

'એમ? તું કવિતા લખે છે?' અશેષ માથું નમાવી ઊભો રહ્યો.

'બોલો, શરમ શાની? ઊલટું કવિતા ન લખાય એ શરમનો વિષય છે. કવિતા પ્રત્યે પ્રેમ નહિ રાખો, ગાવામાં રુચિ નહિ દાખવો, સૌન્દર્યને નહિ ચાહો તો જીવનમાં તમે શાને ચાહશો? નોટ ગોખીને પાસ થવું એ જ જીવન છે શું? તું કવિતા લખે છે એ જાણી હું તો ખૂબ રાજી થયો. ક્યારથી લખે છે?' 'સાતમી શ્રેણીથી, સર.'

'એક દિવસ મને દેખાડીશને?' 'હા, સર.'

'સાંભળો;' સુબોધબાબુ જાણે અતીતમાં ખોવાઈ ગયા. બોલ્યા: 'એક વખત હું પણ વિદ્યાર્થી અવસ્થામાં કવિતા લખતો. કેટલીક તો પ્રકટ પણ થઈ હતી. પણ પછી અનેક જંજાળોમાં ક્યારે કવિતા લખવાનું બંધ થઈ ગયું એની ખબર ન રહી.' આટલું બોલી એ ચૂપ થઈ ગયા. કેટલા યે વિદ્યાર્થીઓએ એકસાથે પૂછ્યું: 'તો હવે કેમ નથી લખતા સર?'

'લખાતી નથી; લખી જ શકતો નથી.'

'કેમ નથી લખી શકતા?'

એ તો મોટા થશો એટલે આપમેળે સમજી શકશો. કવિતાઓ લખવી, ગાન કરવું, એ બધાંનાં ભાગ્યમાં નથી હોતું. પણ તમે જરૂર કવિતા લખજો. એનાથી મન પ્રસન્ન અને ભાવનાઓ સુંદર બને છે.'

ત્યાં તો 'શું લખવાનું કહો છો?, હેડમાસ્તર?' કહેતા ફરી સેક્રેટરી હારાધન અધિકારી વર્ગમાં ઘૂસ્યા—લાકડીનો ટેકો લેતા, એ જ તેજહીન મુખ અને એ જ ભૂંડી વેશભૂષામાં.

સુબોધબાબુ ઊભા થઈ ગયા. બોલ્યા: 'એ જ... વિદ્યાર્થીઓને બતાવી રહ્યો હતો કે મન લગાવીને વાંચો, લખો, સમય વધે તો કવિતા લખો. એનાથી મન પ્રસન્ન અને ભાવનાઓ સુંદર બનશે.'

'ઓહ! કવિતા લખશે? બધાં જ બાળકો કવિ થશે? અરે, કવિતા તો લખતો હતો પેલો અમારા ગામનો શશિકાકો. આજે નાળાના કિનારે ઘર છે, ત્યાં અમે વડને છાંયે બેસીને સંધ્યાકાળે એ સાંભળતા. વર્ષા વીત્યે ખેતરમાં પાક હીલોળા લેતો હોય અને શશિકાકા ચોપડી, બરૂની કલમ અને દેશી શાહીની દવાત લઇને બેસી જતા. કાકી તમ્બાકુ આપી જતી એ પણ કોઈ કાકી હતી......'

સુબોધબાબુ સ્તબ્ધ જ થઈ ગયા! શું બોલે? એમને એમ કહે કે આવી આલોચના વર્ગમાં ન થાય? પરંતુ ગમ ખાઈ ગયા. કંઈ જ ન બોલ્યા. માત્ર વિદ્યાર્થીઓ તરફ ફરીને કહ્યું: 'હં, પુસ્તક ખોલો. શું ભણવાનું છે! 'હં. ઑન હિઝ બ્લ ઇન્ડનેસ વ્હેન આઈ કન્સીડર...'

'અરે, આ શું શરૂ કરી દીધું માસ્તર? મ્લેચ્છોની ભાષા!?' કહીને સેક્રેટરી લાકડીને ટેકે ટેકે શ્રીહીન મુખ લઈ વર્ગની બહાર નીકળી ગયા.

આમ કેટલા યે મહિના વીતી ગયા. હવે એમની અને વિદ્યાર્થીઓની વચ્ચે ઘનિષ્ટ સંબંધ બંધાઈ ગયો હતો. એમણે સાંભળ્યું હતું કે સેક્રેટરી હારાધનબાબુ ખૂબ મોટા માણસ છે; પરંતુ એમનું વર્તન બીજા પ્રત્યે સારું નથી. છતાં તે સ્કૂલ છોડીને બીજે જઈ ન શક્યા. આવા સરસ સ્થળે આવા સારા પગારની નોકરી ક્યાંથી?

એક દિવસ સુબોધબાબુ ખેતરો તરફથી ફરીને મેદાનની પગદંડી

પર થઇ બોર્ડિંગ તરફ આવતા હતા. સંધ્યા ખૂબ જ આહ્લાદક હતા. દૂર ગામની લીલી ચાદર ઉપર સૂર્યાસ્ત થતો હતો. લોકો કામકાજ કરી ઘર તરફ પાછા ફરતા હતા. સુબોધબાબુને અપરિચિત લોકોનાં પદ-ચિહ્ન પર થઈ ચાલવું ખૂબ ગમતું. જાણે કેમ તેઓ અપરિચિત લોકોની સાથે એક ન થઈ જતા હોય!

'અરે તું?' સુબોધબાબુએ જોયું કે અશેષ બોર્ડિંગની બહાર વરંડામાં ઊભો છે. 'ચાલ, અંદર આવ'. અશેષ સંકોચ સાથે અંદર પ્રવેશ્યો.

'બેસ!' સુબોધબાબુએ પોતાના ખાટલા તરફ ઇશારો કર્યો. અશેષ બેઠો. એણે ચોમેર નજર ફેરવી. કેટલાં યે પુસ્તકો! લખવાનું ટેબલ, એક તરફ નાનકડો સિતાર. અશેષને આ બધું ખૂબ જ ગમ્યું.

'શું, કવિતા લઈને આવ્યો છે? લાવ જોઉં.' અશેષે પોતાની નોટ સાહેબના હાથમાં મૂકી. સુબોધબાબુ ધ્યાનમગ્ન થઈ વાંચવા લાગ્યા. વાંચતાં વાંચતાં એક જગ્યાએ અટક્યા. કવિતાનું શીર્ષક હતું: 'પગદંડી.'

સુબોધબાબુ આશ્ચર્યચકિત થઈ ગયા. હમણાં થોડી જ ક્ષણો પહેલાં પોતે આ જ પગદંડી ઉપરથી આવ્યા હતા. તેઓ દૂરદૂરની તૃષ્ણાભરી સંધ્યાની સ્મૃતિને આ કવિતામાં શોધવા લાગ્યા. બોલ્યા: 'તું કવિતા સરસ રચે છે. પણ આનાથી યે વધુ સુંદર હજી થઈ શકે. સુંદરતાને કોઈ સીમા જ નથી. તારી "પગદંડી"ની જેમ દૂરદૂર સુધી તે વિસ્તરેલી છે.'

'જી હા; હું પ્રયત્ન કરીશ. આજે તો હવે જઈશ.'

'તારું ઘર કેટલે દૂર છે?' 'અહીંથી ત્રણ માઇલ.'

'આટલી અંધારી રાતે ત્રણ માઈલ એકલો જઈશ?'

'સર, કેમ ન જઈ શકું? મને ડર નથી લાગતો. આ વૃક્ષો, રસ્તો, નાળું, બધાં જ તો મારાં પરિચિત છે.' સુબોધબાબુએ ઊઠીને કબાટ-માંથી એક પુસ્તક લાવી આપ્યું અને કહ્યું કે 'આ તને આપું છું; વાંચજે.'

અશેષે જોયું. પુસ્તક રવીન્દ્રનાથની 'દુખી' નામની ચોપડી હતી. એણે માથું નમાવી નમસ્કાર કર્યા. 'તારી કવિતાની ચોપડી મૂકતો જા.'

'તમે એક વાર જોઈ જશોને?'

'હં; સારું; જોઇશ.' અશેષ ચાલ્યો ગયો.

કેટલાક દિવસો પછી. સુબોધબાબુનો છેલ્લો પીરિયડ બંગાળી ભાષાનો હતો. તેઓ અશેષની કવિતાની ચોપડી પણ વર્ગમાં સાથે લેતા આવેલા. મનમાં વિચારતા હતા કે વર્ગમાં અશેષની પ્રશંસા કરીશ, જેથી તેનો ઉત્સાહ વધશે. કોઈનું પણ જીવન સંપૂર્ણ કવિતા નથી હોતું, છતાં જો કોઇના જીવનમાંથી રહીસહી કવિતા યે લુપ્ત થઈ જાય તો બાકી શું બચે? શેરડીમાંથી રસ નિચોવી લેતાં માત્ર છોતાં જ.

'સર, એ શાની ચોપડી છે?' વિદ્યાર્થીઓએ પૂછ્યું.

'આ તમારા જ બંધુ અશેષની કવિતાની ચોપડી છે. આ તાસમાં તમારે બંગાળી કવિતા ભણવાની છે ને? પણ તો આ એક કવિતા સાંભળો–તમારા ભાઈએ લખી છે.' સુબોધબાબુ વાંચવા લાગ્યા:

આ ચાલી જાયે પગદંડી પાતળી,
વીંટાતી શી ગામની કેડ ઉપરે;
એના પરે રોજ સવાર-સાંજે
જે જાય છે તે ફરી આવતાં રહે.

ત્યાં તો 'શું ભણાવો છો માસ્તરજી?' કહેતા, લાકડી ઠપકારતા સેક્રેટરી હારાધનબાબુ એક વિચિત્ર ભાવભંગિમાં વર્ગમાં પ્રવેશ્યા! સુબોધબાબુનું મન એ જ ક્ષણે ટુકડે-ટુકડા થઈ ગયું. એકદમ બરાડી ઊઠ્યા: 'તમને મારા વર્ગમાં આવવાની છૂટ કોણે આપી? હું હેડમાસ્ટર છું. મારો હુકમ છે કે તમારે આ રીતે કદી વર્ગમાં ન આવવું.' કહેતાં સુબોધબાબુનું ગળું પોલાદ જેવું કઠોર થઈ ગયું.

સેક્રેટરી સ્તબ્ધ થઈ ગયા. લાકડી હાથમાંથી પડી ગઈ. ધીમે ધીમે નમાવીને તે ઉઠાવી લાવ્યા. હાથ ધ્રૂજવા લાગ્યા. મન પછી શાંત થયા બોલ્યા: 'એમાં ગુસ્સો શા માટે કરો છો? લો, હું ચાલ્યો. હમણાં જ ચાલ્યો જાઉં છું, ભાઈ.' કહી દીન ભાવે તે વર્ગમાંથી બહાર નીકળી ગયા.

સુબોધબાબુનું મન ઘૃણાથી છલકાઈ ગયું. એમને લાગ્યું કે જાણે આખાય વાતાવરણની ભયંકરરીતે કોઈએ હત્યા કરી ન હોય! વર્ગમાં-થી નીકળી તે સીધા ઑફિસમાં ગયા. ઘંટડી વગાડી માળીને બોલાવ્યો. કહ્યું: 'બોર્ડિંગ જઈ બિસ્તરો-ફિસ્તરો, ચોપડી-બોપડી બધું બાંધીને લઈ આવ'. અને મનોમન બોલ્યા: 'આ અસહ્ય છે. આજે ને આજે જ...'

સેક્રેટરી હારાધનબાબુ દૂર વરંડામાં એક ખૂણે ઊભા છે. એમની આંખ સામે આખાયે જીવનનો ઇતિહાસ તાજો થયો. વાંચવા-લખવાનો એમને ક્યાં સમય મળ્યો હતો? શરૂમાં રસ્તો બનાવવાવાળા કુલીઓની સાથે કામ કરતા હતા. ત્યાર પછી ભાગ્ય અજમાવવા સુન્દરવન ગયા. ત્યાં વાઘ જેવાં હિંસક પશુઓ સામે ઝૂઝી જંગલ સાફ કર્યું. તેને આબાદ કર્યું. વીઘાં ઊપર વીઘાં—સેંકડો વીઘાં જમીન આબાદ કરવાનાં સ્વપ્નાં-માં ને સ્વપ્નાંમાં ક્યારે યૌવન ચાલ્યું ગયું એની ખબર ન પડી.

લગ્ન કર્યાં હતાં. પુત્ર પણ થયો હતો. છોકરાને તો ભણાવી ગણાવી વકીલ બનાવીશ એવી આકાંક્ષા સેવી હતી...પરંતુ છોકરો મરી ગયો. થોડાક દિવસ પછી પત્ની પણ મૃત્યુ પામી. પોતાને છોકરાને ભણાવવાનો સુઅવસર પ્રાપ્ત ન થતાં એમણે ગામનાં બધાં જ બાળકોને ભણાવવાની વ્યવસ્થા કરી આપી. આવી સ્કૂલ આ ઇલાકામાં બીજી નહોતી.

આજ આટલી વયે, જ્યારે મરવાના દિવસો ગણાઈ રહ્યા છે ત્યારે આ કેવી વાસના જાગી રહી છે? પૃથ્વી ઉપર કેટકેટલી એવી વસ્તુઓ છે જે પોતે નથી જાણી! કેટલી યે વાર્તાઓ, કેટલી યે કવિતાઓ લખાય છે જે એમણે નથી સાંભળી. માસ્તર ખૂબ સરસ ભણાવે છે. કેટલી સુંદરરીતે વિદ્યાર્થીઓને સમજાવે છે! પરંતુ આજે એમણે પણ ધુત્કારી કાઢ્યો.

હારાધનબાબુ હેડમાસ્ટરસાહેબને ઘેર પહોંચ્યા. જઇને ખુરશી-ની કિનારે બેસી ગયા. સુબોધબાબુ એક સાદા કાગળ ઉપર કંઈક લખી રહ્યા હતા. હારાધનબાબુએ માસ્ટરને સંબોધ્યા. પણ સુબોધબાબુએ કંઈ જ જવાબ ન આપ્યો. 'તમે ખૂબ ગુસ્સે થઈ ગયા, કેમ માસ્તર?' એમણે ઊભા થઇને માસ્ટરસાહેબની હડપચી પકડી ઊંચી કરી.

'મને શા માટે પજવો છો?' સુબોધબાબુના કંઠમાં તીક્ષ્ણતા હતી.

'પજવું છું? જુઓ માસ્તર, તમે તો મારા દીકરા જેવા છો. દીકરો બુઢ્ઢા બાપ ઉપર આ રીતે ગુસ્સે થાય ખરો?'

'પરંતુ—તમે શું સમજીને મારા ભણાવવાની પરીક્ષા લો છો?—વર્ગમાં ડિસ્ટર્બ કરો છો? શું સદા મારે આમ જ સહન કર્યા કરવું? બહુ સહન કર્યું. હવે નથી થતું. હું આજે ને આજે ચાલ્યો જાઉં છું. તમે બીજો હેડમાસ્ટર શોધી લેજો. કોઈક દિવસ આવીને ચાર્જ સોંપી દઈશ.'

'અરે! આ શું—શું કહ્યું માસ્તર? હું તમારા ભણાવવાની પરીક્ષા લઉં છું?' સેક્રેટરી અવાચક થઈ ગયા! પછી થોડી વારે બોલ્યા: 'હું તે કાંઈ ભણેલોગણેલો છું કે તમારી પરીક્ષા લઈશ? નાનપણ રમવા-માં વીત્યું. જવાની ફસલો ઉગાડવામાં વીતી. આજે બુઢ્ઢો થઈ ગયો છું. કોઈ પોતાનું નથી. મરવામાં હવે કેટલા દિવસ બાકી છે? હું તો એ વિચારીને આવું છું કે માસ્તરની પાસે બેસીશ, એમનું ભણાવવાનું સાંભળીશ. તમારું ભણાવવાનું ખૂબ સરસ છે. ને કવિતા તો કેટલી સુંદર ભણાવો છો! બીજા માસ્તરો આ રીતે નથી ભણાવતા. મને એ ખૂબ ખૂબ ગમે છે, માસ્તર! હું તમારું એ ભણાવવાનું સાંભળવા આવું છું.'

સુબોધબાબુ સ્તબ્ધ થઈ ગયા. એમણે હારાધનબાબુ તરફ જોયું. તે પોતાની પછેડીની કિનારીથી વારંવાર આંખો લૂછી રહ્યા હતા. સુબોધબાબુએ રાજીનામાના કાગળના ટુકડેટુકડા કરી ફેંકી દીધા.

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક અને આલેખક
રવિશંકર મ. રાવળ



'પ્રો. હરિલાલ માધવજી ભટ્ટ: મારી કારકિર્દીના પ્રારંભમાં જેમનો નિર્વ્યાજ સ્નેહ હું પામ્યો.'

૪૪૦ મુંબાઇના ઘરને રામરામ: ફેરવણી

પ્રો. હરિલાલ ભટ્ટ તરફથી કમિટીના ઠરાવવાળો ઑર્ડર-પત્ર મળ્યો એટલે મેં અમદાવાદ ત્રિભુવન પટેલને તો લખી નાખ્યું કે મારા માટે સારું ઘર તરત રાખી લ્યો. થોડા જ વખતમાં તેનો ઉત્સાહભર્યો પત્ર મળ્યો કે તેની નજીકમાં જ, બાલાહનુમાન પાસે, અંદર જતા રસ્તા પર એક મકાનનો પહેલો માળ મળી ગયો છે. તે પરથી મેં તરત નિર્ણય લીધો કે મુંબાઈનું ઘર હવે ઉઠાવી લેવું જોઇએ. પત્નીને સુવાવડ પછીની નબળાઈ હતી એટલે એકલાં બહેનને લઈ હું સાન્ટાક્રુઝ ગયો. ત્યાં સામાન-રાચરચીલાં પૅક કરી અમદાવાદ રવાના કરી દીધાં અને હાજી તથા સાન્ટાક્રુઝનાં પડોશીઓની વિદાય લઈ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૧૯ ને ગુરુવારની રાત્રે ગાડી પકડી. આ પ્રવાસમાં મુંબાઈથી મારા સ્નેહી મિત્રો મોહનભાઈ દવે અને હરખજી માસ્તરનો સંગાથ હતો. ૭મીએ વડોદરા ઊતર્યો અને જૂનાં સ્મરણો ફરી અનુભવ્યાં. મારા વખતના સહાધ્યાયી માહુલીકરે અમદાવાદ જઈ ફોટોગ્રાફીનો સ્ટૂડિયો ને બ્રોમાઈડ કે કૅનવાસની છબિઓ કરવાનો ધંધો શરૂ કર્યો હતો. એ વખતના આદર્શો પ્રમાણે કલાકારના ધંધામાં બીજું કાંઈ બની શકે તેમ નહોતું.

તા. ૮મીએ અમદાવાદ ઊતર્યો. ત્યાં મારા મુંબાઈના સહાધ્યાયી દમનલાલ મહેતા પ્રે.રા. ટ્રેઈનિંગ કૉલેજમાં ચિત્રશિક્ષક થયા હતા ને ચિત્રસર્જન અધરાઈ પર રાખ્યું હતું. ત્રિભુવન પટેલ ફોટોગ્રાફી અને પુસ્તકો વગેરે માટે ચિત્રો કરતા હતા. મેં તેમની સાથે ચર્ચા કરી અમદાવાદને મારું કાયમનું નિવાસ-કેન્દ્ર બનાવવાનો વિચાર જણાવ્યો. તે બંને ઉત્સાહમાં આવી ગયા. ત્રિભુવન પટેલનાં ચિત્રો મેં 'વીસમી સદી'નાં પાનાં પર ઉતારેલાં એટલે તેનો મારા પ્રતિનો ભાવ વધ્યો હતો, કારણ કે તેથી સ્થાનિક બુકસેલરોમાં તેનો મોભો વધ્યો હતો. એ વખતે મેં 'ગુજરાત કલામંદિર'ની એક કલાશિક્ષણની સંસ્થાનું આછું-પાતળું કલ્પનાસ્વરૂપ તેમની આગળ મૂક્યું. દમન મહેતાએ તેમાં પૂરો સાથ આપવા કબૂલ કર્યું. મને પણ આનંદ થયો કે અમદાવાદના સુશિક્ષિત મિત્રો દ્વારા હું કંઈક નવું કામ કરી શકીશ.

ભાવનગર પહોંચીને મેં પ્રો. ભટ્ટને જૂનાગઢ ખબર આપી દીધા કે મેં તસવીર ચિત્રણનો સામાન મુંબાઈથી રવાના થાય એવી ગોઠવણ કરી નાખી છે અને તે પહોંચી જાય તેના ખબર આપશો કે તરત હું ત્યાં આવી પહોંચીશ. જવાબમાં તેમણે સ્કૉટસાહેબ માર્ચની ૧૫મી પછી સ્વદેશ જવાના હોઈ તે પહેલાં આવી જવા જણાવ્યું.

થોડા જ દિવસોમાં પ્રો. ભટ્ટનો કાગળ આવ્યો કે મુંબાઈથી તમારું પેઇન્ટિંગના સામાનનું ખોખું અહીં પહોંચી ગયું છે અને સ્કૉટસાહેબને ઊપડવાને હવે પંદર દિવસ જ બાકી રહ્યા છે માટે જલદી આવી જાઓ. તમારી બીજી બધી ગોઠવણ હું સંભાળી લઈશ. બીજી તરફ ત્રિભુવન પટેલનો પત્ર પણ આવ્યો કે ઘરવખરીનો સામાન ગુડ્ઝમાં આવી પહોંચતાં જ મારફતિયા દ્વારા ઘરમાં પહોંચાડી દીધો છે.

આ ઝડપી ફેરફારોના નિર્ણયો મેં મારા મનથી લીધા હતા. પત્ની કે પિતાને તે નહિ જ ગમ્યા હોય; પણ મને મારી તબિયતની મર્યાદા સમજાઈ ગઈ હતી, એટલે સદા ખડે પગે રાખનારા મુંબાઈથી મેં દૂર વસવામાં શ્રેય માન્યું હતું. હવે મારે અજાણી ભોમકા ખેડવાની હતી.

૪૪૧ જૂનાગઢમાં

પ્રો. ભટ્ટનો પત્ર આવ્યા પછી મારે ઢીલ કરવાની હતી જ નહિ, એટલે ૨૧ ફેબ્રુઆરી ૧૯૧૯ને રોજ હું જૂનાગઢ પહોંચ્યો. બહાઉદ્દીન કૉલેજના કૉમ્પાઉન્ડના એક ખૂણે પ્રો. ભટ્ટનો બંગલો હતો અને તેની સામે જ વિદ્યાર્થીઓના છાત્ર-નિવાસની એક લાઈન હતી. તેમાં બંગલા સામેની પહેલી જ રૂમમાં મેં મુંબાઈથી મોકલેલું કૅનવાસનું પારસલ જોયું. મારા માટે પણ ત્યાં રહેવા-નહાવાની સોઈ તથા એક ખાટલો હતાં. પણ બંને વખતનાં ચા-પાણી તથા ભોજનની વ્યવસ્થા ભટ્ટસાહેબે પ્રેમપૂર્વક પોતાને ત્યાં જ રખાવી હતી. પરીક્ષાઓ પૂરી થતી હતી અને વિદ્યાર્થીઓ પોતાની રૂમો છોડી પોતાને ગામ જતા હતા. એ વખતના વિદ્યાર્થીઓના આવાસમાં તથા આચાર ને વ્યવહારમાં જે સાદાઇ, સભ્યતા અને નમ્રતા હતાં તે આજ નમૂનારૂપે પણ જોવાં દુર્લભ છે. વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો કૉલેજ સિવાયના આડા પ્રસંગોએ મળતા. ભટ્ટસાહેબની પાસે પણ વિદ્યાર્થીઓ આવતા. તેમાં તેમણે ગોંડલવાળા રવિશંકર પંડિતની ઓળખાણ કરાવી. તે બી.એ. ક્લાસમાં હતા, પણ ચિત્રકામમાં અચ્છો હાથ ધરાવતા હોવાથી વિદ્યાર્થીઓ અને પ્રોફેસરોમાં સારા જાણીતા થયા હતા. એમને મળતાં હું ઘણો આનંદ પામ્યો, કારણ કે તેમના ચિત્રકામમાં મેં વર્ગ-ચિત્રશિક્ષણ કરતાં કંઈક વધારે સમજ અને તાલીમ જોયાં. તાજેતરમાં 'સાહિત્ય' માસિકમાં તેમણે કરેલું કલાપીના 'ભરત' કાવ્યમાંથી હરણી-બાળને નદી-પ્રવાહમાંથી ઉગારતા ઋષિનું ચિત્ર મેં જોયું હતું. એ ચિત્રમાં એમણે પાત્રો કરતાં દશ્યભાગને વધારે મહત્ત્વ આપ્યું હતું, પણ આલેખન પ્રમાણિત હતું. પંડિતને મેં હું જૂનાગઢમાં હોઉં ત્યાં સુધી મને સાથ આપવા કહ્યું અને એમનામાં પણ સામો એટલો સ્નેહભાવ જાગ્યો કે મારા નવરાશના સમયમાં એમણે મને આસપાસ ભમવામાં સહાય કરી.

પ્રો. ભટ્ટે સ્કૉટસાહેબ સાથે મારી મુલાકાત ગોઠવી. મને જોતાં જ તે બોલી ઊઠયા: 'આટલો જુવાન ચિત્રકાર મને ચીતરવા આવશે એવું તો ધાર્યું જ ન હતું!' તરત સાથે ફરી બંગલો બતાવ્યો. દાદર ચડતાં સામે જ એક રૂમ હતી અને તેમાં એક મોટી બારીમાંથી એકસરખો પ્રકાશ મળતો હતો. ત્યાં મારો સ્ટૂડિયો રાખવાનું ઠરાવ્યું.

બીજે દિવસે ભટ્ટસાહેબે શહેરની મુલાકાતો કરાવી. એ વખતે જૂનાગઢમાં નવાબની સગીર વયના કારણે ઍડમિનિસ્ટ્રેશન હતું અને બાહોશ અમલદારો મુખ્ય હોદ્દાઓ પર હતા. એમાં રાવ બહાદુર મણિશંકર રાજારામ ત્રિવેદી કૉન્ટ્રોલર હતા, ને રા. બ. કેશવલાલ ત્રિવેદી

ભમરી અને મધમાખીનો ડંખ • ડૉક્ટર આવતાં પહેલાં [૨૭]

ભમરીના ડંખથી એકાએક તીવ્ર વેદના થાય છે. સોજો પણ આવે છે. કરડને સ્થાને ડંખ દેખાય તો વિશુદ્ધ બનાવેલા ચપ્પુ કે સોય વતી કાઢી નાખવો. ડંખ ઉપર પાણીની ધાર કરવી કે તેની આસપાસ બરફ મૂકવો, જેથી ઝેરનું શોષણ ધીમું બને. ચૂંટ માટે ડંખ પર કૅલેમાઈન કે કૅલેડ્રાઈલ લોશન લગાડવું. ભમરીનું ઝેર અલ્કલી હોઈ તેને શમ બનાવવા ડંખ પર લીંબુનો રસ કે સરકાનું દ્રાવણ લગાડવું. મોંમાં ડંખ લાગ્યો હોય તો જીભ કે ગળાનો સોજો આવે છે. આથી શ્વાસ માર્ગ રૂંધાવાથી ગંભીર દશા ઊભી થાય છે. આ સોજો ઝડપથી વધતો હોવાથી તાત્કાલિક દાક્તરી સારવારની વ્યવસ્થા કરવી. બરફ ચૂસવાથી કે ઠંડા પાણીના ઘૂંટ લેવાથી સોજો વધતો અટકે છે.

જો ભમરીનો ડંખ નાની શિરામાં લાગ્યો હોય તો રોગીને મૂર્છા, બેહોશી ને મૃત્યુ પણ આવી પડે છે! જોકે આવું જવલ્લે જ બને છે, પણ મૂર્છા કે બેહોશીનાં કોઈ ચિહ્નો જણાય તો તેને ગંભીર લેખી આઘાત-ની સારવાર આપવી અને દાક્તરને બોલાવવા.

ભમરીના કરતાં મધમાખીનો ડંખ વધુ ગંભીર છે. તે વાંકો કે સ્ક્રૂ જેવો હોવાથી ચામડીમાં ભોંકાઈ રહે છે. તેને વિશુદ્ધ બનાવેલા ચપ્પુ ખોતરી લેવો. તેને સીધો ખેંચવા જતાં ચામડીમાં વધારે ઝેર ઠલવાય છે.

મધમાખીનું ઝેર ઍસિડ હોઈ તેને શમ બનાવવા સોડા બાઈ કાર્બ (ખાવાનો સોડા)નું દ્રાવણ વાપરવું. તે ન મળે તો ટૂથપેસ્ટ પણ ઉપયોગી નીવડે છે. આ બન્ને ન હોય તો સાબુ પણ વાપરી શકાય.

આખા શરીર ઉપર પુષ્કળ માખો કરડી હોય તો રોગીને સોડા બાઈ કાર્બના દ્રાવણવાળા પાણીમાં રાખવો.

મધમાખીનો ડંખ નજીવો ન લેખવો. કેટલાક એલર્જીવાળા રોગી આવા જંતુના ડંખથી ગંભીર સ્થિતિમાં આવી પડે છે. તેમને સત્વર દાક્તરી સારવાર મળવી જોઈએ.

કીડી ને મચ્છર ડંખવાથી સોજો ને લાહ્ય બળે તો ડંખને સાબુ અને પાણી વતી ધોવા. ડંખવાળા ભાગ ઉપર પાણીમાં ઓગાળેલો સોડા બાઈ કાર્બ લગાડવો; અગર કૅલેમાઈન લોશન વાપરવું. સોજો હોય તો ઠંડા પાણીનાં પોતાં મૂકવાં. ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

વસૂલાતી અધિકારી હતા. એ બંને મારા પૂર્વપરિચિત સંબંધી હતા. તે ઉપરાંત એક-બે પ્રોફેસરો, એક વૈદ્યરાજ વગેરેને મળવાથી ત્યાં હું ઘણા જાણીતા મંડળ વચ્ચે છું એવું લાગ્યું. રાજ્યના ફોટોગ્રાફર ભટ્ટ બધર્સ તેમજ હાઈસ્કૂલના ચિત્રશિક્ષક સોલંકી પણ મળવા આવ્યા. પછી તો મારું કામ જોવા તે વખતોવખત આવતા.

૪૪૨ સ્કૉટસાહેબનું પેઇન્ટિંગ

તા. ૨૩ ફેબ્રુઆરી ૧૯૧૯ની સવારે હું સ્કૉટસાહેબના બંગલા-માંના નાના સ્ટૂડિયોમાં હાજર થઈ ગયો. સ્કૉટસાહેબ તેમનો યુનિ-વર્સિટીનો ઝભ્ભો લઈ આવ્યા અને એક નાના ટેબલ પર હાથ રાખી મારી સૂચના મુજબ ઊભા રહ્યા. આઠ ફૂટના કૅનવાસ ઉપર મેં ચારકોલ વડે તેમની આખી આકૃતિનો અંદાજ મૂકી, ચહેરો તથા હાથ કરી લીધા, કપડાં પાછળથી કરવા પર રાખ્યું. પોણા કલાકનું કામ કરી તેમને હું વિરામ આપતો, અને તેમાં બીજી પૂર્વતૈયારી તથા રંગો ગોઠવવાનું કરી લેતો. શરૂઆતમાં તેમનાં કપડાં, પાટલૂન, બૂટ, સાદા રંગોથી ભરી દીધાં અને પૃષ્ઠભૂમિકામાં ચહેરાને ઉઠાવ આપતા રંગો આસપાસ ઘૂમડી કાઢ્યા. આવી રીતે રોજ સવારે ૮ થી ૧૦ વચ્ચે જે કામ થાય તે કરી લેતો. આઠેક દિવસમાં મેં ચહેરાનું અને હાથનું કામ સંપૂર્ણ કરી લીધું. પછી એક નાના કાર્ડ-સાઈઝ કૅમેરા પર સંપૂર્ણ પોશાક ઝભ્ભા સાથેની તેમની છબિ પાડી લીધી અને હવે તેમની હાજરીની જરૂર નહિ પડે એમ જણાવી દીધું. ભટ્ટસાહેબ ચહેરાનું કામ જોઈ ગયા અને મને શાબાશી આપી. તેમની ચામડીનો રંગ, તેની છાયાઓ અને આંખ સામાન્ય ફોટોગ્રાફ ઉપરથી કોઈ ભારતીય ચિત્રકાર આબે-હૂબ કરી જ ન શકે એવાં હતાં તે મેં સફળતાથી કૅનવાસ પર ઉતારેલાં. સ્કૉટસાહેબ પણ પ્રસન્ન થયા અને વિદાય પહેલાંની એક સાંજે પ્રો. ભટ્ટ સાથે મને ચા માટે નિમંત્ર્યો. તેમના ઊપડવાના બે દિવસ અગાઉ મારી રૂમમાં ચિત્ર મંગાવી લીધું ને બાકીનું ત્યાં જ પૂરું કરવા નિરધાર્યું. પછી કૅમેરાથી લીધેલી તસવીરો લઈ હું ભાવનગર ગયો અને ત્યાં સ્ટેશન પરના ફોટો-સ્ટૂડિયોવાળા મિ. શિવલાલ પાસે તેને ડેવલપ કરાવી. સ્કૉટસાહેબની આકૃતિનું એક મોટું એન્લાર્જમેન્ટ પણ કરાવી લીધું. ફોટોગ્રાફીનું જ્ઞાન મને આ રીતે બહુ ઉપયોગી થઈ પડ્યું.

૪૪૩ પ્રો. હરિલાલ ભટ્ટના ઘરમાં

હવે જૂનાગઢ આવી નિરાંતે પેઇન્ટિંગનું બાકીનું કામ હાથમાં લીધું. સ્કૉટસાહેબનો ઝભ્ભો વગેરે રાખી લીધાં હતાં, અને ફોટોગ્રાફમાં પ્રકાશ તથા તેની ઘડીઓ સાચાં હતાં, એટલે કામ તૈયાર કરવામાં જરા ય મુશ્કેલી ન પડી. ભટ્ટસાહેબે કમિટી અને રાજ્યના અમલ-દારોને વારાફરતી જોવા બોલાવ્યા. જેઓ મારા સંબંધી હતા તેઓ પણ અભિમાનથી ચિત્રની પ્રશંસા કરતા.

આ સમયમાં પ્રો. ભટ્ટને ત્યાં રહેતા તેમના ભત્રીજા મારા નિકટ-ના સંબંધમાં આવ્યા. તેમની તેમજ બીજા મિત્રોની જોડે મેં ગિરનારનો ભવનાથનો મેળો જોયો. એ વખતે લોકજીવનના દાર્દમાં ઊતરવાની મને ગમ નહોતી, પણ ભૂમિના વહાલા અને નિકટતમ માનવ-સમુ-દાયને જોઈ મારું મન ખૂબ ઊભરાઈ ઊઠ્યું. ભટ્ટસાહેબના ઘરનો નોકર આશારામ મને હજુ યાદ છે. ઘરમાં એકરૂપ થઈ મૂંગે ને હસતે મોંએ સેવા બજાવનાર એવા સેવકો કવચિત્ જોયા છે. ઘરમાં ભટ્ટસાહેબનાં માતાપિતા હતાં, બાળકો હતાં, પણ તેમનાં પત્ની એકાંતમાં જ રહેતાં. મેં કદી તેમનો ચહેરો જોયો નહોતો, પણ ઘણી વાર હસવા-રોવાનો અવાજ સાંભળતો. આશારામ કહેતો કે ભાભીની તબિયત ઠીક નથી રહેતી. રસોઈ ઘણે ભાગે ભટ્ટસાહેબનાં બા કરતાં. ભટ્ટસાહેબે મારા આદર્શોની વાતો સાંભળી તેમાં મને ખૂબ પ્રોત્સાહન આપ્યું હતું.

હવે હું અમદાવાદમાં રહેવાનો છું એમ જાણીને તેમણે મારી વિ-દાય વખતે અમદાવાદના બે મિત્રો ઉપર પરિચયપત્રો લખી આપ્યા, અને એ બે સજ્જનો જ અમદાવાદમાં મારા સૌપ્રથમ—અને પછી છેક આખર સુધી ગાઢ મિત્રો બની રહ્યા. એ હતા ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ અને હીરાલાલ ત્રિભોવનદાસ પારેખ.

પાછળથી મારા અમદાવાદ ગયા બાદ ભટ્ટસાહેબને જ્યારે જ્યારે મુંબાઈ યુનિવર્સિટીની સેનેટની બેઠક માટે કે પરીક્ષાપત્રો માટે મુંબાઇ જવાનું થતું ત્યારે મને લખતા એટલે હું સ્ટેશને મળતો. પરંતુ એક પણ દિવસ ઊતરીને તે મારે ઘેર આવ્યા નહોતા. વર્ષો પછી મેં જાણ્યું કે કૉલેજના એક વાર્ષિક ઉત્સવ પ્રસંગે ઘરના ખટરાગ અંગે તે આત્મ-ઘાત કરી વિદાય થયા. (ચાલુ)

ગુલાબદાસ બ્રોકર

નવા ગગનની નીચે

૨૨ • વેનિસ

નિસર્ગના સૌન્દર્યની ભૂમિમાંથી હવે કલાના સૌન્દર્યની ભૂમિમાં જવાનું હતું. પેલો 'તો' હવામાં ફફડાટ કરતો રહ્યો ને ચિત્ત કલાના વિચારોમાં અથડાવા લાગ્યું. બાજુમાં બેઠેલા અમેરિકન વેપારીએ તેને ચોક્કસ દિશા આપવા માંડી. વારંવાર તેને મિલાન (વ્યાપારી મથક હોઈ) આવવાનું થતું. પણ ત્યાં ખાસ કશું જોવાનું ન હોઈ બચે એ સમય ફ્લૉરેન્સમાં વીતાવતા. કેમ કે ફ્લૉરેન્સ...

ફ્લૉરેન્સના કલાસૌન્દર્યની આખી એવી એક દુનિયા એમણે મારી સામે ખડી કરી દીધી. હું ફ્લૉરેન્સ રહેવાનો જ ન હતો, પણ તેમણે એક દિવસ ત્યાં ગાળવાનું નક્કી કરાવ્યું, મિલાનમાં દોઢ દિવસ રહીને બીજે દિવસે ઊપડવાનો હતો, તેને બદલે તેમણે આજનો અર્ધો જ દિવસ ત્યાં રહીને બીજે દિવસે વેનિસ ચાલ્યા જવાનું નક્કી કરાવ્યું.

મિલાનના એર ટર્મિનલ પર જઈને પહેલવહેલી માગણી વેનિસની બીજા દિવસની ફ્લાઇટની કરી. જગ્યા નહોતી.

સામે એક તોતિંગ સ્થળ દેખાતું હતું. 'એ શું છે?' કોઈને પૂછ્યું. 'રેલવે સ્ટેશન.' જવાબ મળ્યો. 'મિલાનનું મુખ્ય રેલવે સ્ટેશન?' 'હા'.

વિચાર કરવા પણ ન રોકાયો. તરત સ્ટેશને પહોંચી તપાસ કરી. કલાકેકમાં વેનિસ જનારી ગાડી ઊપડતી હતી. રાત્રે સાડા નવેક વાગ્યે પહોંચાડે. ચડી જાઉં તો કાલનો આખો દિવસ બચી જાય. અને ફ્લૉરેન્સમાં ગાળવાનો એક દિવસ આમ મળી જાય.

ટિકિટ કઢાવી લીધી. સ્ટેશન પર થોડા આંટા માર્યા. થોડી ચોપડીઓનાં પૂઠાં જોયાં. થોડા માણસોનાં મોં જોયાં ને ગાડીમાં બેસી ગયો.

ડબામાં મારા સિવાય પાંચ માણસો હતાં. એક એકલી સ્ત્રી, બે એકલા પુરુષો, એક માતા-પુત્ર. પુત્ર સત્તરેક વર્ષનો. બધાં મારી સામું જોઈ રહ્યાં હતાં—પરદેશીને જોવાના કુતૂહલથી. હું મૈત્રીભર્યું હસ્યો. તે બધાં જ એનો પ્રતિભાવ પાડવા તૈયાર હતાં. 'અંગ્રેજી આવડે છે?' મેં પૂછ્યું; ને બધાંની સામે નજર ફેરવી.

પેલી એકલી સ્ત્રીને આવડતું હતું. પેલો છોકરો અંગ્રેજી શીખતો હતો. એની મા એ ભાષાથી અજ્ઞાત હતી. બે પુરુષોમાંથી એકને આવડતું હતું. એ ઇલસ્ટ્રેટેડ વીકલી જેવું કોઈ સચિત્ર સાપ્તાહિક ઉથલાવતો હતો. બીજો નવરો બેઠો હતો. તેને નહોતું આવડતું.

'તમે અંગ્રેજી ભણ્યાં હતાં?' પેલી સ્ત્રીને મેં પૂછ્યું. તે કશુંક ગૂંથી રહી હતી: 'ના, પણ ઇંગ્લૅન્ડમાં મેં બેએક વર્ષ નોકરી કરેલી.'

સારી નોકરી નહિ જ હોય, કેમ કે ભાષા ભાંગીતૂટી હતી. સાપ્તાહિક વાંચતો માણસ મોં ઉપર સ્મિત ફરકાવતો મૂગો બેઠો હતો.

'મોરેવિયા વિષે તમે શું ધારો છો?' મેં પળ પછી પૂછ્યું. કોઈ એકને એ પ્રશ્ન પૂછ્યો નહોતો, હવામાં જાણે વહેતો મૂકાયો હતો.

હવામાં એ પળવાર તરતો રહ્યો. પછી પેલાંઓના ચહેરા ઉપર ઊતર્યો. ઇંગ્લૅન્ડમાં નોકરી કરનારી બાઈ તેને ઓળખતી નહોતી. તેણે નિર્દોષતાપૂર્વક પૂછ્યું : 'કયો મોરેવિયા? કોણ છે એ?'

મેં પેલા અંગ્રેજી શીખતા છોકરા તરફ જોયું. એણે આશ્ચર્યમાં ડોકું ધુણાવ્યું. કહ્યું : 'હું તો દસમી ચોપડી ભણું છું. મને શી ખબર પડે?'

મેં કહ્યું : 'તારી માને પૂછી જો.' તેણે તેની માને કશુંક કહ્યું. બંનેએ અજ્ઞાનસૂચક નકારમાં ડોકાં હલાવ્યાં. હું બોલ્યો : 'તો તમે કોઈ આલ્બર્ટો મોરેવિયાને નથી ઓળખતાં?'

હવે પેલા માણસે તેના સચિત્ર સાપ્તાહિકમાંથી મોં બહાર કાઢ્યું. બધાં સામે જોઈને જરા હસી લીધું. પછી કહ્યું: 'હું ઓળખું છું.' પછી તેના દેશબાંધવો તરફ ફરીને કહ્યું : 'એડિટોરે.'

એટલે કે મોરેવિયા 'એડિટોરે' છે એમ એ કહેવા માગતો હતો. એડિટોરે એટલે પ્રકાશક. આ પાંચમાંથી આ એક જ માણસે મોરેવિયાનું નામ સાંભળ્યું હતું, અને એ તેને પ્રકાશક માનતો હતો! અને એ પણ ઇટલીમાં જ; ઉદ્યોગધામ મિલાનથી કલાધામ વેનિસ તરફ ધસ્યે જતી ટ્રેઇનમાં! તો પછી આપણા એસ. ટી.ના ઉતારુઓમાંથી કોઇએ મુનશી કે નાનાલાલનું નામ ન સાંભળ્યું હોય તો તેમને જરૂર માફ કરી શકાય. અને અક્ષરજ્ઞાન મેળવ્યું એટલે સાહિત્યિક સજ્જતા પણ મળી રહે એવી કોઇક ભ્રામક માન્યતામાંથી જાતને દૂર લઈ જઈ શકાય. ને આ કંઈ ઇટલીની જ વિશેષતા નહોતી. જર્મનીમાં પેલા જુવાને મને પૂછ્યું જ હતું ને: 'આર યુ કાફ્કા?'

પછી વાત કરવાપણું ઝાઝું રહ્યું નહિ. ગાડી એની નિયમિત ગતિએ ચાલતી રહી. નકશામાં જ વાંચેલાં નામ મૂર્ત સ્વરૂપ ધરીને જીવતી જાગતી હકીકત તરીકે સમયના અંતરે અંતરે નજર સમક્ષ પ્રત્યક્ષ થવા લાગ્યાં. માણસો ઊતરતાં ગયાં, ચડતાં ગયાં, ને એમ રાતના નવ વાગી ગયા. સાડા નવે ગાડી વેનિસના પ્લૅટફૉર્મમાં દાખલ થઈ ગઈ.

અહીં કોઈ હોટેલનું રિઝર્વેશન કરાવી નહોતું રાખ્યું. જે લોકો મને વીંટળાઈ વળ્યા હતા તેમનામાંથી એકને પસંદ કરવાનું હતું. 'વેનિસની કૅનાલના કાંઠા ઉપર હોટેલ કોની છે?' મેં પૂછ્યું.

'મારી.' એક જણાએ કહ્યું. 'તો ત્યાં જઈશ.' મેં કહ્યું.

'ચાલો.' તેણે કહ્યું. 'તમારી હોટેલ છે એ?' મેં રસ્તામાં પૂછ્યું.

'તો આવા હાલ હોય?' તે હસ્યો. 'મને તો દલાલી મળશે.'

'પણ હોટેલ...?' 'ફર્સ્ટ ક્લાસ. તમે જોજો તો ખરા!'

એ માણસ અમેરિકનોથી ટેવાઇ ગયો હશે. અંગ્રેજી સારું બોલતો હતો. ચાર મિનિટમાં અમે ખરેખર સારી એવી 'ગ્રૅન્ડ હોટેલ પ્રિન્સિપે'ના દરવાજામાં દાખલ થઈ ગયા. બધી વિધિ પતાવી, ઓરડામાં સરસામાન મૂકી બહાર નીકળી પડયો.

નાનો એવો રસ્તો હતો. બન્ને બાજુ દુકાનો. પાછળ કૅનાલ. કૅનાલમાં હોડકાં. સ્ટેશન આગળનો ભાગ, એટલે ધમધમતો લાગે. વેનિસનું મોટું નામ એની જોડે જોડાએલું ન હોય તો તો એ રાજકોટ કે પોરબંદરના અમુક અંદરના ભાગથી બહુ વિશેષ આકર્ષક કદાચ ન લાગે. પણ લાંબે પટે પથરાએલી કૅનાલ એ એની વિશેષતા હતી. આવે ટાણે પણ બોટો ઊપડતી હતી અને આવતી હતી. એ સમયે વાતાવરણ સવિશેષ જીવંત બની જતું હતું. એનું પૂરું વિશેષત્વ તો સવારે જ જોવા મળશે એમ વિચારી પાછો હોટેલે ચાલ્યો ગયો, ને જતાં વેંત ઊંઘી ગયો.

નાહીધોઇને સવારમાં નીચે ઊતર્યો. ગૅન્ડોલામાં બેસી વેનિસ જોવાની બપોરની ટૂરની ટિકિટ કઢાવી લીધી. જોવાની મુખ્ય જગ્યાઓ સાન માર્ગોના સ્કવેરમાં જ એકઠી થઈને પડી હતી. સાન માર્ગોની ટિકિટ કઢાવી. વિધવિધ તરેહનાં માણસોનો રાંભુમેળો તેમાં હતો.

શ્રીનગરમાં શિકારા ફરતા દેખાય તેમ આમાં બોટો ફરતી દેખાતી. પણ આમાં અને શ્રીનગરમાં ફેર હતો. શ્રીનગરમાં બોટમાં ન બેસો તો ય, કદાચ શાલીમાર અને નિશાત બાગના અપવાદ સિવાય, આખા ગામમાં તમે પગપાળા કે ગાડી-મોટરમાં ફરી શકો. એ રીતે એમાં એ બન્ને સગવડ ગણાય. વેનિસમાં તો એક સ્થળેથી બીજે સ્થળે જલમાર્ગે જ જવાનું. ભૂમિની પટ્ટીઓ હોય, પણ એમને જોડનાર માર્ગ તો જળનો જ.

સ્થળમાં જ વસનારાઓ માટે આ આકર્ષણ અદ્‌ભુત હતું. થોડી વારનો બોટનો પ્રવાસ આહ્લાદક બની રહ્યો. સાન માર્ગોના સ્ક્વેર પાસે ઊતર્યો ત્યારે બધું નાવીન્યભર્યું લાગતું હતું. બન્ને બાજુ પાણી અને વચ્ચે આ નાનો ભૂમિનો ટુકડો. એમાં પણ વળી ઘરો, ગલીઓ, બધું ય. નાની નાની ગલીઓ. ગંદી નહિ. પણ આટલી નાનીમાં સ્વચ્છતા તો હોય તેટલી હોય. સ્ક્વેર વિશાળ. તેમાં સામે જ સેંટ માર્કનું ભવ્ય કૅથેડ્રલ હતું. તે જોવા ગયો. જાહેર નોટિસ મૂકેલી હતી. સરખાં કપડાં નહિ પહેર્યાં હોય તેવાં સ્ત્રીપુરુષોને અંદર દાખલ કરવામાં નહિ આવે. સ્ત્રીઓએ સ્ત્રીઓ જેવો સરખો પોશાક પહેર્યો હોવો જોઈએ. અર્ધાં પાટલૂન, ને જીન્સ, ને એવાંએવાં નખરાં ન ચાલે. પુરુષોનો પણ એવો અછડતો પોશાક ન ચાલે.

બહારથી ભવ્ય લાગતું એ કૅથેડ્રલ અંદરથી ઓછું ભવ્ય નહોતું. એ ભવ્યતાનો અંદર ઘૂમીઘૂમીને પૂરેપૂરો આસ્વાદ લીધો.

બહાર આવ્યો ત્યારે કૅથેડ્રલના પાંચ મિનાર પૃથ્વીને નમસ્કાર કરી રહ્યા હતા અને તેનો ઘુમ્મટ ઉપરથી સાંકડો થતો થતો ગગનમાં ગુમ થઈ જતો હતો. એ જોતાં હૃદયે અનેરી તૃપ્તિ અનુભવી. બાજુમાં જ ડ્યુકલ પૅલેસ હતો. મધ્ય યુગના વેનિસની જાહોજલાલી યાદ આવી ગઈ. ત્યાંના સર્વસત્તાધીશ ડ્યૂકો, તેમની રાજરમતો, તેમનો વૈભવ અને તેમની આપખુદ નજર સમક્ષ તાદૃશ થઈ ગઈ. ફરી ભરીને અંદર દાખલ થયો. ચિત્રોનો ખજાનો અદ્‌ભુત હતો. બધું ય સરળતાથી સમજાવી દે એવી ગાઈડબુક મળતી હતી. એની મદદથી સર્વે કલાસમૃદ્ધિ રસપૂર્વક માણતો હતો, એક એક ચિત્ર આગળ ઊભો રહી એ પોથીમાંથી એને વિષેની વિગતો મેળવતો હતો, ત્યાં મેં જોયું કે પંદર-સોળ વર્ષની બે કિશોરીઓ ઈર્ષ્યાભરી આંખે મારી એ ચોપડી તરફ જોઈ રહી હતી. અમારી નજર મળી કે તરત તેમણે પોતાની નજર ખેંચી લીધી અને ચિત્રો જોવા લાગી. હું સમજી ગયો. નજીક ગયો. પૂછ્યું: 'તમારી પાસે આવી પોથી નથી? આમાં ઘણી વિગતો આપી છે.'

'અમે નથી લીધી.' તેમણે કહ્યું.

'છતાં સમજાય છે બધું?'

'ખબર નથી પડતી.'

'તો ચાલો; આપણે સાથે જોઈએ. હું એકલો એકલો કંટાળું છું.'

રાજી થઈ ગઈ. અનેક ચિત્રો વિષે પૂછવા માંડી. પોતાને વિષે પણ કહેવા માંડી. અંગ્રેજ હતી. સંગીત શીખવા વેનિસ આવી હતી, થોડા મહિના માટે. અહીં પહેલી જ વખત આવતી હતી. સંગીતની ખરેખર શોખીન હતી બન્ને. 'ભારતમાં પણ સંગીત છે.' મેં કહ્યું.

'અમને ખબર છે. અત્યંત સુંદર છે.' તેમણે કહ્યું.

'જબરાં લાગો છો.' હું હસ્યો: 'તમે હજી નાનાં છો. તમારે આવો વિવેક દર્શાવવાનો ન હોય. તમે એને વિષે શું જાણો?'

'કેમ ન જાણીએ?' એકે કહ્યું. 'અમે લંડનમાં વિલાયતહુસેન, અલીઅકબર અને રવિશંકરનું સંગીત સાંભળ્યું છે.'

'ને—' બીજીએ ઉમેર્યું: 'એ અમને અદ્‌ભુત લાગ્યું છે.'

'ખરેખર?'

'ખરેખર.'

એ સાંભળવું ગમ્યું. એને અંગે અને ચિત્રો વિષેના એમના મુગ્ધ કુતૂહલને અંગે એ પૅલેસની કલાયાત્રા મારે માટે સ્મરણીય બની રહી.

મહેલમાંથી બહાર નીકળ્યો છતાં જીવ તો અંદર જ ભરાએલો હતો. આ પ્રજામાં કલાનો કેટલો મહિમા હશે, કે જ્યાં જુઓ ત્યાં તેના ઢગલા ને ઢગલા! મંદિરોમાં પણ, ને મહેલોમાં પણ! અને કેવા ઢગલા!

એના કેફમાં ચકચૂર બનીને સ્ક્વેરમાં અને એની આજુબાજુની ગલીઓમાં ભમ્યા કર્યું. પગ થાકવા લાગ્યા ત્યારે ખયાલ આવ્યો કે ભૂખ પણ લાગી છે. સારી દેખાતી એક રેસ્ટોરાંમાં ઘૂસી ગયો. ક્યાં બેસવું એમ વિચારી રહ્યો હતો ત્યાં એક મૂછાળા ગૃહસ્થે પાસે આવવા ઈશારત કરી: 'જગ્યા શોધો છો?' તેમણે પૂછ્યું: 'અહીં ખાલી છે.'

'તમને ડિસ્ટર્બ નહિ થાય?' મેં કહ્યું.

'મને મઝા આવશે.'

બેઠો. એ તો ખૂબ જ વાતોડિયા નીકળ્યા. અંગ્રેજ હતા. ભારતમાંથી અંગ્રેજોના ચાલી ગયા પછી ભારતને કેવું વસમું લાગતું હતું એ જાણવા માગતા હતા. 'ભારતને આરામ લાગે છે.' મેં હસીને કહ્યું.

'ખરેખર?' તેમના માનવામાં નહોતું આવતું.

'તદ્દન. પિયાનો ગમે એવા સુંદર સૂર કાઢતો હોય, પણ એને ઉપાડીને ફરવું તો કોઈને ન જ ગમે ને?'

'ન જ ગમે; પણ એને ને આપણી વાતને શું લાગેવળગે?'

'ભારતમાં અંગ્રેજો અમને એવા સુંદર પિયાનો જેવા લાગતા હતા.'

'હાં, હાં. એટલે કે એ સૂર સામે તમને વાંધો નહોતો, પણ બોજો ઉપાડવો નહોતો.'

'એક્ઝૅક્ટલી સો.' મેં કહ્યું.

'સમજ્યો.' પછી ક્ષણવાર વિચારમાં બેસી રહ્યા પછી કહે: 'બરોબર છે, એમ જ થાય ને!' પછી વળી: 'પણ મને તો એમ હતું કે અમે લોકો ચાલ્યા ગયા તેથી તમે મૂંઝાતા હશો, અને ફરી પાછા અમે આવીએ તેમ ઇચ્છતા હશો.'

મૂંઝાઈએ તો છીએ, પણ અમારે કારણે; ને છતાં ભારતમાં એકે માણસ એવો નથી જે ઇચ્છતો હોય કે અંગ્રેજો પાછા આવે તો સારું.'

'ખરેખર?' પછી પોતાને જ કહેતા હોય તેમ. 'ઈટ ઇઝ અ ન્યુસ.' પછી સરળતાપૂર્વક: 'વારુ; પણ તમારા આ સ્પષ્ટ જવાબથી મને આનંદ થાય છે. મારી ધારણા ખોટી પડી એનો પણ આનંદ છે. શા માટે કોઈએ પણ માનવું જોઈએ કે મારા વિના બીજાને ચાલે જ નહિ!'

પછી મારી પ્રવાસયાત્રા વિષે વાતો સાંભળી. હું ફ્લૉરેન્સ અને રોમ જવાનો હતો એ જાણી અત્યંત ખુશ થયા. એ બન્ને જગ્યાએ ક્યાં ક્યાં રહેવું ને શું શું જોવું એ વિષેની એક લાંબી એવી યાદી કરી આપી; અને બિલ આવ્યું ત્યારે મારું બિલ પણ ચૂકવી આપ્યું: 'મેં તમને અહીં નોતર્યા હતા, એક; ને તમે સાચી વાત કહી મારી ભ્રમણા ભાંગી, બે; આ બે કારણે મારે જ તમારું બિલ ચૂકવવું જોઈએ.' તેમણે કહ્યું. તેમની આંખોમાં આગ્રહ ઊભરાતો હતો. 'યુ આર વેલકમ.' મેં કહ્યું.

વેનિસના તો સ્થળેસ્થળની તેમને ખબર હતી. શું શું જોવું તે વિષે કહેવા લાગ્યા. મેં શું શું જોયું હતું તે કહ્યું. સાન માર્ગો સ્ક્વેર નજીકમાં જ એક હાટડી પાસે એક ગઠિયા હાટડીવાળાએ એક વૃદ્ધ અમેરિકન સ્ત્રીને શી રીતે પરેશાન કરી મૂકી હતી, છેતરીને, એની મેં વાત કરી. પેલીએ એક ચીજ જોવા ઉપાડીને પાછી મૂકી દીધી હતી. પેલો કહેતો હતો, તેણે એ ખરીદી હતી અને બગાડી પણ હતી. હવે તેણે એ લેવી જ જોઈએ. પેલી ના પાડતી હતી. એ જ સાચી હતી, છતાં દુકાનદાર ઘાંટા પાડતો હતો. ટોળું ભેગું થયું હતું. એ સ્ત્રી બધા સામે યાચના-

ભરી નજર નાખી પોતાની વાત કરતી હતી. કોઈ કશું સાંભળતું નહોતું. માત્ર કુતૂહલથી સહુ જોઈ રહેતાં હતાં. અંતે એ સ્ત્રી ભાંગી પડી. તેની આંખો પાણીથી ભરાઈ ગઇ તે ગદ્‌ગદ્‌ કંઠે બોલી પડી : 'મારી આખી જિંદગીમાં કોઇએ મને આ રીતે જૂઠી પાડી નથી, ને લૂંટી લીધી નથી.' ને...ને...એણે પૈસા જોખી આપ્યા.

એ હસી પડયા. કહે: 'તમે ઓળખતા નથી આ ઇટૅલિયનોને. અહીં ધ્યાન ન રાખો તો છેતરાઇ જ જાઓ. તમે પણ ચેતતા રહેજો, હોં.'

'હું છેતરાઉં એવો તો મને નથી લાગતો.'

'એમાં ન છેતરાનારની કુશળતા કરતાં છેતરનારની આવડત ઉપર વધારે આધાર રહે છે.' તેમણે કહ્યું : 'જોજો તમે.'

'ભલે જોઈશ. પણ હમણાં તો આ વેનિસ નગરી જોઈ લઉં.' કહી મેં ઘડિયાળમાં જોયું. બપોરની મારી ટૂરનો ટાઈમ થવા આવ્યો હતો. ટૂરને મથકે પહોંચી ગયો. ટિકિટ બતાવી. ગૉન્ડોલા તૈયાર હતી. અમુક ઘાટની હોડીને 'ગૉન્ડોલા' કહે છે—કાશ્મીરમાં જેમ 'શિકારો' કહે છે તેમ. તેમાં બેઠક લીધી. ત્યાં બાઈરનની પંક્તિઓ યાદ આવી:

'We shall go no more a-rowing
By the light of the moon.'

એ રોમૅન્ટિક કવિના દુ:ખભર્યા જીવનની સમગ્ર કરુણતા નજર સમક્ષ પ્રત્યક્ષ થઈ ગઈ. સાથેસાથે આ સુંદર વેનિસ નગરીના જલમાં ચંદ્રના પ્રકાશમાં જો રાત્રિએ નૌકાવિહાર કરવા મળે તો તે કેવો રોમાંચક અનુભવ બની જાય તેની કલ્પના પણ આવી ગઈ, ને એના જમાનામાં તો આવા ભડકે બળતા વીજળીના દીવાઓ પણ નહોતા !

નાની એવી હોડી હતી. પાંચ કે છ જ પ્રવાસીઓ અંદર હતા. અને એક ગાઈડ. ગાઈડ ઘણો તૈયાર હતો. ઇતિહાસ અને કલા બંનેનો જાણકાર હતો. હોડી ચાલવા માંડી કે એની વાગ્ધારા શરૂ થઈ ગઈ 'આ સામે કિનારે ઊભેલાં મકાનો કેવાં સુંદર છે! તેમાંથી બહાર પગ સીધો ગૉન્ડોલામાં જ મૂકાય. વેનિસની નહેર તેમને હમેશાં પખાળતી રહે. કેવાં ભવ્ય પણ છે એમાંનાં થોડાંક! સદીઓ જૂનાં છે એ, હોં. એની જોડે ઇતિહાસ સંકળાએલો છે. કહું તમને? પેલું...'ને એકાદ મકાન બતાવીને એ ઇતિહાસ કહેવા મંડી જાય.

પણ એમ તો અમારી હોડીમાં પણ ઇતિહાસ રચાતો હતો! અમે જે પાંચ છ જણાં હતાં તેમાં એક અમેરિકન યુગલ હતું. પણ એ નવી નવાઈનું હતું. પતિ વૃદ્ધ હતો, પત્ની યુવાન. પતિ લટ્ટુ હતો, પત્ની બેદરકાર. પતિ અપમાનો ખમી ખાઈ શકે તેવો હતો, પત્ની ભરપટ્ટે તેને એ ખોરાક ખવડાવનારી. એ બન્ને વચ્ચેનો સંવાદ ચાલતો હતો તે સાંભળવાની અને એ બન્નેની ચેષ્ટાઓ જોવાની મઝા આવતી હતી. અત્યારનું આખું યે આ રોમાન્સ—વેનિસમાં નૌકાવિહાર કરવાનું—તે પત્નીને જાણે સ્પર્શતું જ નહોતું. પતિ કાલોકાલો થઈ જતો હતો: 'જોયું આ, મેરી? જોયું? કેવું સરસ છે, નહિ? આટલું બધું જૂનું? મારા બાપ! આપણે ત્યાં તો...' ત્યાં પેલી ન છુપાવેલા તિરસ્કારથી બોલી ઊઠતી : 'હા, હા; જોયું, બધું જોયું. તેમાં આવા ગાંડા ગાંડા શું થઈ જાઓ છો? બધા મશ્કરી કરશે. તે તમે જાણે નવી નવાઈના અહીં આવ્યા હશો, કેમ? બાળક છો, સાવ બાળક....'

પેલો તો જાણે વરદાન મળ્યું હોય તેવો થઈ જતો. 'હા, હા, મેરી; તારી આગળ તો મને બાળક જ થવું ગમે.'

'છી, છી, છી; આ બધા આગળ ભૂંડા લાગો છો.'

'પણ તું—તું ખરેખર ખૂબસૂરત લાગે છે, હોં.'

'ખબરદાર, બધા દેખતાં એવું એવું બોલ્યા છો તો...'

'નહિ બોલું, બસ.'

બધાના ચહેરા પર સ્મિત ઊભરાયું; પણ બધા જાણે એ જોયું ન જોયું અને સાંભળ્યું ન સાંભળ્યું કરતા હતા. હોડી પાણીમાં વહેતી જતી હતી. વચ્ચે વચ્ચે પુલ આવતા—એક ભાગને બીજા જોડે જોડતા. શ્રીનગરમાં આવે છે તેમજ. ત્યારે ગાઈડ એ વિષે કહેતો. પણ એક પુલ આવ્યો ત્યાં તો તેણે ગૉન્ડોલાને અત્યંત ધીમી પાડી દીધી. વિજયવંત સ્વરે બોલ્યો: 'સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓ! આ પુલનું નામ છે રિયાલ્ટો બ્રિજ. કશું યાદ આવે છે?'

મારી બાજુમાં બેઠેલા ભાઈ બોલી ઊઠયા : 'મર્ચન્ટ ઑવ વેનિસ.'

ને પોર્શિઆ, ને શાઇલૉક, ને એ બધી દુનિયાએ થોડી વાર માટે અમારી ગૉન્ડોલાને ભરી દીધી. પેલી મેરી પણ પળવાર માટે પતિનું અપમાન કરવું ભૂલી ગઈ અને બધાંય સામે જોઇને, કોઇને પણ જાણે કહેતી ન હોય તેમ, મોટેથી બોલી ઊઠી : 'વ્હૉટ અ વૂમન!'

'તારા જેવી તો નહિ જ હોં, ડાર્લિંગ.' પતિદેવ બોલી ઊઠયા.

'ચૂપ બેસો.' તેણે કહ્યું, ને ફરી પાછું તેમનું નાટક શરૂ થઇ ગયું.

એક પ્રખ્યાત ચર્ચ જોયું. તેની અંદરનો ચિત્ર ને શિલ્પનો ખજાનો પણ બીજા ખજાનાઓ જેટલો જ સમૃદ્ધ હતો. એ જગ્યાએ અમારો ગાઈડ એના સર્વોત્તમ સ્વરૂપે ઝળહળી ઊઠયો. કોઇ વિદ્વાન પ્રાધ્યાપકનું હોય તેટલું તેનું જ્ઞાન હતું એ ચિત્રો અને શિલ્પો વિષેનું.

સાંજે બધું પતાવીને હોટેલમાં ગયો. ખાધું. રાત જામતી હતી ને મારે કશું કરવાનું નહોતું. ત્યાં યાદ આવ્યું. બપોરે ડયૂકલ પૅલેસમાં ઊતરેલી પેલી બે અંગ્રેજ બાળાઓ લિડોમાં ઊતરી હતી અને ત્યાંની લોકપ્રિયતા વિષે વાત કરતી હતી. રાતે તો ત્યાં જલસા જામે છે એમ પણ કહેતી હતી. જવાનું મન થયું. ટિકિટ કઢાવી ને ઊપડયો.

રાત્રિનો એ નૌકાવિહાર રમણીય હતો. લિડોની ટ્રિપ જરા લાંબી હતી એટલે મઝા આવતી હતી. બન્ને કિનારા પરની બત્તીઓ અને ચમકતાં જળ રમણીય દૃશ્ય ઊભું કરતાં હતાં. વચ્ચે મથકો આવતાં-જતાં. નૌકા રોકાતી, ઉતારુઓને ઉતારતી-ચડાવતી ને આગળ ચાલતી. જાણે હમેશની દુનિયાથી જુદી જ દુનિયામાં પ્રવેશ્યા હોઈએ.

પણ લિડોમાં પોતામાં ખાસ એવું રમણીય કહી શકાય એવું કશું ન દેખાયું. મોજશૉખનું એ ધામ હતું એટલે મોજશૉખની સામગ્રી પુષ્કળ પ્રમાણમાં હતી. કેટલી બધી ક્લબો હતી! અને રમત સાથે જ્યાં જુગાર ભળેલો હોય ત્યાં હસાહસ પણ પુષ્કળ થઈ જ રહે. વેનિસની યુવતીઓનું શરીરસૌષ્ઠવ પણ ત્યાં અનેરી અદાથી ચમકી રહેતું. મને હેલને ઇન્ટરલાકનમાં કહેલું એક વાકય યાદ આવતું હતું. વેનિસ જવાની વાત નીકળતાં તેણે કહ્યું હતું: 'ત્યાં ખૂબ મઝા આવશે, તમને.'

'મને?' મેં આશ્ચર્યથી પૂછ્યું હતું: 'બહુ સુંદર સ્થાન છે એટલે?'

'ના, તમે પુરુષ છો એટલે?' 'એટલે?'

'એ પ્રેમની નગરી છે. સ્ત્રીઓ ત્યાં યૌવનની લહાણી કરે છે.'

એ વાત આ લિડોમાં થોડીઘણી સાચી પડતી લાગી. એક ક્લબ પાસેથી હું પસાર થઈ રહ્યો હતો ત્યારે મેં બે યુવતીઓને મારી પાસેથી પસાર થતી જોઈ. એક ક્ષણમાં જ એ પસાર થઈ ગઈ, પણ એમની નજરમાં જ કંઈક એવું હતું કે એણે મને ફરી એમની દિશામાં જોવા પ્રેર્યો. બંને શરીરે પુષ્ટ ને મિજાજે મસ્ત લાગી થોડું ચાલીને ઊભી રહી ગઈ. મને પાછળ જોતો જોઈ હસી. હું પેલી ક્લબમાં દાખલ થઈ ગયો.

ઘડિયાળમાં જોયું. દસ થઈ ગયા હતા. સવારના પહોરમાં વેનિસ છોડવું હતું. લિડોની નાચગાનની, મસ્તી તોફાનની, રંગરાગની દુનિયા છોડી સ્ટેશન તરફ જતી બોટમાં બેસી ગયો. (ચાલુ)

'મનુજ સોહામણો : ચંદ્રની ધૂલિનું તિલક ભાલે!'

મગજશક્તિવાળો માનવપ્રાણી જ્યારથી વિચારતો થયો ત્યારથી એને ચંદ્ર વિષે કુતૂહલ ને આકર્ષણ રહેતું આવ્યું છે. પ્રેમ, પ્રજોત્પત્તિ, મનતરંગો કે ગાંડપણ વગેરે માનવજીવનનાં અનેક પાસાં સાથે ચંદ્ર વિષેની અવનવી માન્યતાઓ ને વહેમો સંકળાએલાં રહ્યાં છે, એટલું જ નહિ ઈ. ૧૯૭૧ની ૧૦ ફેબ્રુઆરીએ આવનાર ખગ્રાસ ચંદ્રગ્રહણ વખતે પણ માણસ એનાથી આવી પડનારી આફતોના કાલ્પનિક ભયથી પ્રેરાઇને કંઈક પ્રકારનાં વિધિ-વર્તન કરતો જોવા મળશે જ!

પણ બીજી બાજુ ચંદ્ર પ્રેરિત કુતૂહલે માણસને અનેક નવાં સંશોધનો કરવાની ને રોચક કલ્પનાઓમાં રાચવાની પ્રેરણા પણ આપી છે. જેના થકી અનેક વહેમો ફેલાયા છે એ જ ચંદ્રે જ્ઞાનની અનેક નવી શાખા પ્રસારી છે. છેક ઈ. ૧૬૫૬માં વાર્તા રૂપે ચંદ્રયાત્રાની કલ્પના વહેતી થઈ હતી, અને ૧૭મી સદીમાં જૉહાન કેપ્લરે ચન્દ્ર પરની કાતિલ ઠંડી, ત્યાંના અવકાશની વાતવિહીનતા, ગુરુત્વાકર્ષણના અભાવે ત્યાં પ્રવર્તતી વજનરહિતતા વગેરે હકીકતો રજૂ કરીને ચન્દ્રયાત્રાનાં સંભવિત ભયસ્થાનો પ્રતિ સાચી રીતે આંગળી ચીંધી હતી.

પરંતુ આ ૨૦મી સદીની ચંદ્રયાત્રાની નક્કર કલ્પના તો ઈ. ૧૮૬૫માં જુલે વર્ને રજૂ કરી. ચંદ્રયાત્રાની એની કલ્પનાકથામાં ફ્લૉરિડામાંથી કલાકે ૨૫,૦૦૦ માઈલના વેગે, વાતાવરણના ઘર્ષણથી તપીને લાલચોળ બની ગએલા સ-માનવ યાનને એણે ચંદ્રની પ્રદક્ષિણા કરાવીને પૃથ્વી પર પાછું ઉતારવાની ક્રિયામાં જે ગણતરીઓ કરી બતાવેલી એ સૈદ્ધાંતિક રીતે આજની ચન્દ્રયાત્રાની યોજનાની ઘણી નજીક હતી. છેલ્લે, એક બધિર રશિયન શિક્ષક કૉન્સ્ટન્ટાઈન ત્સીઓલ્કોવ્સ્કીએ રૉકેટ દ્વારા ચંદ્ર પર પહોંચવાની શક્યતાને ગાણિતિકરીતે પુરવાર કરી બતાવી. ત્યાર પછી ચંદ્ર પ્રતિનાં કલ્પનાનાં ઉડ્ડયનો ઝાંખાં પડવા માંડીને ધીરેધીરે એ યાત્રા એક નક્કર સ્વરૂપ લેવા લાગી, અને અમેરિકા તથા રશિયા જેવાં બે મોટાં રાષ્ટ્રોએ એ અંગે પ્રયોગો કરવા માંડ્યા અને એ બંને દેશો વચ્ચેની ચડસાચડસીને કારણે આ દિશામાં ઝડપી પ્રગતિ થઈ.

સાચી હકીકતોના ગોપનને કારણે રશિયન વિકાસનો બહુ સ્પષ્ટ ખયાલ આપણને નથી, પણ હજી એક દાયકા પહેલાં જ આ માટે સ્થપાએલા અમેરિકન એકમ 'નાસા' (NASA)એ સાધેલા વિકાસ વિષે ઠીકઠીક માહિતી મળી છે. 'નાસા'ની સ્થાપના પછી સાત જ દિવસમાં અવકાશ-સંશોધનની એની આરંભની 'મર્ક્યુરી' યોજનાઓ અમલમાં મુકાવા માંડી. બે વર્ષ પછી કેપ કાનેવરલ(આજના કેપ કેનેડી)થી 'રેડ સ્ટોન' રૉકેટમાં ઍલન બી. શેપર્ડે ૧૫ મિનિટ સુધીનું ઉપ-અંતરીક્ષ ઉડ્ડયન કર્યું; ૧૯૬૨ના ફેબ્રુઆરીમાં જ્હૉન ગ્લેન અંતરીક્ષમાં ઊડ્યો; અને પછી તુરત ચંદ્ર પર જવા માટેના પુરોગામી ચરણ તરીકે 'જેમિની' યોજનાનો આરંભ થયો.

એપ્રિલ ૧૯૬૪થી નવેમ્બર ૧૯૬૬ દરમિયાન અંતરીક્ષયાત્રીઓએ કુલ ૧૯૪૦ કલાક જેટલો સમય અંતરીક્ષમાં રહેવાનો અનુભવ મેળવ્યો. દરમિયાન એમણે અંતરીક્ષમાં ચાલવાના અને બે અવકાશયાનોને અંતરીક્ષમાં જોડવાના સફળ પ્રયોગો પણ કર્યા. સાથોસાથ યાનની અંદર રહેલા માનવ દ્વારા તેનું સંચલન પણ શક્ય બન્યું. અને આ પછી 'ઍપોલો યોજના'નો આરંભ થયો.

હવે માનવીનું લક્ષ્ય ચંદ્ર પર હતું. અઢી લાખ માઈલ જેટલે દૂર પહોંચવા 'સૅટર્ન-૫' નામના જંગાવર પ્રક્ષેપક (રૉકેટ)નો વિકાસ થયો. ૭૫ લાખ રતલનું દબાણ પેદા કરવા પ્રતિ સેકંડે ૧૦ ટન જેટલું ઇંધણ બાળતા, અને ૧૪૦ ટન જેટલા વજનને પૃથ્વીના વાતાવરણની યે બહાર પહોંચવાને શક્તિમાન આ રૉકેટો જેટલું બળ એવા બીજા કોઈ સાધનમાં નથી. ઍપોલો યોજનાનાં બધાં ઉડ્ડયનો માટે આ રૉકેટો જ વપરાયાં છે. અને આ પરિશ્રમનું ફળ આ વર્ષે આપણે પ્રત્યક્ષ નિહાળ્યું. હજારો માઈલનો પ્રચંડ વેગ, આપમેળે જ કામ કરતી અનેક અટપટી વિજ્ઞાન-રચનાઓ, અઢી લાખ માઈલ દૂરથી સંદેશાની આપ-લે અને ટેલિવિઝનની શક્યતા, પૃથ્વી છોડી દઈ અવકાશ વીંધીને સૂર્યમાળાના એક અન્ય અંગ પર પોતાનાં પગલાં પાડવાની માણસની શક્તિ, અને આ સમગ્ર યાત્રા સાથે સંકળાએલી માનવ બુદ્ધિશક્તિની અન્ય અનેક ચમત્કારિક સિદ્ધિ માનવ-ઈતિહાસમાં એક ઉજ્જ્વલ ચક્રવર્તી પ્રકરણનો આરંભ કરે છે.

જે નવાં લક્ષ્યો સાધવાની માણસે હામ ભીડવા માંડી છે તેનું આ તો હજી પ્રથમ ચરણ છે. અનંત અવકાશ પ્રતિની એની ભાવિ દોટની આ પા-પા-પગલી પણ એક નક્કર શ્રદ્ધા પ્રેરે છે. માનવીનું ભાવિ જ્ઞાનક્ષેત્ર કેટલું વિશાળ હશે એની આ તો માત્ર એક ઝાંખી છે. ચંદ્રની ધૂલિનું તિલક કરી માણસે આરંભેલાં વિરાટ સાહસો માટે એની આ સિદ્ધિ પૂર્ણ શ્રદ્ધા પ્રેરી રહે છે.

૧૬ જુલાઇ, ૧૯૬૯—કેપ કેનેડી: ટેક્નિશીઅનોની સતત આઠ વર્ષની અતાગ મહેનત અને ૨૪૦ અજબ ડૉલરના ખર્ચે પછી પૃથ્વીથી લગભગ અઢી લાખ માઈલ દૂર ચંદ્રની ધરતી પર પગ માંડવા માટે ત્રણ અમેરિકન—નીલ આર્મસ્ટ્રૉંગ, માઈકલ કૉલિન્સ અને બઝ આલ્ડ્રિન એમની ચક્રપ્રવર્તક યાત્રા માટે તૈયાર થઈ રહ્યા હતા. યાત્રાની પૂર્વતૈયારી રૂપે, એમની વૈદ્યકીય તપાસ થઈ. એમણે નાસ્તો કર્યો. (હવે પછી તેઓ પૃથ્વી પર પાછા ફરે ત્યાં સુધી અવકાશયાત્રા માટેના ખાસ પ્રકારના ખોરાક વડે ચલાવવું પડવાનું હતું.) યાત્રા માટેનો વિશિષ્ટ પોશાક ચડાવ્યો અને તેમને યાન પાસે લાવવામાં આવ્યા. અને આખી યે દુનિયા જેની આતુરતાથી રાહ જોઈ રહી હતી એવા એમના એ ઉડ્ડયનને જ્યારે બે કલાક અને ૪૦ મિનિટની વાર હતી ત્યારે તેઓ એમને લઈ જનાર ત્રણ તબક્કાવાળા પ્રક્ષેપક સૅટર્નની ટોચે, જમીનથી ૩૦૦ ફૂટથી યે વધુ ઊંચે પોતાના અવકાશયાનમાં દાખલ થયા. દરમિયાન પ્રક્ષેપક (રૉકેટ) સૅટર્નના પ્રથમ વિભાગમાં પૅરાફિન અને પ્રવાહી ઑક્સિજન તથા બીજા બે વિભાગમાં પ્રવાહી હાઇડ્રોજન અને પ્રવાહી ઑક્સિજનનું બળતણ પૂરી લેવામાં આવ્યું.

સ્થાનિક સમય બરાબર સવારના ૯–૩૨ મિનિટે (ભારતીય સમય સાંજના ૭–૦૨) વાગ્યે પ્રચંડ ગડગડાટ સાથે એમની ચંદ્ર પ્રતિની સફરનો આરંભ થયો. પ્રત્યક્ષપણે અને ટેલિવિઝનના પડદા દ્વારા લગભગ ૬૦ કરોડ માણસોની સાક્ષીમાં માનવ-ઇતિહાસના એક અ-પ્રતિમ પ્રકરણનો આરંભ થયો.

૨ કલાક અને ૪૩ મિનિટ પછી પ્રક્ષેપકનો પહેલો અને બીજો વિભાગ યાનથી છૂટો પડી ગયો. એમાં પહેલા વિભાગના બળતણનું જ્વલન તો પ્રક્ષેપક ઊંચકાયું એ પહેલાં બે સેકંડથી જ આરંભાઈ ગયું હતું. અને ઊપડ્યા પછી દોઢેક મિનિટમાં યાનને અવકાશમાં ધકેલવા એની બધી જ શક્તિ પૂરેપૂરી કામે લાગી ગઈ હતી. સવા બે મિનિટમાં

અવકાશમાં માત્ર અધ્ધર જઈને સીધાં નીચે પાછાં ફરનારાં કેટલાંક પ્રાણીઓ અને વ્યક્તિઓને બાદ કરતાં એ અનંત કાળી ડિબાંગને વીંધી પૃથ્વીની પ્રદક્ષિણા કરનારાં પ્રાણી અને માનવીની સંખ્યા ઈ. ૧૯૫૭ના નવેમ્બર માસથી આરંભાઇને અત્યાર સુધીમાં પચાસ ઉપર પહોંચી છે. આજે ચંદ્રની ધરતી પર પગલાં પાડી આવનાર માનવીના એ પુરોગામીઓની તે સફરો તદ્દન જોખમરહિત તો નહોતી બલ્કે ચંદ્ર પ્રતિની અણજાણ કેડી ખુલ્લી કરવાનો યશ એમને પણ ઘટે છે. એ છે: લાઈકા (સ્પુટનિક-૨, નવેમ્બર ૩, ૧૯૫૭); બેલ્કા અને સ્ટ્રેલ્કા (સ્પેસશિપ-૨, ઑગ. ૧૯, ૧૯૬૦); શેલ્કા અને મુશ્કા (સ્પેસશિપ-૩, ડિસે. ૧, ૧૯૬૦); ચેરનુશ્કા (અને અન્ય પ્રાણીઓ. સ્પેસશિપ ૪, માર્ચ ૯, ૧૯૬૧); ઝવેઝડોશ્કા (સ્પેસશિપ-૫, માર્ચ ૨૫, ૧૯૬૧). આ બધાં રશિયન શ્વાન છે. એ પછી પ્રથમ માનવ ઉડ્ડયનનો આરંભ થયો એમાં—


યુરી ગાગારિન (વૉસ્તૉક-૧, એપ્રિલ ૧૨, ૧૯૬૧)
હર્મન ટિટોવ (વૉસ્તૉક-૨, ઑગ. ૬, ૧૯૬૧)
ચિમ્પાન્ઝી એનોસ (મર્ક્યુરી ૨, નવે. ૨૯, ૧૯૬૧)
જ્હૉન ગ્લેન (ફ્રેન્ડશિપ-૭, ફેબ્રુ. ૨૦, ૧૯૬૨)
સ્કૉટ કાર્પેન્ટર (ઑરોરા-૭, મે ૨૪, ૧૯૬૨)
ઍન્ડ્રીઅન નિકોલાયેવ (વૉસ્તૉક-૩, ઑગ. ૧૧, ૧૯૬૨)
પૅવેલ પૉપૉવિચ (વૉસ્તૉક-૪, ઑગ. ૧૨, ૧૯૬૨)
વૉલ્ટર શિરા (સિગ્મા-૭, ઑક્ટો. ૩, ૧૯૬૨)
ગૉર્ડન કૂપર (ફેઈથ-૭, મે ૧૫, ૧૯૬૩)
વાલેરી બાયકોવસ્કી (વૉસ્તૉક-૫ જૂન, ૧૪, ૧૯૬૩)
વાલેન્તિના ટેરેશ્કૉવા—એક માત્ર સ્ત્રી અવકાશયાત્રી
(વૉસ્તૉક-૬, જૂન ૧૬, ૧૯૬૩)
વ્લાડિમિર કૉમારૉવ અને બૉરિસ યેગૉરૉવ તથા કૉન્સ્ટનટિન ફેઑક્તિસ્ટૉવ (વૉસ્ખોડ-૧, ઑક્ટો. ૧૨, ૧૯૬૪)
પાવેલ બેલ્યાયેવ ને ઍલેક્સેઈ લીઑનૉવ
(વૉસ્ખોડ-૨, માર્ચ ૧૮, ૧૯૬૫)
વર્જિલ ગ્રિસૉમ અને જ્હૉન યંગ (જેમિની-૩, માર્ચ ૨૩, ૧૯૬૫)
જેમ્સ મૅક'ડેવિટ તથા ઍડવર્ડ વ્હાઇટ (જેમિની-૪, જૂન ૩, ૧૯૬૫)
ચાર્લ્સ કૉન્રાડ (જેમિની-૫, ઑગ. ૨૧, ૧૯૬૫)
જેમ્સ લૉવેલ ને ફ્રૅંક બૉર્માન(જેમિની-૭, ડિસે. ૪, ૧૯૬૫)
ટૉમસ સ્ટૅફૉર્ડ (જેમિની-૬, ડિસે. ૧૫, ૧૯૬૫)
વેટેરૉક અને યુગૉલ્યૉક-કૂતરા
(કૉસ્મૉસ-૧૧૦, ફેબ્રુ. ૨૨, ૧૯૬૬)
નીલ આર્મસ્ટ્રૉંગ અને ડૅવિડ સ્કૉટ
(જેમિની-૮, માર્ચ ૧૬, ૧૯૬૬)
યુજિન કેરનાન (જેમિની-૯, જૂન ૩, ૧૯૬૬)
માઇકેલ કૉલિન્સ (જેમિની-૧૦, જુલાઈ ૧૮, ૧૯૬૬)
રિચાર્ડ ગૉર્ડન (જેમિની-૧૧, સપ્ટે. ૧૨ ૧૯૬૬)
એડવિન આલ્ડ્રિન (જેમિની-૧૨, નવે. ૧૧, ૧૯૬૬)
કેટલાક કાચબાઓ (ઝૉન્ડ-૫, સપ્ટે. ૧૫, ૧૯૬૮)
ડૉન ઇસેલ અને વૉલ્ટર કર્નિંગહામ
(ઍપોલો-૭, ઑક્ટો. ૧૧, ૧૯૬૮)
જ્યૉર્ગી બેરેગૉવૉલ (સોયુઝ ૩, ઑક્ટો. ૨૬, ૧૯૬૮)
વિલિયમ ઍન્ડર્સ (ઍપોલો-૮, ડિસે. ૨૧, ૧૯૬૮)
વ્લાડિમિર શૅતેલૉવ (સોયુઝ-૪, જાન્યુ. ૧૯૬૯)
બૉરિસ વૉલીનૉવ અને ઍલેક્સેઈ યેલિસેયેવ
(સોયુઝ-૫, જાન્યુ. ૧૫, ૧૯૬૯)
રસેલ શ્વેકાર્ટ (ઍપોલો-૯, માર્ચ ૩, ૧૯૬૯)

તો એણે યાનને પૃથ્વીના વાતાવરણના વધુમાં વધુ ઘટ્ટ આવરણોની પાર પહોંચાડી દઈને પોતાની કામગીરી પૂરી કરી. આટલી વારમાં યાન ૨૯ માઈલ ઊંચે કલાકના ૪૦૦૦ માઇલના વેગે દોડતું થઈ ગયું હતું. હવે પ્રક્ષેપકના બીજા વિભાગનું કામ ચાલુ થયું અને છ જ મિનિટના દહન પછી એણે યાનને પૃથ્વીથી ૧૨૨ માઈલ ઊંચે એના ચંદ્રયાત્રાના પથ પર વળવાની કક્ષાએ પહોંચાડી દીધું. ૨ ક. અને ૫૦ મિનિટ પછી ત્રીજા વિભાગે યાનને એના લક્ષ પ્રતિ વાળ્યું અને અવકાશયાત્રીઓ હવે સીધા ચંદ્ર તરફ જવા લાગ્યા. બરાબર ૭૫ કલાકે તેઓ ચંદ્રની નજીક પહોંચ્યા અને ૫૪ મિનિટ પછી તેઓ ચંદ્રની ફરતી પ્રદક્ષિણાના માર્ગ પર ઊડવા લાગ્યા.

ઉડ્ડયનના આરંભ પછી ૧૦૨ કલાક અને ૪૫ મિનિટે ચંદ્રયાત્રી નીલ આર્મસ્ટ્રૉંગ અને આલ્ડ્રિન ચંદ્રની સપાટીથી માત્ર બે મિનિટના અંતર જેટલા જ દૂર રહ્યા હતા. બે કલાક પહેલાં જ તેઓ પોતાના 'લ્યૂનર મૉડ્યુલ'માં 'કમાન્ડ મૉડ્યુલ' અને તેના સંચાલક કૉલિન્સથી છૂટા પડ્યા હતા. છેક છેવટની કેટલીક મિનિટો સુધી એમના યાનનું સંચાલન કૉમ્પ્યુટર વડે જ થતું રહ્યું હતું તે હવે આર્મસ્ટ્રૉંગે પોતાને હસ્તક લીધું. અંતે નિશ્ચિત કાર્યક્રમ પ્રમાણે એમનું યાન ચંદ્રની સપાટી [illegible] એમાંના બંને યાત્રીઓએ કેટલીક તૈયારીઓ કરી, થોડો [illegible] ૫૧ મિ.) એક યાત્રી બહુ સાવચેતીપૂર્વક યાનની બહાર આવ્યો અને ચંદ્રની ઉત્પત્તિ પછી પહેલી જ વાર તેની સપાટી પર કાળામાથાના માનવીઓએ ઉતરાણ કર્યું.

એ સમયે ચંદ્રની સપાટી પર સૂર્યપ્રકાશ ઝળહળતો હતો, પણ આકાશ તદ્દન કાળું અને સૂર્ય એક તેજસ્વી પ્રકાશપુંજ જેવો લાગતો હતો. આપણને પૃથ્વી પરના આકાશનો વાદળી રંગ તો આપણા વાતાવરણમાંના સૂક્ષ્મ રજકણોને કારણે દેખાય છે. ચંદ્ર પર વાતાવરણનો અભાવ છે એટલે ત્યાં આકાશ તો કાળું લાગે જ છે, પરંતુ એની સપાટી પર પડતા પડછાયા પણ તદ્દન કાળા ને તીક્ષ્ણ કિનારીવાળા હોય છે. એ છાયામાં પ્રકાશના પરાવર્તનને અભાવે કશું જ જોઈ શકાતું નથી. એટલે જો કોઈ ખાડો નજરે પડે તો એ કેટલો ઊંડો છે તે સમજી શકાય જ નહિ. યાત્રીઓએ ત્યાં રોપેલા પોતાના રાષ્ટ્રધ્વજને પણ એમણે તારની સહાયથી જ પહોળો રાખેલો. અન્યથા એ હવારહિત ચંદ્ર પર ફરકયા વિના લબડતો જ રહે.

ચંદ્રની સપાટી પરના એમના ૨૨ કલાકના એ રોકાણ દરમિયાન એમણે પૃથ્વી પર ટીવીકાસ્ટ મોકલ્યા, ત્યાંની ધરતીના નમૂના રૂપ પથ્થરો એકઠા કર્યા અને સીસ્મોમીટર, લેસર રિફ્લેક્ટર વગેરે જેવાં સાધનો ગોઠવ્યાં કે જેની મારફત ત્યાંની માહિતી પૃથ્વીને પહોંચતી રહે. પછી લ્યૂનર મૉડ્યુલમાં પાછા ફરી, ચંદ્રની ધરતી છોડી, 'કમાન્ડ મૉડ્યુલ' સાથે જોડાઇ જઈને યાત્રાના આરંભ પછી ૧૯૫ ક. ૧૯



ચંદ્રની સપાટી પર યાત્રીઓએ બજાવેલી કામગીરીના મુખ્ય અંગોનો ખ્યાલ આપતું કલ્પનાલેખન


મિનિટે તેઓ પૅસિફિક મહાસાગરમાં ઊતરી આવ્યા.

માનવીની પહેલવહેલી ચંદ્રયાત્રાની આ આછી રૂપરેખા છે. એ સમયનાં દૈનિક અખબારોમાં તો એના રોજેરોજનાં વિગતવાર વર્ણનો પ્રકટ થતાં રહેલાં એટલે એનાથી લગભગ બધા જ જ્ઞાત છે.

અવકાશ પર સિદ્ધિ મેળવવાના માનવીના પ્રયત્નોના આરંભનો અહીં અંત આવીને હવે એક નવા જ પ્રકરણની શરૂઆત થાય છે. અનેક નવી શક્યતાઓનો અને ઊંડેઊંડે અમુક ભયના સંભવનો આરંભ થાય છે. ચંદ્રની ધરતી પર મુકાએલું માનવચરણ એ તો માનવીની અવકાશ-ખોજનું પ્રથમ ચરણ છે. માનવીના આ પ્રચંડ પ્રયત્નોના લાભાલાભ પણ હજી અસ્પષ્ટ છે.

ચંદ્રની સપાટી પરથી યાત્રીઓએ આણેલા માટી ને પથ્થર દ્વારા પૃથ્વીના સર્જન અને ચંદ્રની ઉત્પત્તિ વિષેના કેટલાક પ્રશ્નો હલ થવા સંભવ છે. ચંદ્રની ધરતી ખડકાળ છે, રેતાળ છે કે એક સંભવ પ્રમાણે કાચમય છે? (છેલ્લા સમાચાર પ્રમાણે એમાં કાચના કણો માલમ પડયા છે.) કદાચ તેમાંથી હીરા પણ મળી આવે. ચંદ્ર પર દેખાતો ચળકાટ કદાચ પરાવર્તિત સૂર્યપ્રકાશ હોવા ઉપરાંત સ્વયંપ્રેરિત પણ હોઈ શકે. પણ આટલી જ અને આવી જ બીજી કેટલીક માહિતી તે આજ સુધી ખર્ચાએલાં નાણાં ને શક્તિનું પૂરેપૂરું વળતર ન જ ગણી શકાય. માણસ ચંદ્રની ધરતી પર પગલાં પાડી આવે એ પણ કંઈ પૂરતું નથી, તેમ નજીકમાં જ નહિ, લાંબા ગાળાના ભવિષ્યમાં પણ એનો લશ્કરી ઉપયોગ થવા સંભવિત નથી. પરંતુ હાલ તુરત મતાંતર ભરેલી આ ચર્ચામાં ન ઊતરતાં ચંદ્રયાત્રાના આયોજનના સાથે વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીના ક્ષેત્રમાં જે વિકાસ સધાયો છે એના દૃષ્ટાંત રૂપ થોડાં ઉદાહરણો જોઈએ.


એક નાની થાળી જેવડી આ તકતી દેખાવે ભલે મામૂલી લાગે, પણ ચંદ્રયાનની સિદ્ધિ અને એમાંના યાત્રીઓની સલામતી માટેનું





એ એક અતિ આવશ્યક અંગ છે. પ્રચંડ ગરમી સહી શકે એવી મિશ્ર ધાતુની બનેલી આ તાસકમાં ખૂબ જ ચોકસાઇપૂર્વક કરેલાં કાણાંમાંથી પસાર થતા પ્રજ્વલિત વાયુઓ યાનને ૩૫૦૦ પાઉન્ડનું દબાણ આપી એને અવકાશમાં ધકેલે છે, કે સલામતીથી પાછું લાવે છે. આ તકતી જો નિષ્ફળ જાય તો યાત્રીની સલામતી માટે અન્ય કોઈ ઉપાય મુશ્કેલ જ બની રહે. પણ એવી નિષ્ફળતાની સંભાવના નહિવત્ જ છે. લ્યુનર મૉડયુલ ચંદ્ર પરથી પાછું ફરીને કમાન્ડ મૉડયુલ સાથે જોડાઈ જાય પછી એની કામગીરી પૂરી થાય છે અને એને યાનના અન્ય વિભાગ સાથે અંતરીક્ષમાં ફેંકી દેવામાં આવે છે, જે ત્યાંથી પછી સૂર્યની પ્રદક્ષિણાને માર્ગે પળે છે.

એની ઉષ્ણતા અવરોધક ધાતુની શોધ માટેના મહિનાઓના પ્રયોગો, ને અકલ્પિત ખર્ચ પછી કલાકોની મહેનત બાદ કરેલી એની ગોઠવણ અને સંખ્યાબંધ પરીક્ષણોને કારણે આ તાસક દ્વારા અનેક નવી ઔદ્યોગિક શક્યતાઓ પણ પ્રાપ્ત થઈ છે. અલબત્ત, આ શક્યતાઓ જ પ્રાપ્ત કરવા માટે અવકાશ યાત્રાઓનો જાલિમ ખર્ચ નથી વેંઢારાતો; પણ એ મબલખ નાણાં શસ્ત્રાસ્ત્રોની હરીફાઇમાં વપરાય એના કરતાં તો આ બહેતર છે જ.

એમ મનાય છે કે ચંદ્ર પર સતત સૂક્ષ્મ ઉલ્કાઓ પડતી જ રહે છે. અને સંભવતઃ







ડાબી બાજું છેડે : ચંદ્રયાત્રા માટે તૈયાર ઊભેલું પ્રક્ષેપક સેટર્ન-૫. એનો પહેલો, બીજો અને ત્રીજો વિભાગ અનુક્રમે દહન પામીને ઍપોલો યાનને ચંદ્રયાત્રાના પથ પર મૂકી દે છે. એની ટોચે ઍડપ્ટરમાં 'ચંદ્રયાન' રક્ષાએલું છે ને તેની ઉપર ઍપોલો યાનનું 'સર્વિસ મૉડયુલ' તથા જેમાં બેસીને યાત્રીઓ આ સફર ખેડે છે તે મુખ્ય 'કમાન્ડ મોડયુલ' રહે છે. વચ્ચે : અવકાશયાત્રીઓએ ચંદ્રની ધરતી પર પહેરવાના પોશાકનો અને ઉપર : ચંદ્રયાનનો ખ્યાલ આપતાં રેખાંકનો છે.

આથી એની સપાટી પર કંપનો પેદા થતાં રહે છે. આ કંપનો માપવા સારુ એક સીસ્મોમીટર (પૅસિવ સીસ્મિક એક્સ્પેરિમેન્ટલ પૅકેજ) પણ યાત્રીઓ ત્યાં મૂકતા આવ્યા છે. એની નોંધો પરથી ચંદ્ર મૃતગ્રહ છે કે ભૂગર્ભિક રીતે ક્રિયાશીલ છે તે નિશ્ચિત થઈ શકશે. એ સાધન એટલું સંવેદનશીલ છે કે અવકાશયાત્રીના ચાલવાથી ચંદ્રની સપાટી પર થએલાં અતિ સૂક્ષ્મ સ્પંદનોને પણ એણે નોંધી બતાવ્યાં હતાં. અને તેથી એની કામગીરીમાં શંકાને કોઈ સ્થાન નથી.

અવકાશ યાત્રીઓએ ચંદ્રની સપાટી પર લેસર પ્રકાશ પુંજના પરાવર્તનને માટે પણ એક વિશિષ્ટ સાધન મૂક્યું છે. ત્રણેક વર્ષ સુધી કામ આપનાર આ ટચૂકડા પરાવર્તક દ્વારા પૃથ્વી પરથી મોકલાએલાં કિરણોનું જે પરાવર્તન કરશે તેના વડે પૃથ્વી અને ચંદ્ર વચ્ચેના અંતરનો છ ઇંચ જેટલો તફાવત પણ માપી શકાશે. પૃથ્વી પરનાં કોઈ બે જુદાંજુદાં સ્થળેથી આવો પ્રયોગ કરી એ બે સ્થાન વચ્ચેના અંતરને પણ ઘણી ચોકસાઈથી માપી શકાય. પહેલી નજરે સામાન્ય લાગતી આ સિદ્ધિ જો ખોટે માર્ગે વપરાય તો અમુક અદૃશ્ય પ્રકારનાં લેસરકિરણો ચંદ્ર પરથી પૃથ્વી પર છોડીને સંહાર પણ સરજી શકાય! બીજી બાજુ, ચંદ્ર ઉપર સૂર્યકિરણોને કેન્દ્રિત કરીને સૌરબૅટરીની મદદ લઈ પૂરતી શક્તિ પણ પેદા કરી શકાય અને એને લેસર કિરણોની સહાયથી પૃથ્વી પર કોઈ સ્થળે કેન્દ્રિત કરી વિદ્યુતશક્તિ મેળવી શકાય. આવી વિદ્યુતશક્તિ એકધારી ૧૪ દિવસ સુધી મળી શકે, કેમ કે આપણા ૧૪ દિવસ બરાબર ચંદ્રનો એક દિવસ હોય છે. આ ઉપરાંત પણ પૃથ્વી અને ચંદ્ર અંગેની બીજી ઘણી માહિતી આ રીતે પ્રાપ્ત કરવી શક્ય બને છે.

ચંદ્રયાત્રીઓનો પોશાક

ચંદ્રયાનમાંથી બહાર ચંદ્રની ધરતી પર યાત્રીઓએ જે પોશાક પહેરવાના હતા એ એમના પ્રક્ષેપક અને યાનના જેટલી જ અટપટી અને સંકુલ રચનાવાળા હોઈ લાખો ડૉલરના ખર્ચે તૈયાર થયા છે.

આ પોશાકમાં એમને પૃથ્વીના વાતાવરણ જેટલું દબાણ, શ્વાસ માટે સ્વચ્છ હવા અને જરૂરી ઉષ્ણતામાન મળતું હતું. એમાં રાખેલી રેડિયો-સંદેશાવ્યવહારની વ્યવસ્થા વડે તેઓ અરસપરસ અને પૃથ્વી પરનાં મથકો સાથે સંપર્ક જાળવી શકતા હતા. અવકાશમાંથી કલાકે ૬૪,૦૦૦ માઈલની ઝડપે ખરતા કેટલાક પદાર્થના કણો તથા કિરણોત્સારથી પણ આ પોશાક એમને બચાવે છે. એનો મુખટોપ યાત્રીઓને સૂર્યનાં અલ્ટ્રાવાયોલેટ, ઈન્ફ્રારેડ અને દૃશ્ય પ્રકાશકિરણો સામે પણ રક્ષણ આપે છે. આ સાથે યાત્રીની પીઠ પર 'પોર્ટેબલ લાઈફ સપોર્ટ સિસ્ટમ' નામના કાચના ખોખાવાળા એક સાધનમાં ગૅસ ને પ્રવાહીની ટાંકી, વીજળીનો પુરવઠો તથા સંદેશાવ્યવહાર તંત્રના વિવિધ ભાગો હતા જેનું વજન ૫૪ કિલોગ્રામ (૧૨૦ રતલ) જેટલું હતું. અલબત્ત, ચંદ્રના ઓછા ગુરુત્વાકર્ષણને લીધે યાત્રીઓને એ આટલું ભારે લાગ્યું નહિ હોય. આ સમગ્ર પોશાકનું વજન પૃથ્વી પર ૧૮૩ પાઉન્ડ હતું જે યાત્રીઓને ચંદ્ર પર તો માત્ર ૨૮ પા. જેટલું જ લાગ્યું હશે.

મુખ્ય ત્રણ અટપટા ભાગવાળા આ પોશાકનો છેક અંદરનો ભાગ-'લિક્વિડ કૂલિંગ ગાર્મેન્ટ' નાયલોનની જાળીઓવાળો હોય છે. જેના પર ગોઠવાએલી નળીઓમાં ફરતું પાણી યાત્રીઓના શરીરની ગરમી જાળવી રાખે છે.

હાથ અને માથા સિવાયનું આખું શરીર ઢાંકતો 'ટાર્સો લિમ્બ સૂટ' નામનો એનો બીજો ભાગ પણ વિશિષ્ટ છે, એમાં ૧) અંદર પૅડ જેવું કાપડ, ૨) વાતાવરણનું દબાણ

જાળવવા માટેની બ્લૅડર તથા ૩) દબાણુને કારણે એ બ્લૅડર વાંકીચૂંકી ન થઈ જાય એવું એક ખાસ પડ, એમ ત્રણ વિભાગ છે.

યાત્રીઓના આ પોશાકનો છેક બહારનો ભાગ 'ઇન્ટિગ્રેટેડ થર્મલ મિટિયોરૉઈટ ગાર્મેન્ટ' નામે એ ઓળખાય છે એની બહાર આગ પ્રતિરોધક બેટ ક્લૉથનું રૂપેરી પડ છે. તે ઉપરાંત 'ઍલ્યુમિનિયમ કેપ્ટૉન' નામે સાત પાતળાં પડ, અને એ દરેકની વચ્ચે નિયોપ્રેનના આવરણવાળાં નાયલોનનાં છ પડ હોય છે!

ઘૂંટણ, કોણી અને ખભાને ઉઝરડા ન થાય તે માટે તે તે સ્થાને 'ક્રૉમેલ-આર' નામની ધાતુના તાર વીંટાળેલા હોય છે.

યાત્રીઓએ આ પોશાક માત્ર યાનની બહાર નીકળે ત્યારે જ પહેરવાનો હોય છે. યાનની અંદર તો 'લિક્વિડ કૂલિંગ ગાર્મેન્ટ'ની જરૂર ન હોઈ તેઓ 'કૉન્સ્ટન્ટ વેર ગાર્મેન્ટ' નામનો અંડરવેર જેવો પોશાક પહેરી તેની પર સ્પેસસૂટ ચડાવે છે. સ્પેસસૂટ પણ યાન છોડવામાં આવે ત્યારે, અને પૃથ્વીના વાતાવરણમાં પુનઃ પ્રવેશે ત્યારે; તેમજ ચંદ્રની નજીક હોય ત્યારે અગર ચંદ્રની સપાટી પર જ પહેરવાનો હોય છે.

લ્યુનર મૉડ્યુલ–ચંદ્રયાન

દેખાવે કોઈ મહાકાય કીટક જેવા લાગતા 'લ્યુનર મૉડ્યુલ'—ચંદ્રયાન દ્વારા જ માણસે સમગ્ર ઇતિહાસમાં પહેલી વાર પૃથ્વી બહારના અવકાશી પદાર્થ (ચંદ્ર) પર પગ મૂક્યો છે. ખરી રીતે તો આ ચંદ્રયાનને જ સાચા અર્થમાં અવકાશયાન કહી શકાય, કેમકે એ પૃથ્વીના વાતાવરણની બહાર માત્ર બાહ્યાવકાશમાં જ કામ કરી શકે છે.

અવકાશયાત્રા દરમિયાન વિશાળકાય પ્રક્ષેપકની ટોચે ઍડપ્ટરના આવરણ નીચે એ પૃથ્વીના વાતાવરણના પ્રચંડ ઘર્ષણ સામે રક્ષાએલું રહે છે. (જુઓ આ સાથેની સેટર્ન-૫ પ્રક્ષેપકની આકૃતિ.) પ્રક્ષેપક સેટર્ન–૫ અને ઍપોલો યાન તો માત્ર યાત્રીઓને ચંદ્રની નજીક પહોંચાડે એટલું જ. એમને ખરેખર ચંદ્ર પર ઉતારનાર તો ચંદ્રયાન જ. યાત્રીઓને ચંદ્ર પર ઉતારવાની એની એક મુખ્ય કામગીરી પતી જતાં વળતી સફરમાં વજન ઘટાડવા સારુ એનો નીચેનો ભાગ ચંદ્ર પર જ છોડી દેવામાં આવ્યો છે જ્યારે બાકીના ઉપરના ભાગની સહાયથી યાત્રીઓ કમાન્ડ મૉડ્યુલમાં પાછા ફર્યા બાદ એને પણ અંતરીક્ષમાં છોડી દેવામાં આવ્યો છે.

૩૧૦૦ ટન વજનના અને ૩૬૩ ફૂટ લાંબા ગંજાવર પ્રક્ષેપક અને ઍપોલો-યાનમાંથી માત્ર ૩૨,૫૦૦ પાઉન્ડ વજન અને લંબાવેલા પગ સાથે લગભગ ૨૩ ફૂટ ઊંચું આ ચંદ્રયાન જ ચંદ્રની ધરતી પર ઊતરે છે.


ચંદ્રયાન એક આગવી ટચૂકડી દુનિયા જેવું છે. બળતણ અને અન્ય સાધનસામગ્રી માટેની જગ્યા બાદ કરતાં એની અંદર માત્ર ૧૬૦ ઘન ફૂટ જેટલી જગ્યામાં જ અવકાશ યાત્રીઓને રહેવું પડે છે. ચંદ્ર પર તો આટલું આ નાનકડું યાન જ એમનું ઘર, સંશોધન કેન્દ્ર અને ચંદ્ર પર જવાઆવવાનું વાહન છે. બંને યાત્રીઓને એક દિવસ ચાલે એટલી શ્વાસ લેવા માટેની હવા, નિશ્ચિત તાપમાન અને સંદેશ-વ્યવહાર માટેની વ્યવસ્થા, ખોરાક ને ઉત્સર્ગની સગવડ વગેરે જેવી જરૂરિયાતોની તેમાં વ્યવસ્થા છે, પણ યાત્રીઓ એમાં બેસી શકે એટલી જગ્યા તેમાં નથી એટલે ચંદ્રયાનની અંદર યાત્રીઓએ ઊંઘવાનું પણ ઊભાઊભા જ.

કમાન્ડ મૉડ્યુલ

ઍપોલો યાનનું 'કમાન્ડ મૉડ્યુલ'. (જુઓ આ પાના પરની આકૃતિ.) અવકાશ યાનનો એક મુખ્ય અને વધુમાં વધુ અગત્યનો ભાગ છે. અંતરીક્ષયાત્રા પૂરી કરીને માત્ર આ એક જ ભાગ પૃથ્વી પર પાછો ફરે છે. સામેના પાના પર દર્શાવેલી સેટર્ન-૫ની આકૃતિ મુજબ આ મૉડ્યુલની પાછળ 'સર્વિસ મૉડ્યુલ' જોડાએલું હોય છે. જે ચંદ્રની કક્ષામાં યાનને જરૂરી ગતિ આપવાનું કામ કરે છે. ચંદ્રની નજીક પહોંચતાં ચંદ્રયાનને પાછળના ભાગમાંથી બહાર કાઢીને આ કમાન્ડ મૉડ્યુલના મુખ પાસે લાવીને જોડાવામાં આવે છે. આ એક અજબ સિદ્ધિ છે. ચંદ્રની પ્રદક્ષિણામાં પ્રવેશ્યા પછી આમાંથી બે યાત્રીઓ ચંદ્રયાનની અંદર પ્રવેશ્યા હતા ને પછી એને છૂટું પાડીને ચંદ્રની ધરતી પર ઊતરેલા. દરમિયાન કમાન્ડ મૉડ્યુલ તેમની પાછા ફરવાની રાહ જોતું ચંદ્રની પ્રદક્ષિણા કરતું રહેલું.

ચંદ્ર પરથી પાછા ફરીને યાત્રીઓ આ મૉડ્યુલમાં દાખલ થઈ ગયા પછી ચંદ્રયાનને તેનાથી અલગ પાડી અંતરીક્ષમાં છોડી દઇને યાત્રીઓ પૃથ્વી તરફ પાછા વળ્યા. આ વળતી સફર માટે જરૂરી એવો છેલ્લો ધક્કો આપીને આની સાથે જોડાએલું સર્વિસ મૉડ્યુલ પણ અવકાશમાં ફેંકાઈ જાય છે. અને માત્ર આ કમાન્ડ મૉડ્યુલ જ પૃથ્વી પર પાછું આવે છે.

એ સમયે પૃથ્વીના વાતાવરણ સાથે ઘર્ષણ પામવાથી એ ૨૭૦૦ અંશ સેન્ટી. જેટલું તપી-



ને આગના ગોળા જેવું બની રહે છે. પણ એની વિશિષ્ટ રચના અંદરના યાત્રીઓને ગરમીની આંચ લાગવા દેતી નથી.

પૃથ્વીથી ૨૪૦૦૦ ફૂટની ઊંચાઈએ રહે ત્યારે આ મૉડ્યુલમાં રાખેલી છત્રીઓ આપમેળે ખૂલી જઈ એના પ્રચંડ વેગને રોકે છે અને આ રીતે મૉડ્યુલ, પ્રશાંત મહાસાગરમાં હવાઈ ટાપુઓની વાયવ્યે સલામતીથી ઊતરી આવ્યું છે. જ્યાંથી એમાંના યાત્રીઓને હેલિકૉપ્ટર દ્વારા ઊંચકી લેવાયા હતા.

યાત્રીઓ ચંદ્રની ધરતીનો સ્પર્શ પામેલા હોઈ કદાચ કોઈ જીવાણુઓ પણ સાથે લઈ આવ્યા હોય ને એ પૃથ્વી પર નુકસાન ફેલાવે, યા તો પૃથ્વી પર ન હોય એવું કંઈ પણ રજ રૂપે એ યાત્રીઓ સાથે આવ્યું હોય તો એ પૃથ્વીના વાતાવરણનો સ્પર્શ પામે એ પહેલાં તપાસી જોવા યાત્રીઓને થોડા દિવસ એક ખાસ રક્ષિત સ્થાનમાં અલગ જ રાખવામાં આવેલા.

ઍપોલો–૧૧ની સફળ ચંદ્રયાત્રા તો પૂરી થઈ ગઈ. હવે સંભવતઃ ૧૪મી નવેમ્બરે જશે 'ઍપોલો–૧૨'. ચાર્લ્સ કૉનરાડ, એલન બીન અને રીચાર્ડ ગૉર્ડન તેના યાત્રીઓ હશે. ઍપોલો–૧૧ના યાત્રીઓ ચંદ્ર પર ૨૨ કલાક રહેલા જ્યારે આ યાત્રીઓ કદાચ ત્યાં ૩૩ કલાક ગાળશે. ઍપોલો–૧૨નું ઉતરાણ ચંદ્ર પરના 'સી ઑવ સ્ટૉર્મ્સ' પર થશે જે ચંદ્રના પૂર્વભાગમાં છે. ઍપોલો–૧૧ ચંદ્રના પશ્ચિમ ભાગમાં 'સી ઑવ ટ્રાંક્વીલિટી'માં ઊતર્યું હતું. જો બધી જ ગણતરી બરાબર પાર પડશે તો અગાઉ ચંદ્ર પર માનવરહિત યાન 'સર્વેયર–૩' (જેણે ચંદ્રની સપાટીના ફોટોગ્રાફ મોકલેલા.) જ્યાં ઊતરેલું તેની નજીકમાં જ ઍપોલો–૧૨ ઊતરશે. આ જો શક્ય થશે તો એ યાત્રીઓ સર્વેયર–૩ની પણ તપાસ કરશે.

એપોલો-૧૧ના યાત્રીઓ ચંદ્ર પરથી ત્યાંના પથ્થર-માટીના જે નમૂના લાવ્યા છે એની પ્રાથમિક તપાસ પૂરી થઈ છે. આ માસમાં જ એનો પહેલો અહેવાલ જાહેર થઈ જશે. અને હવે એ નમૂનાઓ અમેરિકા, પશ્ચિમ યુરોપ અને જાપાનના ૧૪૦ જેટલા વિજ્ઞાનીઓને વધુ અભ્યાસ માટે મોકલાશે. આ દરમિયાન જે કંઈ જાણવા મળ્યું છે તે આ પ્રમાણે છે :

ચંદ્રનો ઇતિહાસ પૃથ્વીના ઇતિહાસ કરતાં જુદા જ પ્રકારનો હોવાનો એક નવો રાહ અંકાતો જાય છે. પૃથ્વીમાં ૧) ઉપરનું ઠરી ગએલું આવરણ, ૨) તેની નીચેનું થોડું ગરમ પડ, અને ૩) એથી યે નીચે ધાતુ-ખડકનો પ્રવાહી ભાગ એવા જે સ્તર છે તેવા ચંદ્રને નથી. એનો તો બધો ભાગ એકસરખા પ્રમાણમાં ઠંડો છે. એની અંદરના ભાગમાં ખડકના ઘણા મોટા ટુકડા થઈ ગએલા છે ને એમાં પડેલી ચીરાડો છેક ઊંડા ભાગ સુધી પહોંચે છે.

ચંદ્રનું પરિક્રમણ કરતા યાન પર ગુરુત્વાકર્ષણ ઓછાવત્તા પ્રમાણમાં જણાયું તેનું કારણ એની નીચે કોઈ અગોચર બળ નહિ, પણ તેના 'મેરિયા' (સૂકા સાગરો) પોતે જ છે.

ચંદ્રની ધૂળમાં પચાસ ટકા જેટલા કાચના કણ પણ જોવા મળ્યા છે. ચંદ્રયાત્રીઓ જ્યારે તેના પર ચાલતા હતા ત્યારે પોતે કાળા રંગના કાચના પાતળા અને લપસણા પોપડા પર ફરતા હોય એવો એમને અનુભવ થતો હતો.

આમ, ચંદ્રની ધૂળમાં કાચનું મોટું પ્રમાણ, ચંદ્રના પદાર્થોમાં રહેલો પુષ્કળ કિરણોત્સાર, એના ખડકોની ભારે ઘનતા અને એની સપાટીની ૩૧૦ કરોડ વર્ષની વય વગેરે બધી હકીકતો ચંદ્રની ઉત્ક્રાંતિનો ઇતિહાસ પૃથ્વી કરતાં જુદો જ હોવાનું સૂચવે છે. વિજ્ઞાનીઓએ તારવેલાં નવાં અનુમાનોનો અર્થ એવો થાય કે ચંદ્ર આરંભનાં દોઢ અબજ વર્ષો દરમિયાન, ઉલ્કાઓના જબ્બર મારાને કારણે અને તેના પરના જ્વાળામુખીના વારંવારના સ્ફોટને લીધે ખૂબ અસ્થિર હતો; પણ છેલ્લાં ત્રણ અબજ વર્ષથી એનું ઉપરનું પડ અને અંદરનો ભાગ કોઇ પણ ખલેલ વિના શાંત છે. એની સપાટી ખૂબ જ પ્રાચીન અને કોઈનો યે સ્પર્શ પામ્યા વિનાની જણાય છે. આથી ઊલટું, ભૂસ્તરશાસ્ત્રીય દૃષ્ટિએ પૃથ્વી આજે પણ સક્રિય છે. અબજો વર્ષ પર એમાં મોટા પર્વતો ફાટી નીકળતા, જ્વાળામુખી પર્વતો ફાટતા અને ખંડો ખસતા હતા તેવા જ પ્રકારે આજે પણ અહીં બનતું રહે છે.

ભૂકંપના આંચકા નોંધવા માટે અવકાશયાત્રીઓ ચંદ્રની સપાટી પર જે સીસ્સોમીટર મૂકી આવ્યા છે એના આરંભના સંકેતોથી એવું લાગેલું કે ચંદ્રના સ્તર પૃથ્વી જેવા જ છે, પણ એ પછી આવેલા સંકેતો પરથી વધુ સ્પષ્ટપણે જણાયું છે કે ચંદ્રનો અંદરનો ભાગ પૃથ્વીના ભૂગર્ભ જેવો નથી. ચંદ્ર પર ધરતીકંપ કે ઉલ્કાપાત જેવા ભૂકંપનાં ઉગમસ્થાનો નથી. એ ખૂબ ભાંગેલા અને ભિન્નભિન્ન પ્રકારના પદાર્થોનો બનેલો ગ્રહ છે. એ પરથી એમ પણ કહી શકાય કે ચંદ્રની અંદરનો ભાગ કદી પ્રવાહીરૂપમાં હતો નહિ. એની ઊંડી-મોટી ચીરાડો ચંદ્રની પ્રાથમિક અવસ્થામાં એના પર થએલા મોટી ઉલ્કાઓના પ્રહારને લીધે પડી હોવાનું મનાય છે.


છતાં યે 'સ્તરો વગરનો એકધારો અને ઠંડો' એવી ચંદ્રની વ્યાખ્યા પણ હજી માત્ર કામચલાઉ અનુમાન છે. જો ચંદ્ર ભાંગેલો તૂટેલો ગ્રહ છે એ આજનું અનુમાન પાકું થાય તો ગ્રહવિજ્ઞાનના ક્ષેત્રની એ એક બહુ ઉત્તેજક શોધ બની રહેશે.

શતરંજ . . . . સુરેશ મોદી

રાષ્ટ્રીય 'બી' ટુર્નામેન્ટમાંથી થોડા વધુ કોમ્બિનેશન્સ આપવા વિચાર હતો પણ તે માટે એકઠી કરી રાખેલી બે ચાર રમતો વધુ વિગતથી જોતાં તેમાં ભૂલો જણાઈ એટલે તે પડતી મૂકીને છેલ્લે વિશ્વવિજેતાઓની રમતમાંથી કોમ્બિનેશન્સ આપતો હતો તેમાં બીજા ત્રણચાર વિશ્વવિજેતાનો સમાવેશ કરવાનો હોઈ જાન્યુઆરીથી કોયડા-હરીફાઈ શરૂ કરીને તે દરમિયાન એ જ જોઇએ.

અલેખાઇનને હરાવીને ઈ. ૧૯૩૫માં વિશ્વવિજેતા બનનાર ડૉ. મેક્સ યુવે ૧૯૩૭માં પાછા આલેખાઈન સામે જ તે પદ હારી ગયા હતા. ડૉ. યુવે ગણિતશાસ્ત્રની ડૉકટરેટ ધરાવતા હોઈ તેમની રમતમાં તેમજ રમત વિષેના લખાણમાં ગણિતશાસ્ત્રીને શોભા આપે તેવું ઊંડું પૃથક્કરણ હોય છે, એટલે એક સારા 'ગ્રાન્ડ-માસ્ટર' કે એક વખતના 'વિશ્વવિજેતા' કરતાં તેમના પુસ્તકો માટે આવતી પેઢી એમને વધુ ઓળખશે. તેમની રમતમાંથી એક સુંદર કોમ્બિનેશન આપણે જોઈએ :

FISCHER



EUWE

1B×N!, P×B; 2Q–Q3, KR–Q1. આથી રાજાને ચાલવાની જગ્યા મળવા ઉપરાંત હાથી QPને રક્ષણ મળે છે. 2..., KR–K1; પછી કાળો વધુ જલ્દી હારે. જુઓ : 3Q–R7ch; K–B1; 4N(3)×P, B×N; 5N×B અને સફેદ વજીર પર હુમલો કરે છે તથા 6Q–R8 mateની ધમકી આપે છે એટલે જીતે.

2..., P–N3 પછી પણ સફેદ 3N×N P!, P×N; 4Q×Pch, B–N2; 5 Q×B(K6)chથી જીતે.

3 QR–K1, N–N5. આ ચાલથી QPને એક વધુ ટેકો મળે છે. 3..., N–K2થી પણ તે QPને એક વધુ ટેકો આપી શકત તોપણ સફેદ આ રીતે જીતત: 4Q–R7ch. K–B1; 5Q–R8ch, N–N1; 6B–R7, K–K2; 7N(3)×Pch, R×N; 8N×Rch. અને કાળો વજીર ગુમાવે છે.

આ સિવાય અહીં કાળો 3..., P–N3; પછી એક આકર્ષક (Philidor's mate પેઠે) Semi smothered mate જેવો થાય છે તે જુઓ. 4R×B, P×R; 5Q×Pch, B–N2; 6Q×KPch, K–R1; 7N–N6ch, K–R2; 8N–K5 dis. ch., K–R1: 9N–B7ch, K–N1; 10N×P dis. ch, K–R1; 11 Q–N8ch!!, R×Q; 12 N–B7 mate.

4Q–R7ch, K–B1; 5P–QR3! કાળા ઘોડાને QPના રક્ષણમાંથી દૂર કરવા આ ચાલ જરૂરી હતી.

5..., N×B; 6N(3)×P; R×N; 7N×R. હવે કાળો 8N×Q તેમજ 8 Q–R8 mateની ધમકી આપે છે. 7..., B×Nથી પણ આ છેલ્લી ધમકી ટાળી શકાતી નથી માટે 7..., Resigns.

શબ્દકથા: 'ઝોટડી' · 'પારેઠ' · 'બાખડું'

'ઝોટડી' (અથવા 'ઝોટી', 'ઝોટું', 'ઝોટડું') શબ્દ 'જુવાન ભેંશ' એવા અર્થમાં પ્રચલિત છે. હેમચંદ્રે 'ઝોટ્ટી' શબ્દને દેશ્ય તરીકે નોંધીને તેનો 'અર્ધમહિષી' એવો અર્થ આપ્યો છે. અર્વાચીન પ્રાકૃત કોશકારોને 'અર્ધમહિષી'નો અર્થ સમજાયો નહિ, એટલે તેમણે 'એક જાતની ભેંશ' એ રીતે અર્થને ઘટાવ્યો છે. પણ 'અર્ધમહિષી' એટલે પાડી તરીકે જેની અવસ્થા પૂરી થવા આવી છે, પણ જે હજી ગાભણી બની નથી—ખડાઈ થઈ નથી તેવી. 'ઝોટ્ટી'નું મૂળ જણાયું નથી. તેમ અન્ય ભારતીય ભાષાઓમાં તેને મળતા કોઈ શબ્દ છે કે નહિ તેની કશી માહિતી નથી.

'પારેઠ' (કે 'પારેટ'; મરાઠી 'પારઠા')નો જોડણીકોશે આપેલો અર્થ છે: 'વિયાયા પછી દૂઝવાની મુદતનો લગભગ અર્ધ ભાગ જેને વીત્યો હોય એવું દૂઝણું (ઢોર)'. કેટલેક સ્થળે 'પારેઠ' શબ્દ ભેંશ પૂરતો જ મર્યાદિત છે: પારેઠ ભેંશ જ કહેવાય, ગાય નહિ. વળી તેવી ભેંશનું દૂધ પણ 'પારેઠ દૂધ' કહેવાય છે, જે સૌથી વધુ ઘટ્ટ સ્વાદિષ્ટ ને પુષ્ટિકર હોઈ ઉત્તમ ગણાય છે.

હેમચંદ્રે 'પારિહટ્ટી' દેશ્ય તરીકે નોંધ્યો છે, અને અર્થ આપ્યો છે: 'ચિરપ્રસૂતા મહિષી' (જેને વિયાયાને લાંબો સમય થયો છે તેવી ભેંશ). 'પારિહટ્ટી' ઉપરથી નિયમ પ્રમાણે ગુજરાતીમાં 'પારેઠ' ને 'પારેટ' થયા છે. 'પારિહટ્ટી'નું મૂળ અજ્ઞાત છે. વૈદિક ભાષામાં 'પર્યારિણી' શબ્દ 'જેને વરસ વીત્યું છે' એવા અર્થમાં મળે છે; પણ તે કદાચ જુદો જ શબ્દ હોય.

જોડણીકોશે 'પારેઠ'ના પર્યાય તરીકે 'બાખડું' આપ્યો છે. અને 'બાખડું'નો અર્થ છે 'વિયાયાને જેને ઘણો વખત થઈ ગયો હોય તેવું (ઢોર).' ટર્નરે નોંધ્યા પ્રમાણે 'બાખડું'ના મૂળમાં સંસ્કૃત 'બાષ્ક' છે. ઋગ્વેદમાં 'બષ્કય વત્સ'નો અર્થ છે: મોટું થએલું—એક સાલનું વાછડું. આ ઉપરથી ઘણા પાછળના સમયમાં 'બષ્કયિણી' 'બષ્કયણી' એટલે 'વાછરડાવાળી ગાય' એવો શબ્દ મળે છે; ઉપરાંત વૈદિક ભાષામાં 'બષ્કિહ' કે 'બષ્કિવ'='વિયાયાને ઘણો સમય થયો હોય તેવી' એવા અર્થમાં પ્રચલિત હતો.

'બાષ્ક', 'બષ્ક' ઉપરથી પ્રાકૃતમાં 'બાક્ખ' 'બક્ખ' એવાં રૂપ થાય; અને તે ઉપરથી અર્વાચીન ભાષાઓમાં ગુજરાતી 'બાખડું' વગેરે રૂપો મળે છે. 'બાખડું'ને મળતા અન્ય ભાષાઓના શબ્દો આ પ્રમાણે છે: પંજાબી 'વાખડા',='બાખડા' 'ઘણી દૂધણી'; હિન્દી 'બાખડી' 'બાખલી'= વિયાયાને પાંચ માસ થયા હોય તેવી (ગાય કે ભેંશ)'; મરાઠી 'બાકડ' 'દૂધ દેતી અટકી ગઈ હોય તેવી; નેપાળી 'બકેરનુ'='દૂધ છોડાવેલું વાછરડું', 'બકેરની'='દૂઝણી ન રહી હોય તેવી'; બંગાળી 'બકન'='ગાભણી ન બનેલી વાછરડી' બિહારી 'બકેન', 'બકેના'= 'વિયાયાને છ માસ થયા હોય તેવી ગાય;' હિન્દી 'બકેન' = 'વિયાયાને ઘણું થયા છતાં દૂઝતી ગાય 'બકેની' = 'દૂધ સુકાવા આવ્યું હોય તેવી ગાય'.

સાહિત્યસંપર્ક

કેટલાક કાવ્યસંગ્રહો

અવલોકન: પ્રો. ડૉ. ધીરુભાઈ પરીખ

સ્પંદ અને છંદ

કવિતામાં કવિ પોતાને પામવાની પ્રક્રિયામાંથી પસાર થાય છે. 'સ્પંદ અને છંદ'માં શ્રી ઉશનસ્‌ની આવી પ્રક્રિયાની અનુભૂતિ 'અનહદની સરહદે' કાવ્યગુચ્છમાં થાય છે. પ્રકૃતિની મધ્યમાં, ઈહની હદમાંથી ઊંચકાઈને કવિ અનહદની સરહદ સુધી પહોંચી જાય છે અને ત્યાં 'અશ્વત્થભાવ' અનુભવી 'પ્રશાન્ત સુષમા' પામે છે. આ સમગ્ર કાવ્યગુચ્છમાં કાવ્યની ઇમારતની સાથેસાથે અનુભૂતિની સચ્ચાઈ ભળીને એને આસ્વાદ્ય બનાવે છે.

આ ઉપરાંત પણ સંગ્રહનાં અનેક કાવ્યોમાં કવિએ પ્રકૃતિરમણા આદરેલી છે. વિશેષે તૃણ (ઘાસ) કવિને વધુ સ્પર્શી ગયું હોય એમ તેમની 'પ્રથમ વર્ષા પછી', 'વિસર્જન', 'છાંટા અને...', 'વહાણું', 'તૃણ અને તારકો વચ્ચે' 'તૃણગ્રહની લીલા', 'ઘાસઘાસ', તેમજ જેમાં તૃણનો ઉલ્લેખ છે તેવી અન્ય રચનાઓ જોતાં જણાય છે. પ્રકૃતિને કવિએ ધરાઈને પીધી છે તે એમની ઘણી કૃતિઓ પ્રતીત કરાવી આપે છે. આમાં યે ખાસ કરી વર્ષાની પ્રકૃતિ કવિચિત્તનો કબજો ઝટ લઈ લે છે. પ્રકૃતિચિત્રો એ ગમે તેટલાં આપે, પણ અંતે ઉશનસ્ એમાંથી કંઈક વિચાર ઊપસાવી કાઢવાના. 'કારતક સીમ' જેવું સૉનેટ આનું જ ઉદાહરણ છે ને! અને આમ બને છે ત્યારે સૂચક પ્રકૃતિચિત્રોને બદલે કવિ પોતે જ બોલવા લાગી જાય છે. કવિએ એ ચિત્રોને જ સ્વયં બોલવા દીધાં હોત તો કદાચ કવિતા વધુ સારી બની હોત.

ક્યારેક ક્યારેક એ અનાકૃતને આકૃત પણ કરી જાણે છે. 'શિયાળુ તડકામાં પૃથ્વીલોક'ની વાત કરતાં કરતાં તડકાને એમણે એ રીતે સ્પર્શક્ષમ બનાવ્યો છે. આ ઉપરાંત પ્રણયનો તાર પણ આ સંગ્રહમાં ગુંજતો સંભળાય છે—જોકે મુખ્યત્વે એમાં વિપ્રલંભની જ વાત છે. 'ત્રણ ચૈત્રી કાવ્યો', 'ચંદ્રોદય', 'સુવર્ણ નથની', 'અપત્ર દિન', 'તેથી શું?', 'મિલન' વગેરેમાં આની પ્રતીતિ થાય છે. આમાં યે જનનીસ્નેહનાં કાવ્યો ધ્યાન ખેંચે તેવાં છે. 'વળાવી બા, આવ્યા' એ સૉનેટગુચ્છ કવિની માતૃસ્નેહની ઉત્કટ લાગણી સચોટતાથી વ્યક્ત કરી જાય છે. ગ્રામસંસ્કૃતિ પ્રત્યે પણ કવિને કંઈ ઓછું આકર્ષણ નથી. 'થોડે સુધી જ' કે 'કેડી ને સંદર્ભ'માં એમનો આ અનુરાગ અછતો રહેતો નથી. કૃષિ સંસ્કૃતિ જ આદ્ય છે અને કવિને એ આદ્યનું જ ખેંચાણ છે.

આ સંગ્રહમાંનાં ગીતો કે હાઈકુ ખાસ ઉલ્લેખનીય નથી. ઉપાડમાં ચગતું ગીત તરત જ પછડાઈ જાય છે. એમાં સરળતા અને સાહજિકતાનો અભાવ છે. એને પડછે પ્રશિષ્ટ, શૈલીબદ્ધ, છાંદસ્ રચનાઓ વધુ ચડિયાતી છે. પંડિત નેહરુને વિષયભૂત કરતી કૃતિઓમાં ભાવ કરતાં બુદ્ધિ વધારે પ્રાધાન્ય ભોગવે છે.

કાવ્યના સ્થાપત્યની દૃષ્ટિએ ઉશનસ્ નોંધપાત્ર કવિ છે. છંદની પ્રવાહિતા, કલ્પનાનું વૈચિત્ર્ય અને નાવીન્ય, ભાષાની પ્રૌઢી ભાવની સચ્ચાઈ અને નિખાલસ અભિવ્યક્તિ આ સંગ્રહમાં આગળ તરી આવે છે. જોકે ક્યાંક ક્યાંક 'અધૂધડેલી' કે 'નિશાસવ' જેવા ખૂંચતા સંધિપ્રયોગ, 'ભૂગોળના શિક્ષણખંડમાં એક અનુભૂતિ' જેવી કૃતિમાં કાવ્યની સમગ્ર બાનીમાં બંધ ન બેસે તેવો 'પૂનેમ' જેવો શબ્દપ્રયોગ, અને 'વિશ્વજનની સ્વરૂપ!' સૉનેટમાં છૂટી પડી જતી એની અંતિમ પંક્તિ, વગેરે નિવાર્યં ગણાય. પ્રકાશક: સાહિત્યસંગમ, બાવાસીદી, ગોપીપુરા, સૂરત-૨. પાકું પૂંઠું, પૃ. ૧૩૨, રૂા. ૬-૦૦

ક્ષણ જે ચિરંતન: શ્રી રાજેન્દ્ર શાહનું નામ કાવ્યરસિકોને માટે હવે ગૌરવભર્યું થઈ ચૂક્યું છે. 'ધ્વનિ'થી એમની કાવ્યપ્રતિભાએ જે જે અભિવ્યક્તિઓ સાધી છે એની વત્તેઓછે અંશે, એમના પ્રત્યેક કાવ્યસંગ્રહમાં ઝાંખી થાય છે. પ્રસ્તુત સંગ્રહની રચનાઓમાં મુખ્યત્વે કવિની ગૂઢાનુભૂતિઓનો પરિચય

થાય છે—જેના અણસારા એમના પુરોગામી કાવ્યસંગ્રહોમાં મળે છે. આ સંગ્રહમાં તે વિસ્તાર પામીને આવે છે. 'ગાયત્રી' જેવી રચનાઓમાં આ ગૂઢાનુભૂતિ કાવ્યમય અભિવ્યક્તિ પણ પામે છે. જીવનસાધના જીવનયાત્રા, જીવનધ્યેય, આ બધી વાતોને એમણે કાવ્યદેહે વણી લીધી છે. દુઃખમાં પણ ધૈર્ય અને આનંદની લાગણી, કે જગ છોડી જવાની આખરી તૈયારીમાં નિર્ભીક ખુમારી 'દ્વિધા' અને 'શબ્દહીન સાદ' જેવી રચનાઓમાં માણી શકાય છે. 'તિમિરવેળા નથી સંગસૂની', 'પામું હું એ શૂન્યમહીં'... / વ્યથામહીં... / આનંદને / 'અંધકાર આ સ્વયં ધરે સ્વર્ણિમરૂપ' જેવી પંક્તિઓમાં આ ભાવ વારંવાર જોવા મળે છે. સંગ્રહનાં ગીતો પણ રાજેન્દ્રીય છાપ મૂકી જાય છે. 'ઝલમલ ઝલમલ નદીજલ લહરી'ની મધુર બાની સંતર્પક છે. સંગ્રહના ચોથા વિભાગમાં મુંબાઈને કેન્દ્રમાં રાખી શહેરી સંસ્કૃતિની અકળામણનો ભાવ વ્યક્ત કર્યો છે.

સંગ્રહના અંતે મૂકવામાં આવેલાં છ ઈકુ કોઈ ખાસ વિશિષ્ટ છાપ ઊભી કરતાં નથી. મનહર અને વનવેલીના ખંડ-પરંપરિત પ્રયોગો દ્વારા આકાર વૈશિષ્ટ્ય જન્મ્યું છે ખરું, પણ કાવ્યતત્ત્વને એથી વધુ ફાયદો થયો હોય તેમ જણાતું નથી. કવિના પ્રિય શબ્દો વિષાદ, વેદના, સંસ્કૃતિ, નિખિલ, ઝિલ્લી, નિભિડ, ભ્રાંતિ, શ્રાંતિ વગેરે એના અતિપ્રયોગથી પાતળા પડી ગયા છે. એકંદરે રાજેન્દ્ર એક નીવડેલા કવિ છે એટલે કવિતાનો સ્તર જળવાઈ રહ્યો છે એ ખરું, પણ કોઈ વિશેષ પ્રગતિ સધાયાની છાપ પડતી નથી. ૧૯૬૮ના શ્રેષ્ઠ કાવ્યસંગ્રહ તરીકેનું 'કવિ નાનાલાલ પારિતોષિક' મેળવનાર આ પુસ્તકના પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ ૨; પાકું પૂઠું, પૃ. ૧૩૬, રૂ. ૩-૫૦.

વિષાદને સાદ: નાનકડા આ કાવ્યસંગ્રહનું પ્રયોજન એના કવિ રાજેન્દ્ર શાહે પ્રસ્તાવનામાં જણાવી દીધું છે કે વિસંવાદી આ સૃષ્ટિમાં સંવાદ શક્ય છે અને એથી આનંદાનુભૂતિ થાય છે. સંગ્રહનાં કાવ્યોની ભાવનાને પરફુટ કરતી પંક્તિઓ એમણે પ્રથમ રચના 'વિષાદને સાદ'ના અંતમાં મૂકી છે:

'અલગ થયેલ તેને નિમંત્રું હું વિષાદને સાદ,
કાલિંદીને તીર આવો,
રાસમહીં ભેળાં ફરી આનંદને કાજ.'

સંગ્રહની રચનાઓમાં કવિને ઉદ્દીષ્ટ ભાવના સુપેરે વ્યક્ત થઈ છે; પરંતુ કાવ્ય કરતાં ઉદ્‌બોધનનું ભારણ વધી ગયુ છે તે ખૂંચ્યા વગર

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી મધુકર રાંદેરિયા

જન્મ ૩-૪-૧૯૧૭. શિક્ષક, પ્રાધ્યાપક, પત્રકાર, કલાકાર; માજી ડાયરેક્ટર શ્રી બૃહદ્ ભારતીય સમાજ; વિકાસ-અધિકારી, દેના બૅંક લિમિટેડ; તંત્રી: 'દેના જ્યોતિ'; સભ્ય: ગુજરાત રાજ્ય સંગીત-નૃત્ય-નાટ્ય અકાદમી; ૧૯૬૧માં હેરો અને ૧૯૬૩મા પૂર્વ આફ્રિકાનો પ્રવાસ.

૧ નાટકસ્પર્ધામાં કયા મહત્ત્વના મુદ્દા પર લક્ષ આપવું ઘટે?
ઉ. અભિનય કક્ષા, સમૂહકાર્ય, નિર્માણકલા અને રસસંક્રાંતિમાં સફળતા.

૨ પણ નાટકોમાં સ્પર્ધાને વધુ સ્થાન હોવું જોઇએ કે સહકારને?
ઉ. સ્વાસ્થ્યપૂર્ણ સ્પર્ધાને હું આવકારું છું: અને સહકાર તો નાટ્યપ્રવૃત્તિના મૂળમાં જ અપેક્ષિત છે.

૩ આદર્શ નટ કે નટી કોને કહો?
ઉ. 'અભિનય'ની ઉત્તમતા સાથે 'વિરક્તિભર્યું તાદાત્મ્ય' સાધી જાણે તે આદર્શ નટ નટી.

૪ ઊગતા નટોને આપની શી સલાહ છે?
ઉ. હઠયોગ કરો; આડી રાતમાં નટશ્રેષ્ઠ ન બની શકાય. તખતો ગમે તેવા ખેરખાંની શેહ-શરમ રાખતો નથી.

૫ અગાઉની ખ્યાતનામ નાટક મંડળીઓ અથવા જયશંકર સુંદરી અને મૂલચંદ મામા જેવા નટ નાટકની જે જમાવટ કરી શકતા તેની હાલ ખામી લાગે છે?
ઉ. ના, નવીનોમાં અભિનયશક્તિ સારી છે. વિશેષ રિયાઝ, વધુ સમજદારી અને જવાબદારીનું ભાન આવે તો તેઓ પણ ખ્યાતનામ અભિનેતાઓની કક્ષાએ પહોંચી શકે.

૬ રૂપાંતર પામેલાં નાટકો તરફ હાલ કેમ વધુ વલણ દેખાય છે?
ઉ. મૌલિક ગુજરાતી નાટકોને કપાળે લક્ષ્મી ચાંદલો કરવા નથી આવતી એમ ગુજરાતી કલાકારો કહે છે.

૭ તમે કુલ કેટલાં નાટકોમાં ભાગ લીધો? કયું પાત્ર ભજવતાં તમને ખૂબ આનંદ આવ્યો?
ઉ. પાંત્રીસેક નાટકો ખરાં. પાત્રો ઘણાં ને ખૂબ વૈવિધ્યવાળાં ભજવ્યાં છે, પણ જ્યાં લાગણીઓની ગહરાઈ વ્યક્ત કરવાની હોય તેવું પાત્ર મને વધુ ગમે-પછી તે ગમે તે 'રસ'-નું હોય: 'રંગીલો રાજ્જા'માં હીર ભાઈ હોય કે 'ભારેલો અગ્નિ'માં રુદ્રદત્ત હોય.

૮ ફિલ્મી અને નાટકના કલાકાર વચ્ચે ફેર ખરો?
ઉ. હા, બુનિયાદી ફેર છે. એક કલાકારે કહ્યું છે તેમ ફિલ્મમાં કલાકાર 'બીહેવ' કહે છે (વર્તે છે), 'ઍક્ટ' (અભિનય) નથી કરતો.

૯ નાટકોમાં સંગીતનું સ્થાન કેટલા પ્રમાણમાં હોવું જોઇએ?
ઉ. ગદ્ય નાટકમાં જ્યાં ને જેટલું અનિવાર્ય લાગે ત્યાં ને તેટલું, વિશેષ નહિ જ.



રહેતું નથી. 'અગ્નિ-તેજ', 'આગ ને ભસ્મ', 'વિભક્તિ', 'શાર્દૂલ અને શક્તિ', 'નદીજલ' જેવી રચનાઓ વધારે સારી છે, તો 'હિરણ્યકશિપુ' જેવી સામાન્ય રચના પણ છે, જેમાં એ પૌરાણિક કથાનું કેવળ પદ્ય-નિરૂપણ જ જોવા મળે છે. તો 'પરિત્રાણ'ની જેમ કેટલીક કૃતિઓ એના નવાર્થઘટનની દૃષ્ટિએ હૃદ્ય પણ બની રહે છે. પ્રકાશક: ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૪૪, રૂ. ૨.

રાગિણી: જાણીતા કવિ શ્રી પિનાકિન ઠાકોરની ૧૬ સંગીતિકાઓનો આ સંગ્રહ છે. એ ગેય કૃતિઓનો આસ્વાદ સંગીતના સહયોગથી વધુ ગમ્ય બને તે સ્વાભાવિક છે. પરંતુ સંગીત-તત્ત્વને બાદ કરતાં કાવ્યત્વની દૃષ્ટિએ તો પ્રત્યેક કૃતિમાં કવિપ્રતિભાના ચમકારા અત્રતત્ર પ્રતીત થાય છે. 'ફૂલરાણી પોપચાં

ઉપાડો', 'પનઘટ', 'મેઘદૂતની માધુરી', 'સોનલ' વગેરે કૃતિઓમાં એ પ્રતિભા વિશેષ આવિષ્કાર પામી છે. 'હરિ અને હેતનાં હેવાયાં', 'રંગ મોરલીએ રે રંગ મોરલીએ', 'હે રથ રોકો જરાક રથવાળા', 'આવ્યો ફાગણ...આવ્યો વરણાગીઓ', 'ઊડા રે અંધારે આંધળી આંખને', 'ગોવર્ધન ગિરિવરધર અવ મત', 'ઓ તેજ મારા નયનમાં ક્યાં શોધવાં તમને?' વગેરે ગીતો ભાષા અને ભાવનાની દૃષ્ટિએ આસ્વાદ્ય છે. સામાન્ય રીતે આ પદ્યસ્વરૂપમાં ગીતો દ્વારા કથાનો જે વિકાસ સધાવો જોઈએ તે ઘણીખરી રચનાઓમાં શિથિલ છે. ઐતિહાસિક, પૌરાણિક, રાષ્ટ્રીય અને કાલ્પનિક વિષયોને કવિએ આ સંગીતિકાઓમાં વણી લીધા છે. ભાવાનુકૂલ ભાષા-લય કવિની કવિત્વશક્તિના દ્યોતક છે. પરંતુ કહેવાનું મન થાય છે કે જ્યારે સંગ્રહની બીજી આવૃત્તિનો અવસર આવે ત્યારે છાપભૂલો પર ચાંપતી નજર રખાય તો આનંદની વાત થશે. પ્રકાશક: જયજગત પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૩. પાકું પૂઠું. પૃ. ૧૮૪. રૂ. ૬–૦.

શનેરી: કવિની પ્રકૃતિને ધ્વનિત કરતો યથાર્થનામ કાવ્યસંગ્રહ 'શનેરી' સ્વ. મણિલાલ દેસાઈનો મરણોત્તર સંચય છે. ઊગતી પેઢીનો મણિલાલ ખૂબ આશાસ્પદ કવિ હતો તે 'શનેરી'ની રચનાઓ (છંદોબદ્ધ ઉપરાંત ગેય તથા અછાંદસ્ કૃતિઓ અને ગદ્યકાવ્યો પણ) કહી જાય છે. મુખ્યત્વે કવિનું વલણ રોમૅન્ટિક રહ્યું છે. નવીન વિષયોની મૌલિક અભિવ્યક્તિ આ સંગ્રહનું નોખું તરી આવતું લક્ષણ છે. ગીતોમાં આવતો પ્રલંબ લય ખાસ નોંધપાત્ર છે. અંધારું એમનાં કાવ્યોમાં જુદી જુદી રીતે અભિવ્યક્ત થયું છે. એ અભિવ્યક્તિમાં તાજપ ને સચ્ચાઈનો રણકો છે.

'હળવી હવાને હિલોળે', 'પુજ્ય નાનાને', 'બાને–', 'હળવે રહીને હાક મારો', 'હવે', 'રાતભર', 'અંધારું', 'દરિયો', 'આભ', 'તમે આવો ત્યારે', 'તમે નો'તા ત્યારે', 'ધુમ્મસિયા સવાર', 'જંગલો', 'રસ્તો' જેવી સુંદર કૃતિઓની પડછે 'આમંત્રણ', 'બરાબર બારને ટકોરે', 'સંસ્કૃતનું ત્રીજું લેક્ચર', 'હું જીવું છું', 'પડછાયો' જેવી સામાન્ય રચનાઓ પણ ઘણી છે; અને આ વાતનો ઉલ્લેખ સંપાદકે આરંભમાં જ કર્યો છે. 'રસ્તો', જંગલો' જેવી ગઝલો મણિલાલની સારા ગઝલકાર થવાની શક્યતાઓ છતી કરે છે. 'અમદાવાદ' જેવી રચનાઓ કવિની પ્રયોગશીલ પ્રગતિ પણ સૂચવી જાય છે. એમણે આપેલાં ગદ્યકાવ્યો પ્રયોગ. વૈશિષ્ટ્ય દૃષ્ટિએ નોંધપાત્ર; વિશેષ કશું જ નહિ. કવિએ 'અંધારું' અને 'દરિયો' જેવી સફળ પ્રલંબ કૃતિઓ પણ આપી છે, અને અસ્તિત્વવાદના રંગે રંગાઈને પણ કેટલીક રચનાઓ કરી છે; જોકે અન્ય કૃતિઓના મુકાબલે એમાં ખાસ કાવ્યતત્ત્વ પાંગર્યું નથી. પ્રકાશક: જયંત પારેખ, કવિલોક, ૩૮૦ ગિરગામ રોડ, મુંબાઈ-૨. પાકું પૂઠું, પૃ. ૧૩૬, રૂ. ૫–૦૦.

સંગતિ: શ્રી મકરંદ દવેના આ કાવ્યસંગ્રહમાં ૧૯૬૪ થી ૧૯૬૭ દરમિયાનની જે રચનાઓ (છંદોબદ્ધ કાવ્યો તેમજ ગેય રચનાઓ) સંગૃહીત થઈ છે તેમાં ગીતો, ભજન, પ્રસંગકાવ્ય, સૉનેટ વગેરે પ્રકારો જોવા મળે છે. કેટલાક અનુવાદો પણ આપ્યા છે. ચાલુ દશકામાં લખાએલી આ કૃતિઓ મુખ્યત્વે આગલી પેઢીની કાવ્યપ્રવૃત્તિની યાદ આપે છે. કવિમાં રહેલો ભક્ત ઉદ્‌બોધક અહીં લગભગ સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે અને એમણે ઉપયોગમાં લીધેલાં પ્રતીકો બહુધા જૂનાં અને વાચ્ય છે. ભાષા પાસેથી એમણે ભાવવહન માટે ઠીક કામ લીધું છે; પરંતુ કેટલીક વાર રચનાઓ કૃતક બની ગઈ છે. કવિની આત્મઝંખના, ખોજ, ભક્તિ વગેરે ભાવો અહીં કાવ્યબદ્ધ બન્યા છે. સાથે સાથે 'ભૂતના પૂજારી' અને 'મુંબાઈ'માં અનુક્રમે રાષ્ટ્રચિંતા અને શહેરી સંસ્કૃતિ પ્રત્યેનો અણગમો પણ વ્યક્ત થયો છે. 'સપનોનું વન', 'મુને વ્હાલું', 'કાંકરીએ કોર્યા છે', 'મોડો ચાંદ', 'મારી બંસીમાં', 'ઇંડાનું મંથન', 'રિલ્કેની સંગિની બેનવેનુટાને', 'ઘટાળાં વૃક્ષોમાં', 'તને ભાળી', વગેરે નોંધપાત્ર છે. સૉનેટમાંથી 'બુદ્ધનું ગૃહાગમન', 'મને ગતિ ગમે', 'તમે ઓઢાડી દો', 'અશ્વો', 'ઈસુની ઉક્તિ', 'તોફાન', 'આવો, પ્રશાંત!' વગેરે ઉલ્લેખનીય છે. 'મિતાઈ-ગીતિ'માં ભાવોર્મિઓનો ઉછાળ હેલે ચડ્યો છે. એ ગીતોના લય, ભાષા ને ભાવ કવિની પ્રતિભા પ્રદર્શિત કરી જાય છે. પ્રકાશક: વોરા ઍન્ડ કંપની, ૩, રાઉન્ડ બિલ્ડિંગ, મુંબાઈ-૨. પાકું પૂઠું, પૃ. ૧૪૦, રૂ. ૪–૦૦.

સંસ્પર્શ: શ્રી 'જટિલ'ના લગભગ ૨૩ વર્ષ બાદ પ્રસિદ્ધ થએલા આ બીજા સંગ્રહમાં જે ગીતો, ગઝલો ને મુક્તકો સંગૃહીત છે તેમાં ગીતો કરતાં ગઝલો પર સારો હાથ બેઠેલો લાગે છે. પરમ તત્ત્વના સંસ્પર્શથી કૃપાપાત્ર બનેલા ભક્તહૃદયના નિખાલસ ભાવોદ્‌ગારો આ રચનાઓમાં સંભળાય છે, પછી કલા દૃષ્ટિએ ભલે આ રચનાઓ કૌશલ્યપૂર્ણ ન હોય. 'ન સળગ્યો'માં પ્રભુની કૃપાના સંસ્પર્શનો આનંદ પૂરો ન લઈ શકવાના અસામર્થ્યની જે અભિવ્યક્તિ થઈ છે તે 'તારા હાથમાં' પણ જોવા મળે છે. કવિએ સમગ્રતયા સદ્‌ભાવનાઓનું ગાન ગાયું છે. 'ચારે કોર આવે છે', 'પાછાં પધારો પણ', 'મીઠી ટશર', 'ગિરધારી વિના', 'બંસીધર હશે' વગેરે સારી ગઝલો છે. સાદ્યંત સારી ગઝલો ભલે ઓછી છે, પરંતુ છૂટક છૂટક રોચક અને ચોટદાર શેરો ઘણી જગ્યાએ મળી આવે છે. 'આવરે! મેહુલા ભૂપ!' જેવું ગીત બાળગીતની કક્ષાએ પહોંચી ગયું છે. કેટલીક જગ્યાએ શબ્દપ્રયોગ ખોટા જોવા મળે છે. પરંતુ કવિની નિખાલસતા આગળ તરી આવતો ગુણ હોવાથી રચનાઓ હૃદ્ય બની છે. પ્રકાશક: ભાસ્કરરાવ કેશવલાલ વ્યાસ, ભાવનગર. પાકું પૂઠું, પૃ. ૧૦૦, રૂ. ૩–૦૦.

ગુંજન: સતીશ 'નકાબ'ના આ પ્રથમ કાવ્યસંગ્રહમાં ગઝલો; નઝમો, રૂબાઈઓ, છૂટા શએરો અને મુક્તકો રજૂ થયાં છે. કવિનો હાથ ગઝલો પર વિશેષ બેઠેલો છે. મુક્તકો રૂબાઈઓ અને નઝમો ખાસ ધ્યાન ખેંચે તેવાં નથી. મુશાયરાશાહી આકર્ષણને અળગું કરવામાં આવે તો આ ગઝલકાર પાસેથી વધુ સારી ગઝલો મેળવવાની આશા રાખી શકાય. પ્રકાશક: સતીશ દવાવાળા, ૩૩ પારિજાત, ૯૫ મરીન ડ્રાઈવ, મુંબાઈ-૨. કાચું પૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૨–૫૦.

મૌન અને શબ્દ: પ્રા. હસમુખ પટેલ 'શૂન્યમ્' રચિત-પ્રકાશિત આ પ્રથમ સંગ્રહમાં પરંપરિત લયની રચનાઓ વધુ ધ્યાન ખેંચે છે. ગીતોના ઢાળમાં પણ કેટલીક રચનાઓ ઢળેલી જોવા મળે છે. ઘણીખરી રચનાઓ અસ્તિત્વવાદી લાગે, પરંતુ સ્મશાન, ઘૂવડ, કરોળિયાની આંખ, આકાશના મુખમાંથી દદડતી લાળ, વગેરે શબ્દપ્રયોગોથી અસ્તિત્વવાદની ઈતિશ્રી થતી નથી. વળી શબ્દોની ગોઠવણીના આકારથી કોઈ અર્થ દ્યોતકતા જો આવતી હોય તો તે બાલિશ પ્રયત્ન ગણાય.

કેટલીક જગ્યાએ આ પ્રાધ્યાપક કવિએ કરેલા ખોટા શબ્દપ્રયોગ ખૂંચે છે. 'નિદ્રાને' અનુસ્વાર, 'નાળ'ની જગ્યાએ 'નાડ' અને 'ભાંખોડિયાં'ને સ્થાને 'ભાંભોડિયાં' જેવા શબ્દો આની સાક્ષી પૂરે છે. ગઝલોમાંના કેટલાક શેર સ્વતંત્ર રીતે સારા કહી શકાય. પૃ. ૩૭, ૩૯ અને ૪૦ પરની 'પથ્થર'ને વિષયભૂત કરતી રચનાઓ સારી છે. પશ્ચાદ્‌કથન—'મૌન અને શબ્દ, ને ખોળે'માં કવિએ વ્યક્ત કરેલી કાવ્યની શાણી વિભાવનાને અભિ-

વ્યક્ત કરતી જો આગળનાં પૃષ્ઠો પરની રચનાઓ હોય તો કેવું સારું! આથી તો સંગ્રહની સમગ્ર રચનાઓ માટે કવિના જ કાવ્યમાંથી એક પંક્તિ ટાંકવાનું મન થાય છે: 'કાયાએ આ ભીદી પીઠે ઊંચક્યો પડછાયાનો ભાર.' પ્રકાશક: પ્રા. હસમુખ પટેલ, આર્ટ્સ કૉલેજ, સંખેડા (જિ. વડોદરા). કાચું પૂઠું, પૃ. ૬૪, રૂા. ૨-૦૦

પ્રપા : જાણીતા વિદ્વાન ડૉ. હરિવલ્લભ ભાયાણીનો આ અનુવાદ-સંગ્રહ છે. સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશમાંથી મુક્તકો પસંદ કરી, મૂળ સાથે એનો ગદ્યાનુવાદ આપી, અહીં અનુવાદકે પોતાની રીતે પદ્યાનુવાદ આપ્યો છે. મૂળના છંદને સાચવવા અર્થનો ભોગ આપ્યો નથી એ આનંદદાયક છે, બલ્કે એ અર્થ વધુ સમ્યક્‌રીતે અભિવ્યક્તિ પામે એ માટે અનુવાદકે જરૂરી વધારા-ઘટાડા પણ કર્યા છે અને 'યથેચ્છ વિવિધ છંદો યે જ્યા છે.'

સંગ્રહને ત્રણ ભાગ—નિસર્ગ, ઋતુચક્ર અને અનુરાગ—માં વહેંચી નાખ્યો છે. 'કાળની દાઢ', 'મિલન', 'ભૂરકી', 'કુસુમ', 'શોધ', 'વન્યહુતાશ', 'ડચકાં', 'કેમ કરી દૂર દેશે...', 'શૂળે પરોવીને જડયા', 'ખડ્ગ', 'ધૂંધવાતો', 'અગ્નજ્ઞાળ', 'પળો ઊની ભીની', 'એક પરબડી', 'અંગ અંગ પ્રવિષ્ટ', 'તવ અને અવ', આદિ સારા અનુવાદો છે તો 'વરાહની દાઢ', 'મધમધીઊઠયા', 'કૌતુક', સેંથી', 'શ્વેત શ્વેત', 'જળાશયે', 'ઈંદ્રનીલ', જેવા સામાન્ય તરંગો અને ચિત્રોના અનુવાદો પણ છે. કોઇકોઇ સ્થળે કૌંસનો ઉપયોગ કરી આધુનિકતાની સાથેસાથે મૂળના અર્થમાં ચમત્કૃતિ લાવવાનો પ્રયોગ કર્યો છે.

એકંદરે આ અનુવાદો દ્વારા કાવ્યરસિકોને આપણી દૃષ ભાષાની સારી કૃતિઓનો આહ્લાદ માણવાનો મળે છે, અને એ તરફ વધુ અભિરુચિ કેળવાશે એ આ સંગ્રહનું મહત્ત્વ ગણાશે. અનુવાદક તરફથી આવા 'સ્વચ્છંદ' અનુવાદો મળતા રહે તેમ ઇચ્છીએ. પ્રકાશક: સ્વાતિ પ્રકાશન, ૨૨૬ સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબાઈ ૩. પાકું પૂઠું, પૃ. ૨૪૦, રૂા. ૬-૦૦

લય : શ્રી રામપ્રસાદ દવેના આ કાવ્યસંગ્રહના ઉઘાડમાં મુકાએલી પંક્તિ—'લઘુક મનડે ઘૂંટાતો શો વિરાટ તણો લય!'—થી અંદરનાં પૃષ્ઠો પરની કૃતિઓ વિશે સારી આશા જન્મે તેવું છે; પરંતુ પછીનાં કાવ્યો વાંચતાં હતાશ થવું પડે છે. અલબત્ત, 'વેણુ', 'મહેમાનો જતાં', 'વિદાય' અને 'મિત્રને' જેવી કેટલીક કૃતિઓ સંગ્રહ વાંચ્યાની રાહત આપે છે. 'આનંદયાત્રા' અને 'મહાભૂત'માંથી અનુક્રમે 'આંદોલન', 'ક્રમે', 'ઉપશમ', 'જળ' અને 'આકાશ' નોંધપાત્ર રચનાઓ છે. છંદોબદ્ધ કાવ્યોમાં કવિ વધુ ફાવ્યા છે. ગીતોના શિલ્પમાં ઠીકઠીક કચાશ જોવા મળે છે. કવિએ મુખ્યત્વે પ્રકૃતિ અને પ્રણયને વિષયભૂત બનાવ્યાં છે, તો 'ભારત' અને 'જય જવાન જય કિસાન' જેવી રચનાઓમાં દેશપ્રેમને 'નગરના માર્ગ પર', 'ગતિ' અને 'છવિ' જેવી કૃતિઓ સામાન્ય કટાક્ષ કાવ્યો બની ગઈ છે. ભાષા અને છંદ પર કવિનો કાબૂ છે એટલે સમુચિત ભાવાભિવ્યક્તિ મળતાં ભાવિમાં જરૂર સારી રચનાઓ સાંપડી રહે. પ્રાપ્તિસ્થાન: રામપ્રસાદ દવે, ઉમાનિવાસ, ૪/૧૪, જાગનાથ પ્લૉટ, રાજકોટ. કાચું પૂઠું, પૃ. ૮૮, રૂા. ૨-૫૦

ભવવંદના : મહેન્દ્ર ન. જોષીના આ કાવ્યસંગ્રહમાંની કૃતિઓ મુખ્યત્વે ઈશ્વરસ્તવનરૂપ છે. કોઈ મૌલિક કલ્પનાઓ કે ભાવો એમાં નજરે ચડતાં નથી. લય અને ભાષા હજુ વધુ મહાવરો માગી લે તેમ છે. પ્રકાશક: મહેન્દ્ર ન. જોશી, દેવની શેરી, માંડવીની પોળ, અમદાવાદ ૧. કાચું પૂઠું, પૃ. ૩૮, રૂા. ૨-૫૦.

ગાંધીગીતો : ગાંધી શતાબ્દીના વર્ષે તૈયાર કરેલા આ સંપાદનમાં મૂકેલી ગાંધીજીના જીવનપ્રસંગો અને જીવનમૂલ્યોને વણી લેતી સો રચનાઓ (શતાબ્દીવર્ષની સૂચક?) સીધું સાદું કથન કરી જતી કૃતિઓ છે. ભાગ્યે જ એમાં ક્યાંય કાવ્યતત્ત્વ જોવા મળે છે. 'ગયા બાપુજી' (પૃ. ૪૧) જેવી રચના તો સાવ સામાન્ય અને બાલિશ લાગે છે. પ્રકાશક: હરિહર પુસ્તકાલય, ટાવર રોડ, સૂરત. કાચું પૂઠું, પૃ. ૯૬, રૂા. ૧-૦૦.

ગાંધી-કાવ્ય નવનીત

ગાંધીજન્મ-શતાબ્દીના આ વર્ષમાં એ યુગપુરુષના વારસો અનેક રીતે એને સ્મરી કૃતકૃત્ય થવાનો પ્રયાસ કરી રહ્યા છે. 'ગાંધી-કાવ્ય નવનીત'નું પ્રકાશન પણ આવો જ એક પ્રયાસ છે: સંપાદક અને સરકાર ઉભયપક્ષે.

મોહનમાંથી મહાત્મા અને છેવટે હુતાત્મા થયા ત્યાં સુધીની સમયાવધિમાં ગાંધીજીએ સમાજજીવનના લગભગ પ્રત્યેક ક્ષેત્રમાં પોતાની દૂરગામી અસર આંકેલી છે. વિવિધ સ્તરની અનેક વ્યક્તિઓ આ પુણ્યાત્માના પરોક્ષ યા પ્રત્યક્ષ પ્રભાવ તળે આવેલી છે. એમાં ય વળી કવિનું સંવિત તો વધારે સંવેદનપટુ; એટલે યુગમૂર્તિની અસર એના ચિત્તતંત્ર પર સવિશેષ પડે. તદનુસાર ગાંધીજી અને એમનાં કાર્યોને કેંદ્રમાં રાખી આપણે ત્યાં અનેક કાવ્યો લખાયાં છે, જે પૈકી કેટલાકનું દોહન શ્રી શાંતિલાલ મહેતાએ અહીં આપ્યું છે.

નાનીમોટી થઇને લગભગ દોઢસોથી પણ વધારે કવિઓની ૨૯૨ કૃતિઓના ૩૫૨ પૃષ્ઠના સંગ્રહને સંપાદકે 'અર્ઘ્ય', 'જયંતીપર્વ', 'ગીતાંજલિ', 'દાંડીયાત્રા', 'ગાંધી-બાલગીત' 'પિતૃ તર્પણ', 'વેદના-કટાક્ષ' અને 'ગાંધીવાણી' એમ કુલ આઠ વિભાગમાં વહેંચી નાખ્યો છે. આમાંથી 'અર્ઘ્ય' અને 'પિતૃ-તર્પણ'ના વિભાગોમાં વધુ કૃતિઓ છે. મહાત્માની પ્રતિભાને અર્ઘ્ય આપતી કવિવાણીને આ પ્રથમ ખંડમાં મૂકેલી છે જ્યારે રાષ્ટ્રપિતાના અવસાનના સંદર્ભમાં રચાએલી રચનાઓને 'પિતૃ-તર્પણ'માં. પુસ્તકનો આરંભ આમ 'અર્ઘ્ય' વિભાગથી થાય છે એ પણ સતર્ક છે. ગાંધીજયંતી નિમિત્તે રચાએલી કૃતિઓ 'જયંતીપર્વ'માં તો 'દાંડીયાત્રા'ના પ્રસંગને તેમજ ગાંધીજીના બાલજીવનના પ્રસંગોને લક્ષમાં લઈ લખાએલી કૃતિઓ અનુક્રમે 'દાંડીયાત્રા' અને 'ગાંધીબાલગીત'ના વિભાગમાં મુકાઈ છે. 'વેદના-કટાક્ષ' વિભાગમાં ગાંધી-મૂલ્યોનો જે વિપર્યાસ થયો છે તે તરફ વેદનાભર્યો કટાક્ષ કરતી રચનાઓ એકત્રિત કરવામાં આવી છે. કાવ્યસ્વરૂપની દૃષ્ટિએ પણ સૉનેટ, ગીત, હાઈકુ એવું રચાનવૈવિધ્ય પસંદ કરાયું છે. આમ યથોચિત વિભાગો પાડવામાં અને કાવ્યસ્વરૂપ તેમજ ભાવના વૈવિધ્યવાળી રચનાઓ રજૂ કરવામાં સંપાદકની સજાગ દૃષ્ટિનો પરિચય થાય છે. જોકે 'ગીતાંજલિ' વિભાગની રચનાઓ માત્ર ગીતોને કારણે અલગ મૂકવા કરતાં અન્યત્ર સમાવી શકાઈ હોત.

આ પુસ્તકના સંપાદન પાછળનો સંપાદકનો આશય તો એમના નિવેદનમાં રજૂ થયા પ્રમાણે 'જે કાવ્યો લખાયાં છે તેમાંથી ઉત્તમ કાવ્યોની પસંદગી કરી પ્રતિનિધિરૂપ ગ્રંથનું સંપાદન' કરવાનો છે. પણ પ્રશ્ન એ ઊઠે છે કે આ સંગ્રહની રચનાઓમાં સંપાદકશ્રીને અપેક્ષિત એવી 'ઉત્તમ' રચનાઓ કેટલી? ઘણીખરી કૃતક લાગ્યા વગર રહેતી નથી. બાકી ગાંધીશતાબ્દી નિમિત્તે પ્રગટ થએલા આ સંપાદન દ્વારા આપણે ત્યાંનાં ગાંધીકાવ્યો આમ એકીસાથે મળી રહે એ આનું જમા પાસું ગણી શકાય. અને સરકારશ્રી સાહિત્યના આ પ્રકારના સંપાદનમાં રસ ધરાવે અને આર્થિક સહાય કરે તે પ્રશંસનીય પગલું છે. પ્રકાશક: ગુજરાત રાજ્ય ગાંધી જન્મશતાબ્દી ઉજવણી સમિતિ તરફથી માહિતી ખાતું, સચિવાલય, અમદાવાદ-૧૫, પાકું પૂઠું. પૃ. ૩૮૬, ૪-૦૦.

ગ્રીનિચ વિલેજ

ધમધમતા મહાનગર ન્યૂ યૉર્કની વચ્ચોવચ ગામડું!

ન્યૂ યૉર્ક એકાંતિકતાનું ભારે દુશ્મન છે. બ્રોડવેથી હઠો, નીચે ઊતરતા જાઓ, ભોંયરા-ટ્રેઇનમાં બેસો કે પાંચ નંબરની બસ પકડો, આઠમી સ્ટ્રીટ આગળ પહોંચો ને આગળ ચાલો તો ગ્રીનિચ વિલેજ—ન્યૂ યૉર્ક સિટીના ભાગ તરીકે જ વિલેજ! ત્યાં વળી એક અનોખી માયા વિસ્તારેલી જોવા મળશે. કોઈ પણ રીતે એ શહેરનો જુદો ભાગ નહિ. મુંબાઈમાં બેલાર્ડ એસ્ટેટ ને ભૂલેશ્વર યા માટુંગા, કે અમદાવાદમાં પ્રીતમ-નગર જેમ માણેકચોક કે શહેરનો જ ભાગ, એમ આ ગ્રીનિચ વિલેજ.

જુદા જ માણસો, જુદી જ જાતનાં રેસ્ટોરાં ને ઓછામાં ઓછા માનસિક બંધનવાળા, લહેરી, બેપરવાહ, ધૂની કલાકારોથી ઉભરાતા દાગીના જોવા મળશે. કોઈ એકાદ કૉફી હાઉસમાં આજે જઈએ તો ત્યાં ચિત્રોનું પ્રદર્શન, કાલે એકાંકી નાટક, બીજે દિવસે જાઝ સંગીત. એમ ફિલ્મ, સિનેમા, ચર્ચાચોતરો અને જાદુના ખેલ કરનારો પણ ત્યાં ખડો થઈ ગએલો જોવા મળે. કારણ? એકધારા જીવનથી આ લોક કંટાળે છે. અરે રાતોરાત એ કૉફીહાઉસના રંગરોગાન ફેરવી નાખે! તમે માનો જ નહિ કે આ ગઈ કાલની જગ્યા છે. કમાણી ઉપર આધાર. અને એ ફેરફારથી વળી વધારે કમાયા તો ઓર ફેરફાર, વધારે રોનક વધારે સગવડ, નવા પ્રકારનાં મનોરંજનના કાર્યક્રમો! એકલા આવો અને વાતો કરવા સાથીદાર જોઈતા હોય તો તેની પણ વ્યવસ્થા કરી આપે. તમારે ફક્ત ખાણીપીણીનાં બિલ ચૂકવ્યા કરવાનાં રહે.

'રીલૅક્સ' ને 'એક્સાઈટમેન્ટ' બંને શબ્દોની એકસામટી પ્રક્રિયા ગ્રીનિચ વિલેજમાં અનુભવવા મળે. આરામ કરો, અને આવેશ પણ અનુભવો. ચિત્રો ખરીદવાં છે? મિત્રને હિન્દુસ્તાનથી આવેલી હિન્દની બનાવટની કોઈ વસ્તુ ભેટ આપવી છે? ચાલો ગ્રીનિચ વિલેજ. માગો તેવી દુકાન, ને માગો તે ચીજ મળે. એમ પણ નથી કે અહીંનાં નાટકો ઊતરતાં છે. ના, બ્રોડવેનાં જનતાજનાર્દનને પીરસવામાં આવતાં નાટકો કરતાં અહીં સો-દોઢસો પ્રેક્ષકો માટે ધીરગંભીર, હેતુલક્ષી, યા તદ્દન નવતર પ્રકારનાં નવાં આયોજનવાળાં નાટકો—અને એમાં ઊંચાંમાં ઊંચાં કલાનાં શિખરોને સર કરનારાં અને ઊંચી રસવૃત્તિને પોષનારાં નાટકો પણ જોવા મળે. દુનિયાભરની વસ્તીના અહીં લોકો મળે, દુનિયાભરની ખાવાની વાનગીવાળાં રેસ્ટોરાં પણ મળે. ગ્રીનિચ વિલેજ ઉપર જ જો કોઈ લેખકને એક પુસ્તક લખવું હોય તો એક દિવસની સહેલમાં જ એને જોઈતો મસાલો મળી જાય. પણ જો એ ત્યાં બે-પાંચ મહિના ઠસી ગયો તો એ ગ્રીનિચ વિલેજમય થઈ જાય, લખવાનું છોડી દે. ત્યાંનો અવતાર ધારણ કરે. પછી એને વળી લખવાની જરૂર જ શી?

આપણે નીચે આવ્યા એમ બ્રોડવેને રસ્તે ૫૦, ૫૫ કે ૭૦મી સ્ટ્રીટ સુધી ઊંચે જઈએ તો લિંકન સેન્ટરનું અદ્‌ભુત કલાભવન યા કલાક્ષેત્ર જોવા મળે. બાલે, નૃત્ય, ઑપેરા, નાટક, ચિત્રપ્રદર્શન, બધું સાથે. ને એ બધી નાટકશાળાઓની અલાયદી બાંધણી! એ કેન્દ્ર જોઈ મનમાં થાય કે ન્યૂ યૉર્કમાં ગમે તે ચાલતું હોય, બ્રોડવેમાં કલાનો ગમે તેવો વ્યાપાર ચાલતો હોય, પણ અહીં રસની પરાકોટિ માણવાનું એક અનોખું કૈવલ્યધામ છે. એ આખા આયોજનની ખૂબી જ એ છે કે એ અંતરનાં સ્પંદનોને સજાગ અને સજીવ બનાવી દે. જોશ, વેગ, આવેશ નહિ, સર્વ રસ પછી શાંત રસની હસ્તી હોય તો તે અહીં માણવા મળે. પણ તે મૃત્યુની શાંતિ નહિ, જીવંત શાંતિ. પરંતુ આપણે અટાણે લિંકન સેન્ટર માણવા નથી બેઠા. ન્યૂ યૉર્કમાં જૂન ૧૯૬૭માં, ઈન્ટરનૅશનલ થીએટર કૉનફરંસ ભરાશે, ત્યારે આપણે ત્યાં ફરકીશું. હમણાં તો આપણે પેલા ફરફરિયાના સાથી-સંશોધનના મૂડમાં છીએ.

મૅનહટ્ટન ટાપુના આ બે ઉપર-નીચેના છેડા. વચ્ચે બ્રોડવે, એમાં આ ફરફરિયું હાથે ચઢ્યું, અને આપણે આમતેમ હિંચોળાયા. આ સાથી-સંશોધનનો સાર સમજાવવા આપણે એકબે, કદાચ તમે નામ પણ નહિ સાંભળ્યા હોય એવાં: નાટકો જોઈએ. લ રૉય જોન્સ એક ઊગતા જવાન નાટકકાર. 'ડચમૅન' એના નાટકનું નામ. બળ્યોઝળ્યો લેખક છે. મગજમાં ખળભળાટ છે. 'ક્રોધથી સંમોહ થાય, એથી સ્મૃતિભ્રંસ થાય' એ સૌજાણીતું ગીતાવાક્ય આપણે જાણીએ છીએ. ક્રોધથી ઘાંટા પાડે, ખળભળાટ થાય, શબ્દો ન સૂઝે એટલે ગૂંગળાય ને એમાં મૃત્યુને શરણ પણ થઈ જાય. એક ગોરી છોકરી.—જોજો, આપણે રંગભેદની નીતિ ને એના સવાલો 'અંકલ ટૉમ્સ કૅબિન'થી જોતા આવ્યા છીએ—એમ જ અનાયાસ એક નિગ્રો જુવાનને સહચાર માટે પકડે છે. 'એમ જ' એ શબ્દ ઉપર ભાર. મળી દષ્ટાદષ્ટનો સવાલ નથી, આધાર નથી, એમ જ; ચાલો એકલા છીએ, આ ભટકાયો, તો પકડો એને! ઠીક છે; વખત તો જશે. આ માળો, જેનો વખત નથી જતો એના બાર વાગી જાય છે! મળ્યાં, ફર્યાં, ફરી મળ્યાં, કન્યાએ હિંમત ચલાવી કિશોર સાથે ચેડાં કાઢવા માંડ્યાં, ગમો છો, મળજો, ગમ્મત છે, ફન છે, આવજો, ફરી મળીશું. પણ નિગ્રો પહેલાં તો મંદો છે, ઠંડો છે, સંશયમાં છે કે આ શો ખેલ છે? કિશોરી કશી વાતમાં સ્પષ્ટ નથી, એટલે વર્તનમાં ધ્યેય મુદ્દો કે સ્થૈર્ય નથી. ઠીક છે, ગમ્મત છે, ફન છે, મજા છે, બે ઘડી મોજ છે, વખત પસાર થાય છે. વચ્ચે વચ્ચે કિશોરી વળી નવો ઉશ્કેરાટ જોવા યા અનુભવવા નિગ્રોને ચીઢવે છે, પજવે છે, ઠેકડી પણ કરે છે, રંગભેદની વાતો પણ કરે છે. અને આમ માને કે પોતે હોશિયાર છે, પણ સંસારવ્યવહાર યા સામાન્ય સમજણમાં કાચી, અણઘડ. એટલે એને શી ખબર કે આવા વર્તન થકી એ આગની સાથે રમત કરે છે, યા કરી રહી છે?

જરા ઝીણવટથી એના વર્તનને જોઈએ. હાથ પકડે છે, છોડે છે, રીસાય છે, ચીમટી ખણે છે, 'તારા જેવા બહુ જોયા' કહે છે, બિલાડી ઉંદરને મારતાં પહેલાં ટટળાવે એમ એને રમાડવા કરતૂકો, આંટાફેંટા, ત્રાગાં જૂઠાણાં કરે છે. યાદ રાખજો, આ બધાં પાછળ કશો હેતુ નહિ, મુદ્દો નહિ; ઠીક છે, મજા છે, ગમ્મત છે, ફન છે! પરિણામે નિગ્રોના દિલમાં કશી લાગણીપેદા થવાને બદલે તિરસ્કાર પોષાતો રહે છે. હરવું ફરવું નાચવું, ખાવુંપીવું ચાલુ છે. નિગ્રો કિશોર પોતાના લોકસંગીતમાં લલકારતો રહે છે: 'અયિ યાદ રાખજે, હમ તો છિયે નિગર. કાળા છે હમના ફિગર, અને કાળા જ માનજે હમના જિગર. હમને ન કશાની ફિકર–ના ફિકર–ના ફિકર. પણ હૈડે વિષ, કારમી કાળી રીસ, જરી વાતમાં કરતા ખૂન, અમે સદા સર્વદા તત્પર, એવા નીડર હે નીડર! સમજ છ કે મારી ગોરી ગટાક નારીરીરીરીરી, સુંદર!'

નિગ્રો કિશોરનું માનસ કલુષિત છે, માંદલું છે. સ્વસ્થ ને તંદુરસ્ત હોત તો તો નાટક આગળ જ ન ચાલત. પણ આજે જે પ્રકારની મનોદશામાંથી મોટા ભાગનાં કિશોર-કિશોરી પસાર થઈ રહ્યાં છે, તેના પ્રતીક સમું માનસ છે. કારુણિકા ક્યાં છે કે એ માનસ કેવળ નિગ્રો પ્રત્યેના વર્તનમાં જ નથી, પણ સમસ્ત અમેરિકન સંસ્કૃતિ પ્રત્યે, યા માનવજાતિ પ્રત્યે, યા ચાલુ યુગ પ્રત્યે યા આજના જમાનાના દરેક

સવાલો, રહસ્યો, કોયડાઓ પ્રત્યે બેવફા, બેતમા, પરવા વિનાનું, ધ્યેય વિનાનું, નકારાત્મક, રોગગ્રસ્ત છે. કિશોરી માને છે કે એણે બધું જ વાંચ્યું છે, જાણવાનું બધું જાણે છે, ભણવાનું બધું ભણી છે. દર પળે હૃદયની લાગણીઓને ગાંઝ કે રમ-વ્હિસ્કીના સોટીમાર થકી જાગ્રત કર્યા કરી, એ પછી હવે લાગણીઓમાં ઊભા થવાની ય શક્તિ રહી નથી. બ્લૅંક—શૂન્ય! એક્સાઈટમેન્ટમાં પણ એક્સાઇટમેન્ટ રહ્યું નહિ! રે, શી કરુણતા! બહેનનો મરી જવાનો કાગળ આવ્યો, આવે. મરવાનાં છે તે વળી મરે જ. ચલો સેયા નિગ્રો, લિંકન સેન્ટર, બ્રોડવે, ગ્રીનિચ વિલેજ—ચલો ગમે ત્યાં, એની વ્હેર! ત્રણેમાં ફરક જ શો છે જે?

આમ પ્રત્યેક પ્રસંગ પર, સવાલ પર એ ચર્ચા કરે છે. રકટક, કચકચ, કકળાટ કરે છે. અટક્યા વિના વિવાદ-પ્રલાપ કરે છે. ઝગારા મારતી હજારો જાહેરખબરો વાંચી એની રોશનીમાં પતંગિયાની માફક આકર્ષાતી દોડે છે, અટકે છે. ઘડીમાં ટેલિવિઝન, ફ્રિવઝ કાર્યક્રમોની, ઘડીમાં છાપાંની ચટાકેદાર કતારોની, ઘડીમાં ચોળાઈ ચૂંથાઈ ચારે કોર ચકરાતાં રાજકારણનાં સૂત્રોનાં અસંખ્ય મંતવ્યોમાંનાં યાદ રહી ગએલાં બેપાંચ વાક્યોની. રસ્તે કે પડોશમાં જતાંઆવતાં સાંભળેલા જાતજાતના, સારામાઠા, ચટાકેદાર, અશ્લીલ ટુચકાઓની ચર્ચા કરે છે; તો કદીક વ્હિટમૅનનાં કે ફ્રોસ્ટનાં કાવ્યોમાંથી બેચાર લીટીઓ લલકારે છે. કદીક પોતે વાંચેલા સિદ્ધાંતોમાં એ માને છે એમ કહે છે, તો ઘડીકમાં આખી દુનિયાને થએલા રોગની યાદી રજૂ કરી, એને સુધારવાના નુસ્ખાઓ લવી જાય છે. આખી દુનિયામાં સૌથી વધારે જ્ઞાન એ કિશોરી ધરાવે છે, અને છતાં એ અજ્ઞાન કુંવરી છે. જેટલું વધારે જાણવા એ મથે છે, એમ એ વધારે ને વધારે અભણ બનતી જાય છે. ભયંકર અજ્ઞાનના પરપોટા ઉપર જ એ જીવે છે. સમાજના વિકાસની વાતો કરે છે, એમાં એ રાતે નખાયલો કચરો એકઠો કરીને જતી ટ્રકમાંનો સંભાર જ એ ઠાલવે છે. ઓહોહો, એણે જે એના મગજમાં ભર્યું છે, એકઠું કર્યું છે, એમાંનું કોઈ પણ પકડ્યું જુઓ તો એમાં ક્યાં ય કશી ભલીવાર, કોઇ વ્યવસ્થિત વિ-ચારધારા કે અમસ્તું પણ ઊંડાણ ન મળે. બધું જ ઉપરછલ્લું, ચોરા-ટિયું, તકલાદી અને કદીક મેલું. એવાંને એણે જ્ઞાન માની સંઘર્યું છે. એ પોતે જ એના આ ખજાના સાથે નાશ કરવાને લાયક બની બેઠી છે.

પણ ખરું જુઓ તો એ જ વિનાશક વિઘાતક વ્યક્તિ સમાજની તકલાદી પ્રગતિની પ્રતિમા જેવી છે. ના, એ નિગ્રો કે કાળી પ્રજા કે એવી કોઇ જાતભાતનું નિકંદન કરવા નથી નીકળી, પણ માનવજાતને એ તો છે માનવ-સંસ્કૃતિનો ધ્વંસ કરનારી જીવલેણ મારણશક્તિ. સકળ સૃષ્ટિમાં ખડકાએલા સડાના અર્ક સમાન આ એક એકમ છે—વ્યક્તિ છે. અને એનો પહેલો નાશ થવો જોઈએ. પણ નાટકમાં, આસપાસના લોકો અણસમજને કારણે પેલા નિગ્રોના જીવનનો ખૂન થકી અંત આણે છે! કિશોરી એને ન મારી શકી, એને મારવો પણ નહોતો. એને ઘા કરી, એના ઘામાં મરચાંની ભૂકી ભભરાવી, એને તો ઠીક છે, જરી ગમ્મત છે, ફન છે, એમાં મજા માણવી હતી. પણ ખૂન થયું કિશોરનું. કિશોરીને એથી કશો પશ્ચાત્તાપ થયો? ના. એમ એનું ખૂન થયું. થાય! માનો કે એ પણ ઠીક છે, જરી ગમ્મત છે, પૂરી ફન છે.

આવો પાછા, ફરી પેલી પચાસ-સાઠ સવાલોની યાદી જોઈ જાઓ. ઍનાલિસિસ, પૃથક્કરણ, બધા તાણાવાણાને છૂટા પાડવાની રીત; અને એમ કરી સાથીદાર શોધવાનું ધ્યેય. ઘણાં વર્ષો પહેલાં ફ્રાન્સની એક નવલકથા વાંચી હતી. લેખક એક મનુષ્યના આત્માનું વજન શોધવા પ્રયોગ કરે છે. કોઈ મરવા પડ્યો તો તરત એને એની પ્રયોગશાળામાં લાવવામાં આવ્યો, ત્રાજવે સુવાડ્યો, લોહી પાણી હાડકાં અંગે અંગ અવયવો, વાળ દાંત બધાંનાં વજન કાઢી રાખ્યાં, મર્યા બાદ હંસલો ઊડી જતાં જુએ કે ત્રાજવામાં કંઈ ફરક પડે છે? ખોળિયાના વજનમાં ક્યાં ય ઘટાડો થાય છે? કંઈ વજન મળે છે? ત્રાજવાં ચોક્કસ છે. પ્રયોગશાળામાં માનવીને સુવાડવા માટે ખાસ હવાબંધીની કાચની બારી બનાવી છે. કઈક મર્યા, પણ હજી પ્રાણપંખીનું વજન હાથમાં નથી આવ્યું. ક્યાંકથી એકાએક એ ઊડી જાય છે, ને એ ભેદભરમ તો જાણે આપણો એક જગતનો નાથ, નિરંજન અને નિરાકાર.

'મીટ એ મેઈટ'માં એવો જ વેપલો છે. આ પશ્ચાદ્ભૂમિકા યાદ રાખજો. હિપ્પીઓને સમજવા આ બાળબોધક પદાર્થ. પાઠ છે. એમાં અમેરિકાનાં આજનાં ઊગતાં કિશોરકિશોરીઓનાં માનસનું પ્રદર્શન છે. ન્યૂ યૉર્ક શહેર પણ એ જ કોટિનું છે. લંડન એ ઇંગ્લંડ નથી, મુંબાઈ એ ભારત નથી, તેમ ન્યૂ યૉર્ક એ અમેરિકા નથી. પણ ન્યૂ યૉર્ક મબલખ દોલતે ભરપૂર છતાં ખાલીખમ છે. આવડા મોટા, આટલા વૈવિધ્યવાળા અને સગવડવાળા શહેરમાં સાથીદાર શોધવા આટઆટલી જહેમત ઉઠાવવી પડે છે. ત્યાં બધું છે. થનગનાટ, તરવરાટ, ઝડપ, સમયની કિંમત. કોઈને પૂછો કે અમુક મહોલ્લો કેટલે દૂર? યા કોઈક જાણીતી સંસ્થાનું સરનામું, પ્લીઝ! પણ એને—તરત દોડતી બસમાંથી યા ઊભી રહેલી ટ્રેઇન કે મોટરમાંથી ઊતરેલા એને, ક્યાંક જવા તલપાપડ એને, એની દોડધામમાં તમને જવાબ આપવાની ફુરસદ ક્યાં છે? કહેશે 'ટૅકસીવાળાને પકડો, એમાં જાઓ, એ બતાવશે.' અને તે માટે બહુ બહુ તો, જતાં જતાં, ગૌરવ મદ કે અભિમાનથી નહિ, દયા બતાવવા કે દિલાસો આપવા નહિ, પણ તટસ્થતાથી એકાદ બે ડૉલરની નોટ નાખતો જશે? ન્યૂ યૉર્કમાં પ્રાણ શોધનારાઓને નિરાશા સાંપડશે. સાથીદાર શોધવા માટે હજાર આડ-રસ્તાઓમાંથી એક પસંદ કરતાં વિમાસણ અનુભવવી પડશે. (ચાલુ)



પચ્ચીસ વર્ષ પહેલાં

સપ્ટેમ્બર ૧૯૪૭
અંક ૨૪૯

પરને કાજે પ્રાણ કેમ આપી શકાય એ તો અનેક બતાવી ગયા છે; પણ પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવી ગએલી આ કથાના નાયકે, જીવનના એક સોદાગરે બતાવ્યું કે પરને કાજે પ્રાણ ક્યાં સુધી ટકાવી શકાય !

અસફળતાની ઓઢણી કાળી હશે, પણ તેનું મુખ ઘણું દેદીપ્યમાન છે. એટલે જ્યારે ઑસ્ટ્રેલિયાના ગાઢ જંગલમાં એ અસફળતાએ મિ. વેસ્ટ્રે પર અભિષેક કર્યો ત્યારે દુનિયાના ઘણા વિજયો ઝાંખા પડી ગયા.

જિંદગીનું ખરું ગૌરવ પુરુષાર્થમાં છે, સતત પ્રયત્નમાં છે એ તેણે જાતનો એક એક અણુ ખરચીને બતાવી આપ્યું. સાહસિકોની દુનિયામાં બહાદુરી ને બિરાદરીના દાખલા અસંખ્ય છે. દક્ષિણ ધ્રુવની સફરથી પાછા ફરતાં, પોતાની માંદગીથી થતી કૂચની ઢીલને કારણે એક સવારે તંબૂ બહાર નીકળી બરફ પર ચિરનિદ્રા લેતા જનરલ ઓટ્સની વાત જાણીતી છે. આ જે. જી. વેસ્ટ્રેની દિલાવરી એમ મૃત્યુને વધાવવામાં નહોતી; પણ જિંદગીનો દીવો જ્યારે ઝપાટાબંધ ઓલવાતો હતો ત્યારે, પગલે પગલે મૃત્યુને પાછળ હઠાવતો તે આગળ વધ્યો હતો. ઓટ્સને કહેવું હતું: બીજાઓની ખાતર કેમ પ્રાણ આપી શકાય. વેસ્ટ્રેએ બતાવ્યું: બીજાઓની ખાતર ક્યાં સુધી પ્રાણને ટકાવી શકાય. જ્યારે શરીર તદ્દન નાકામયાબ બની જર્જર થઇ રહે ત્યારે પણ, સંકલ્પની દૃઢતાથી, આત્માના ખમીરથી.

ઑસ્ટ્રેલિયાના ન્યૂ સાઉથ વેલ્સની ઉત્તર સીમાને અડીને ક્વીન્સલૅન્ડ પાર્કનું ગીચ ને ભયંકર રમણીય જંગલ ખડું છે. અભેદ્ય વનરાજી અને ઊંચા વિકરાળ ડુંગરથી એ ઉચ્ચ પ્રદેશ સભર છે. મૅકફરસન ગિરિમાળાને છેડે એ છૂટીછવાઈ ટેકરીઓમાં વહેંચાઇ, ન્યૂ સાઉથ વેલ્સનાં વિશાળ ખેતરોને સાંકળી લે છે.

ઇ. ૧૯૩૭ની ૧૯મી ફેબ્રુઆરીએ 'વી-ઉહ' નામનું એક મૅનોપ્લેઈન આ જંગલમાં ગરક થઈ ગયું. ઑસ્ટ્રેલિયન સરકારે તપાસ કરવામાં બાકી ન રાખી, પણ કશો પત્તો ન મળ્યો. બ્રિસ્બેઈનથી સિડની જતું એ વિમાન વચ્ચે રૉકૅમ્પ્ટન ને આર્ચરફીલ્ડના ઉતારુઓ લઈ આગળ વધ્યું. પણ તે પછી કશા સમાચાર ન મળ્યા. ઊપડતી વખતે હવામાન સારું હતું, પણ પછી તોફાનનાં ચિહ્નો નોંધાયાં હતાં. છેવટ, વંટોળમાં સપડાઈ તેણે દરિયાના કોઇ અજાણ ખૂણે કબર કરી હશે એમ કલ્પી એ કમનસીબ વિમાનના સાત જીવોને સરકારી ખાતાએ મૃતની યાદીમાં ચડાવી દીધા.

પણ એ યાદીમાં એક મિ. પ્રાઉડ હતો. આર્ચરફીલ્ડથી તે 'વી-ઉહ'માં બેઠો હતો. જ્યારે આ વિમાને અંધાર પછેડો ઓઢી લીધો ત્યારે એ જવાનની ઘરડી માનું કાળજું ફફડી ઊઠ્યું. ઊંડેઊંડે તેને થતું હતું કે તેનો દીકરો જીવે છે. એટલે ૫૦૦ પાઉંડનું ઇનામ કાઢી તેણે સ્વતંત્ર તપાસ ચલાવી. ફરી એ જંગલી ને ડુંગરાળ પ્રદેશ પર વિમાનો ગરજ્યાં—ફક્ત નિરાશ થઇ પાછાં ફરવા માટે.

પણ માની હૈયા-કથની ખોટી ન હતી. પ્રાઉડ જીવતો હતો. એ અગોચર ભૂમિની બાજુમાં નાનકડી વસાહત કરી રહેતા બહાદુર ખેડુ બર્નાર્ડ ઓ'રેલીના સાહસિક સફળ પ્રયત્ને તેને અને તેના એક સાથીને બચાવી લીધા. અને ત્યારે દુનિયાએ, કદી ન સાંભળેલી એવી ભેરુબંધીની આ વાત સાંભળી.

વેસ્ટ્રે આ વિમાનમાં સાથે હતો. જ્યારે વિમાન તૂટી પડ્યું ને સળગી ઊઠ્યું ત્યારે બાજુની બારી તોડી પાડી પહેલો બહાર કૂદી પડનાર પ્રાઉડ હતો. તેણે બીજા દોસ્ત બિન્સ્ટેડને બહાર કાઢ્યો, અને તેણે વેસ્ટ્રેને મદદ કરી. વેસ્ટ્રે જ્યારે બહાર નીકળ્યો ત્યારે તેનો વાંસો અને હાથ સખત રીતે દાઝી ગયા હતા. કંઈ થઈ શકે તે પહેલાં બાકીના ચાર આદમીને અગ્નિજ્વાળા ઘેરી વળી હતી.

જેનું આંગળીનું ટેરવું સરખું એકવાર દાઝેલું છે તે જાણે છે કે અગ્નિની વેદના કેવી હોય છે. બંને હાથ અને વાંસામાં અસહ્ય પીડા થતી હોવા છતાં વેસ્ટ્રે બોલી ઊઠ્યો કે પોતે આસપાસમાં કોઈ ખેતર શોધી મદદ મેળવી શકશે. અકસ્માતથી પ્રાઉડના એક પગનો કચ્ચરઘાણ વળી ગયો હતો. બિન્સ્ટેડ લગભગ બેહોશ જેવો પડ્યો હતો. અને તેથી દાઝેલો ને ઘવાએલો વેસ્ટ્રે મક્કમ પગલે આગળ ચાલ્યો.

વેસ્ટ્રે કદાચ એવી સહાય મેળવવામાં સફળ થયો હોત. પણ આ અજાણ્યા મુલકમાં તે ત્રણ હજાર ફૂટની ઊંચાઈએ કશી યે માહિતી વિના ઊભો હતો. અને તે કોઈ પહાડખેડુ કે જંગલ ભમનાર તો નહોતો. એ તો લંડનનો એક જવાન વેપારી હતો. પણ છતાં તેણે જિંદગીનો સોદો ભલી રીતે ખેલી જાણ્યો.

વેગથી વહેતાં ઝરણાં, લપસણી જમીન, પડી ગએલાં તોતિંગ વૃક્ષો ને ગીચ ઝાડી સોંસરવો, તે કુહાડી કે બીજાં સાધન વગર આગળ વધ્યો. માખીઓનાં ઝુંડ તેને હેરાન કરતાં હતાં. ઊકળતો બાફ તેને પરેશાન કરી મૂકતો હતો, છતાં તે આગળ વધ્યો—પડતો આખડતો, લથડિયાં ખાતો. ઘડીએવારે તેને કોઇ ડાળી કે પથ્થરનો ટેકો લેવો પડતો ને ત્યારે ભુંજાઈ ગએલા હાથમાંથી કાળી બળતરા ઊઠતી. પણ તેના બે સાથી પેલી એકલ ભૂમિમાં અસહાય પડ્યા હતા. અને કદાચ આગળ કોઇ ખેતર નજરે ચડી યે જાય! એકએક પછાટે તેની શક્તિ હણાતી હતી, ને છતાં આશ્ચર્ય તો એ છે કે તે બમણા ઉત્સાહથી દર વખત ઊભો થતો. એ નાનકડું બદન વજ્જરને તાંતણે વણાયું હતું.

સખત થાકથી વેસ્ટ્રેની આંખે ઝાંખ વળી. વાંસાની વેદના અને નવી થતી ઈજાએ તેને છેવટ થકવી દીધો અને એક સીધી કરાડ પરથી તે પચીસ ફૂટ નીચે એક તીક્ષ્ણ પહાડ પર ગબડી પડ્યો. એ પછડાટે તેનો જીવ લીધો.

પણ વાત એટલેથી પૂરી નથી થતી. એ ભયંકર પછડાટ પછી પણ તે ઊભો થયો! તેનું કાંડું ભાંગી ગયું હતું એક આંખ બહાર નીકળી આવી હતી, ને માથા પર ભારે ઈજા થઈ હતી. છતાં તે આગળ વધ્યો. કાયા તો પીંખાઈ ગઈ હતી, પણ તેની પાછળ કામ કરતું લોખંડી મન તેને દોરી જતું હતું. પાછળ બે સાથી નિઃસહાય પડ્યા હતા ને આગળ કદાચ ખેતર મળી આવે! વેસ્ટ્રેના આત્માનું આ રટણ હશે.

હવે તેનાં પગલાં ધીમાં પડતાં હતાં. જિંદગીની છેલ્લી મૂડી ખર્ચાઇ જતી હતી છતાં તેના પગ ન થંભ્યા. છેવટે એ ક્ષણ આવી—થોડી પળ, થોડાં જ ડગલાં અને એ લોહીનીંગળતું શરીર પહાડ પર ફસડાઈ પડ્યું—પેલી ગોઝારી કરાડથી બરાબર અરધો માઈલ દૂર.

પણ છતાં હજુ આશાના દોર નહોતા તૂટ્યા. અદમ્ય ઇચ્છાશક્તિનો તદ્દન હ્રાસ નહોતો થયો. વેસ્ટ્રેના મનમાં હશે કે થોડો આરામ લીધા પછી હજુ તે આગળ જઈ શકશે. તેણે સિગારેટ કેસ કાઢી અને સિગારેટ સળગાળી ડબ્બીને બાજુમાં મૂકી. ધીમે ધીમે—કદાચ અર્ધબેભાન અવસ્થામાં થોડા દમ ખેંચ્યા. સિગારેટ અર્ધી સળગી અને પછી એ અર્ધી સળગેલી સિગારેટ તેના હાથમાં કાયમ રહી ગઈ. દૃઢ મનોબળે અત્યાર સુધી પીંજરમાં પૂરેલો પ્રાણ મુક્ત બની ગયો. આ તેનું છેલ્લું આસન પણ એટલું જીવંત હતું કે જ્યારે પેલા ખેડુ બર્નાર્ડ ઓ'રેલીએ તેને જોયો ત્યારે તેણે વેસ્ટ્રે સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો હતો!

વેસ્ટ્રેની જ્યાં કાયા પડી ત્યાં તેની કબર ચણવામાં આવી છે. અસફળતા? હવે કોણ કહે છે કે તેની આંખમાં વિજયને પણ શરમાવી દેતી ચમક નથી?

—મકરન્દ દવે

કલાવાર્તા

સ્થપતિ લુડવિગ માઐસ વાન ડર રોહે

વીસમી સદીના સ્થાપત્યક્ષેત્રની પ્રભાવક ત્રિપુટીમાં ફ્રૅંક લૉઈડ રાઈટ અને લા કાર્બુઝીઅૅર સાથે લુડવિગ માઐસ વાન ડર રોહેની ગણના થાય છે. હમણાં શિકાગોમાં ૮૩ વર્ષની વયે એનું અવસાન થયું. આજથી પચાસ વર્ષ પર, ઈ. ૧૯૧૯માં, જર્મનીમાં એક હરીફાઈમાં એમણે પોલાદી માળખાની કાચ-મઢી ગગનચુંબી ઇમારતની કલ્પના રજૂ કરેલી. તે છેક ત્રીસ વર્ષે, શિકાગોમાં 'લેઈક શૉર ડ્રાઈવ ઍપાર્ટમેન્ટ' રૂપે મૂર્ત થઈ. આજે જે પ્રકારના સ્થાપત્યનું આકર્ષણ વધ્યું છે એનો એક આદર્શ એ ઇમારત પૂરો પાડે છે.

છેલ્લે રક્તવાહિનીઓના રોગને કારણે હલનચલનમાં યે ખુરશીવશ બની ગએલા આ સ્થપતિનો જન્મ ઈ. ૧૮૮૬માં જર્મનીના આખેન મુકામ થએલો. એમણે સ્થાપત્યનું રીતસર શિક્ષણ લીધું નહોતું. જીવનનો આરંભ એક મામૂલી કડિયા, ડ્રાફ્ટ્સમૅન ને ફર્નિચરના ડિઝાઈનર તરીકે કરેલો. અને એ અનુભવોએ એમની કશા પણ શોભન શણગારથી મુક્ત, નિતાંત નિયમબદ્ધ સ્થાપત્યશૈલીના ઘડતરમાં ઘણો ભાગ ભજવ્યો.


નાઝી નીતિથી કંટાળીને જર્મની છોડી ૧૯૩૮માં જ્યારે એ અમેરિકા આવ્યા ત્યારે સ્થપતિ તરીકેની એમની ખ્યાતિ દેશાવરોમાં પ્રસરી ચૂકી હતી. તે ઇલિનૉઈ ઇન્સ્ટિટ્યૂટ ઑવ ટૅકનૉલૉજીમાં જોડાયા, ને ત્યાં બે દાયકાના સ્થાપત્યના અધ્યાપન દ્વારા તથા એ વિભાગના નિર્દેશક તરીકે વિદ્યાર્થીઓમાં પોતાના કલાવિચારો સાથે ચીવટભરી પૂર્ણતા પણ ઉતારી. એ ગાળામાં એમણે જે સર્જનો કર્યાં એમાં એ સંસ્થાનાં ૧૮ મકાનોવાળી રચના ગણનાપાત્ર છે.

આયોજક અને અધ્યાપક તરીકેની બેવડી કામગીરીને પરિણામે તે પોતાના સિદ્ધાંતો અને વિચારો સ્પષ્ટતાથી વ્યક્ત કરી શકતા. ઇંગ્લંડ, જર્મની અને અમેરિકન ઇન્સ્ટિટ્યૂટ ઑવ આર્કિટેક્ટ્સ તરફથી એમને સુવર્ણચંદ્રક અપાયા છે. ખુરશી, ટેબલ વગેરે પોતાના રાચરચીલાના નમૂના પણ પોતે જ વિચારતા અને એમનાં એ સર્જનો પણ ઉત્તમોત્તમ નમૂના બની રહેલાં છે.

એમના અવસાનથી સ્થાપત્યના ઇતિહાસનું એક ઊજળું પ્રકરણ પૂરું થાય છે.



લુડવિગ માઐસ વાન ડર રોહે



માઐસના જ બે વિદ્યાર્થીઓએ શિકાગોમાં સર્જેલી આ કાચ-મઢી વળાંકદાર ઇમારત ગુરુના સ્વપ્નનો જ પ્રભાવ વ્યક્ત કરે છે.

સ્ટ્રૅટફર્ડ જ્યૂબિલી





શેક્સ્પીઅરના જન્મસ્થાન 'સ્ટ્રૅટફર્ડ અપૉન ઍવન' (ઍવન નદી પરના સ્ટ્રૅટફર્ડ ગામ)માં ઇંગ્લંડના એ મહાકવિના માનમાં વર્ષોવર્ષ ઊજવવાના ઉત્સવની ૨૦૦મી જયંતી આ વર્ષે છે.

ઇંગ્લંડના વિખ્યાત નટ ડેવિડ ગૅરિકે ઈ. ૧૭૬૯માં સૌપ્રથમ આ શેક્સ્પીઅર ઉત્સવ—'સ્ટ્રૅટફર્ડ જ્યૂબિલી'નું આયોજન કર્યું હતું. આ જયંતી પ્રસંગે શેક્સ્પીઅર-જન્મસ્થાન-ટ્રસ્ટે આ (ઉપર દર્શાવેલો) ખાસ ચંદ્રક બહાર પાડ્યો છે. વિખ્યાત બ્રિટિશ શિલ્પી અને આવા ખાસ પદકોના સર્જક પૉલ વિન્કમે એનું આયોજન કર્યું છે. ડાબી તરફ દર્શાવેલી પદકની આગલી બાજુ પર, ઈ. ૧૬૬૦માં આલેખાએલા અને હાલ આ ટ્રસ્ટની પાસે સચવાઈ રહેલા છબિચિત્ર પરથી કરેલું શેક્સ્પીઅરનું બસ્ટ-આવક્ષ: આકૃતિ આપી છે અને એને બે પડખે માન આપતાં સ્ત્રી-પુરુષ આલેખ્યાં છે. પદકની પાછળની બાજુ (ચિત્રમાં જમણી તરફમાં) ઉપર પડદા અને નીચે હાસ્ય તથા કરુણતાનાં મહોરાં વડે નાટકના તખ્તાનું સૂચન કરવા સાથે આ ઉત્સવના સ્થાપક ઉત્સવના ડેવિડ ગૅરિકની છબિ ઉપસાવી છે, જેના એક હાથમાં એણે યોજેલા પ્રથમ ઉત્સવ-પ્રસંગના એના પદનું સૂચન કરતો દંડ અને બીજા હાથમાં એ ઉત્સવ વખતે એણે પહેરેલો શેક્સ્પીઅરનો ચંદ્રક છે. એ વળા શેક્સ્પીઅરની પ્રશસ્તિમાં ગાએલા ગીતનું અવતરણ પણ છબિ નીચે કોતરેલું છે. સવા બે અને દોઢ ઇંચ વ્યાસના બે કદમાં ચાંદી, સોના અને પ્લૅટિનમ ધાતુમાં આ ચંદ્રકો ઢાળવામાં આવ્યા છે.

કંકાવટી

હરિ ફઈ

ગઈ સદીના વિધવાજીવનની સત્યકથા

ભાવનગર જિલ્લાના ટાણા ગામમાં નારણુ જોશી નામના ગરીબ બ્રાહ્મણને ત્યાં હરિ ફઈનો જન્મ. બારમે વરસે લગ્ન થયાં, પણુ દુર્ભાગ્યે લગ્ન પછી ત્રીજે જ મહિને એ વિધવા થયાં. એ જમાના પ્રમાણે જન્મ્યાં ત્યાં જ જીવન પૂરું કરવાનું થયું. નબળી સ્થિતિનાં માબાપ પર પોતાનો બોજ આવી પડયો એ દુઃખ એમને પોતાના વૈધવ્યથીએ અધિક લાગ્યું એટલે એણે સતત પરિશ્રમનું વ્રત લીધું. ઘરકામ ઉપરાંત લોકોનાં દળણાં, પાડોશીનાં છાણ-વાસીદાં ને ગાર-ગોરમટી કરે, નવરાં થાય કે રેંટિયો ચલાવે. વળી જાતે પ્રયત્ન કરીને થોડું વાંચતાં લખતાં થયાં અને ભજનો, ધોળ મોઢે કર્યાં. એ માંદાં પડતાં જ નહિ; પડે તો ગણુકારતાં નહિ. સખત તાવમાં પણુ ભીંતે થાપ કરતાં હોય! એ કહેતાં કે દરદ મોટે ભાગે બેઠાડુને ત્યાં જાય, મહેનતુને ત્યાં ભૂલથી જઇ ચડે તો આપણે જો કામ કરતા રહીએ તો નાસી જાય. ને એમની બાબતમાં તો ખરે એમ જ થતું સિત્તેર વરસના આયુમાં એ કદી રોગને કારણે ખાટલે પડયાં નહિ. પાડોશીને ત્યાં કોઈ માંદું હોય તો સેવાશુશ્રૂષા ને રાતજગો કરે. લોકો માને કે હરિબા જે દર્દીની સેવા કરે તે મરે નહિ.

ગામમાં નવી શાળા ખોલાઈ, પણુ કોઈ નિશાળે ન જાય. પિતાને સમજાવી પોતાના બે નાના ભાઈઓને શાળામાં મૂકયા. એ રખડે કે રઝળે નહિ તેનો ખયાલ રાખે. હમેશાં ઘેર પાઠ કરે તેની દેખરેખ રાખે. પછી બન્ને ભાઈને અમદાવાદ પ્રે. રા. ટ્રેનિંગ કૉલેજમાં દાખલ કરાવ્યા. તેની ત્યાંની જરૂરીઆતને પહોંચી વળવા પોતે કેટલીક વખત આખી રાત દળણાં દળતાં. અંતે બન્ને ભાઈઓને શિક્ષક બનાવ્યા અને કુટુંબને કાયમ માટે ભિક્ષાવૃત્તિના વ્યવસાયથી છોડાવ્યું.

જરા નવરાં થાય કે રેંટિયો લઇ બેસે. પાડોશી બહેનો પણુ તેમાં જોડાય. (એ ગાંધીજીની પૂર્વેનો જમાનો હતો.) પરિશ્રમથી જે થોડું નાણું મળે તે જરૂરીઆતવાળાંને ધીરે. કોઈ એમનું નાણું ડુબાડતું નહિ. ખેડૂતો અનાજ-શાક-પાનમાંથી અને બીજાઓ પોતપોતાના ધંધામાંથી વારતહેવારે હરિ ફઈને ભૂલતાં નહિ. પ્રૌઢ થતાંમાં તો ગામમાં એમની પ્રતિષ્ઠા જામી ગઈ. ગામમાં એ પૂજ્ય થયાં. એમની સલાહ ઉવેખાતી નહિ. રાત્રે ચાંદનીમાં એટલે સૌ ડોશી ભેગી થાય તેમાં હરિ ફઈના કીર્તનની સરસાઇ રહે. માબાપ જીવ્યાં ત્યાં સુધી હરિ ફઈએ એમની સેવા દિલથી કરી. સવારના દાતણુ અને ગરમ પાણીથી માંડીને રાત્રે એમની પથારી પાથરવા સુધીની કાળજી ઉપરાંત ઘરડાં માબાપને માટે એક ગાયની પળોજણુ પણુ કરતાં.

ઈ. સ. ૧૯૧૭-૧૮માં પ્લેગ ફાટી નીકળ્યો. લોકો ગામ છોડી ગયાં પણુ હરિ ફઇએ ગામ છોડયું નહિ. કોઈ સલાહ આપે તો કહે મને મુડદાંને વીજળીનો શો ભો? પણુ એમને પ્લેગ લાગુ પડયો. બન્ને ભાઇઓને માણુસ મોકલી તેડાવ્યા, અને ગામના જે લોકોનાં ઘરેણાં પોતા પાસે ગીરવી હતાં તેના પર ચીવટપૂર્વક ચિઠ્ઠીઓ ચોડાવી લેણાદેણાના આંકડા મોઢેથી ભાઈઓને લખાવ્યા. આ બધું ઘરની ઓસરીમાં કરાવ્યું. પછી બન્નેને ગામ બહાર ઝૂંપડે જમવા મોકલ્યા અને બપોરે એ પાછા આવ્યા ત્યાં સુધી પોતે માળા જપતાં રહ્યાં. પછી જાતે ગાયનું છાણુ લાવી ભોંય પર સાથરો લીંપ્યો, યાત્રામાં ગયા હશે ત્યારે ગંગાજીમાં ધોએલું છાયલ સાચવી રાખેલું તે પહેર્યું, જાતે મેડા પર જઇને પોતાની ચેહ માટે સંઘરી રાખેલી બળતણુના લાકડાની ગાંદળીઓ ફળીમાં ફેંકી ને નીચે આવી, ભાઈઓની રજા લઈ, મોઢામાં પોતાની જાતે તુલસીદલ તથા રૂપાની બેઆની સાથે ગંગાજળ મૂકી; સાથરા પર બાળક પેઠે ઊંઘી ગયાં—સદા માટે ઊંઘી ગયાં.

—દેવકૃષ્ણુ પીતાંબર જોશી


> કૂવા-ઢાંકણુ ઢાંકણું, ખેતર-ઢાંકણુ વાડ,
> બાપનું ઢાંકણુ બેટડો, ઘરનું ઢાંકણુ નાર.

દાળ, શાક કે બીજી કોઇ વાનગીમાં મીઠું વધારે પડયું હોય તો થોડી ખાંડ અગર એક-બે બાફેલા બટાટા વાટીને અંદર મેળવી દેવા.


ડી. ડી. ટી. યા જંતુ મારવાની કોઈ દવા છાંટતાં પહેલાં રૂમની વચ્ચે ખુરશી પર એકાદ વાસણુમાં ગરમ પાણી મૂકી રાખવું. જંતુઓ બધાં આવીને પાણીમાં પડશે ને મરી જશે.

અરબસ્તાનમાં વિવાહ માટે કન્યા જોવા જાય ત્યારે એને બટાટા છોલતી, સમારતી અને એનું શાક બનાવતી જોવાનો યત્ન ખાસ થાય છે.

જો એ ચપ્પુ ધોયા વિના વાપરે તો આળસુ છે, બટાટાને એક જ વાર પાણીથી ધૂએ તો ગંદી છે, બટાટાના મોટા ટુકડા કરે તો ઉડાઉ છે, તેલ વધારે નાખે તો શોખીન છે, અને શાક બળી જાય તો બેપરવા છે એમ મનાય છે, અને એવી કન્યા નાપસંદ થાય છે.




તમને 'બાટિક' કરતાં આવડતું હોય તો આ ડિઝાઈનનો સરસ ઉપયોગ કરી શકો. એમાંના છુટ્ટા છુટ્ટા પણુ વાપરી શકો. કાગળમાં કોતરી શકો કે કલેડી પર ચીતરી શકો. ધીરજથી ભરી શકો તો ભરતકામમાં પણુ પ્રયોજી શકો ને રંગોળીમાં પણુ વાપરી શકો.



ઈ. ૧૬૧૦માં 'રૉયલ પ્રિન્સ' ઇંગ્લૅંડનું મોટામાં મોટું જહાજ હતું. (જુઓ ઉપર) ૧૩૦ ફૂટ લાંબા, ૧૨૦૦ ટન વજનના ને ૨૦,૦૦૦ પાઉન્ડને ખર્ચે તૈયાર થએલા એ જહાજ પર પંચાવન તોપો રહેતી. પણ વહાણની બાંધણીમાં પેઢીઓથી થતી આવતી ભૂલ આમાં પણ થઈ જ હતી. ગંજાવર કદ અને ભરચક શોભન જ વહાણ માટે પૂરતાં સમજી તેની વહનશક્તિ પ્રત્યે બેધ્યાનપણું સેવાતું રહ્યું હતું.

ઈ.૧૬૩૭માં 'સૉવરેઈન ઑવ ધસીઝ' નામનું એક બીજું વહાણ પણ બંધાયું. (જુઓ નીચે) ૧૫૨૨ ટનનું એ જહાજ ૧૬૮ ફૂટ લાંબું હતું ને એના પર પિત્તળની ૧૦૨ તોપો રહેતી હતી. એ કાળનાં ઇંગ્લિશ જહાજોમાં આ એક જ ત્રણ મજલાવાળું જહાજ હતું. ૬૦૦ જેટલા માણસો એમાં કામ કરતા. એનાં શોભન, કોતરણી ને રંગરોગાનનો ખર્ચ પણ એટલો જ વધારે હતો. આ વહાણ પર પુષ્કળ સઢ હતા પણ એની ચલનશક્તિ જોઈએ તેવી નહોતી. ગંજાવર કદ અને વધારાના ઠઠારાથી એનું સમતોલન જળવાતું નહિ. તેથી વજન ઘટાડવા એનો એક તૂતક કમી કરવામાં આવ્યો! એ પછી યે ફરી એક વાર એમાં સુધારા કરવા પડયા અને આખરે ઈ. ૧૬૯૬માં આગમાં એ તારાજ થઈ ગયું.



આ સમયમાં જ 'શિપ મની' નામે એક અળખામણો કર ચાર્લ્સ પહેલાએ નાખેલો. ☐



ચંદ્રની ધૂલિનું તિલક ભાલે !
મનુજ સોહામણો આજ લાગે અતિ.
શો નિહાળે
નિજ અહો સ્થૂલ પૃથ્વી દિશા-અન્તરાલે
ચમકતી દ્યુતિમતી !

... ...

અંતરો અવનિ ને ચન્દ્રનાં જો ઘટયાં
મનુજથી મનુજને રાખતાં દૂર જે અંતરો
તે હટયાં ?
મનુજ હે દ્યુતિપથિક ! અંતરિક્ષે
સકલ યાત્રા હજો તારી નિજનીય અભ્યંતરે.

(ઉમાશંકર જોશી)

ભારતના ચોથા રાષ્ટ્રપતિ વરાહગિરિ વ્યંકટગિરિ

રાષ્ટ્રપતિ ડૉ. ઝાકિર હુસેનના અવસાન પછી, કાર્યકારી રાષ્ટ્રપતિપદે આવેલા ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી વરાહગિરિ વ્યંકટગિરિ ગયા માસમાં થએલી ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર તરીકે મોટી બહુમતી મેળવી ભારતના ચોથા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે.


ઓરિસ્સામાં બરહામપોર ખાતે ઈ. ૧૮૯૪ની ૧૦ ઑાગસ્ટે એમનો જન્મ. પિતા શ્રી વી. વી. જોગીઆહ પંતુલુનું એ બીજું સંતાન. ત્યાંની કાલિકાટા કૉલેજમાંથી સ્નાતક થઈ તે ડબ્લિન ગયા ને ત્યાંની 'નૅશનલ યુનિવર્સિટી ઑાવ આયર્લૅન્ડ'માં બૅરિસ્ટર બન્યા. દરમિયાન ત્યાંના સ્વાતંત્ર્યના વિખ્યાત નેતા એમન દ વેલેરાની મૈત્રીથી ત્યાંની બ્રિટિશ વિરોધી ક્રાંતિવાદી લડત 'સિનફેન'ના ગાઢ સંપર્કમાં આવ્યા તેથી બ્રિટિશ સરકારે એમને હદપાર કર્યા.

દેશ પાછા ફરીને તરત તે કૉંગ્રેસ પક્ષમાં જોડાયા અને થોડા જ સમયમાં કામદારોના પ્રશ્નોને પોતાના સેવાક્ષેત્ર તરીકે પસંદ કરી 'ઑાલ ઇંડિયા રેલવેમૅન્સ ફેડરેશન' સ્થાપી સાત વર્ષ સુધી એનું મહામંત્રીપદ અને બીજાં સાત વર્ષ સુધી એનું પ્રમુખપદ સંભાળ્યું. તે પછી કૉંગ્રેસથી અલગ 'ઑાલ ઇન્ડિય ટ્રેડ યુનિયન કૉંગ્રેસ'ની સ્થાપનામાં અગ્રયાયી બની બે વાર એનું પ્રમુખપદ સંભાળેલું. ઈ. ૧૯૨૭માં જીનિવામાં મળેલી આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન-'આઈ. એલ. ઓ.' પરિષદમાં એમણે ઑાલ ઇંડિયા ટ્રેડ યુનિયન કૉંગ્રેસનું પ્રતિનિધિત્વ કરેલું. ૧૯૩૧માં લંડન ખાતે બીજી ગોળમેજી પરિષદમાં એમણે કામદારોના પ્રતિનિધિ તરીકે ભાગ લીધેલો. ૧૯૩૭માં સ્વ. વડા પ્રધાન પંડિત નેહરુના અધ્યક્ષપદે જે રાષ્ટ્રીય આયોજન સમિતિ રચાઈ હતી એના આવાહક પણ શ્રી ગિરિ જ હતા.

પાર્લામેન્ટેરીઅન તરીકે મધ્યસ્થ ધારાસભાના સભ્યપદે તે વર્ષો સુધી રહેલા છે. ૧૯૩૭માં મદ્રાસ ધારાસભામાં ચૂંટાઈ આવ્યા પછી તેઓ ત્યાં ઉદ્યોગ અને સહકારખાતાના મંત્રી બનેલા. ૧૯૪૬ની સામાન્ય ચૂંટણીમાં ફરી ચૂંટાઈ આવીને શ્રી શ્રીપ્રકાશના મંત્રીમંડળમાં લગભગ એક વર્ષ સુધી તેમણે શ્રમમંત્રી તરીકે કામ કરેલું. ૧૯૪૭માં એ મંત્રીમંડળના રાજીનામા પછી ૧૯૫૧ સુધી સીલોનમાં ભારતના હાઈ કમિશનર તરીકે એમની નિયુક્તિ થએલી.



પ્રથમ સામાન્ય ચૂંટણીમાં મદ્રાસમાંથી કૉંગ્રેસ પક્ષમાં તેઓ લોકસભામાં ચુંટાઈ આવ્યા એ પછી થોડા સમય બાદ કેન્દ્રમાં જવાહરલાલ નેહરુના મંત્રીમંડળમાં શ્રમખાતાના મંત્રી તરીકે એમની નિમણૂક થએલી. મે ૧૯૫૨થી સપ્ટેમ્બર ૧૯૫૪ સુધી એ પદે રહ્યા બાદ બૅન્ક ઍવૉર્ડ'માં સુધારણાના પ્રશ્ન પર



એમણે મંત્રીમંડળમાંથી રાજીનામું આપેલું.

ઈ. ૧૯૫૭ થી ૧૯૬૦ સુધી ઉત્તર પ્રદેશમાં, ૧૯૬૧ થી ૧૯૬૫ સુધી કેરળમાં અને ૧૯૬૫માં મ્હૈસુર રાજ્યમાં તેઓ રાજ્યપાલ બનેલા, જે પદે પણ તેઓ માત્ર શોભારૂપ પદવીધારી ન બની રહેતાં અનેક પ્રશ્નોમાં સક્રિય રસ દાખવતા. બૅંગ્લોરમાં એમણે આદરેલી 'સ્વચ્છતા ઝુંબેશ'માં તેઓ જાતે શહેરના રસ્તાઓ પર ફરતા અને રાજભવનને પણ જાણે સુઘરાઈના દફતર જેવું બનાવી મૂકેલું.

ઈ. ૧૯૬૭ના મે માસમાં તેઓ ભારતના ઉપરાષ્ટ્રપતિપદ પર ચૂંટાઈ આવ્યા. અને રાષ્ટ્રપતિ ડૉ. ઝાકિર હુસેનનું એકાએક અવસાન થતાં આ વર્ષના મે માસમાં એમણે કાર્યકારી રાષ્ટ્રપતિપદની જવાબદારી સંભાળી લીધી. ત્યાંથી રાષ્ટ્રપતિપદની સ્વતંત્ર ઉમેદવારી માટે એમણે ગયા જુલાઈમાં ત્યાંથી રાજીનામું આપ્યું અને ગયા માસમાં રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા. આપણા રાજ્યબંધારણની રૂએ હવે પછીનાં પાંચ વર્ષ તેઓ એ પદે રહેશે જે દરમિયાન ઈ. ૧૯૭૨માં આવનારી ચોથી સામાન્ય ચૂંટણી વખતે, મનાય છે કે, એમની જવાબદારી અને કામગીરી ઘણી અગત્યની બની રહેશે.

આજે ૭૬ વર્ષની વયે એમનામાં યુવાનીનાં વર્ષોનો જુસ્સો ધીમો પડી ગયો છે, પણ જરૂર પડયે હજી તેઓ પરિણામની પરવા કર્યા વિના હિંમતથી પોતાનો આગવો અભિપ્રાય વ્યક્ત કરતાં અચકાતા નથી.

એમનો તથા એમનાં પત્ની શ્રીમતી સરસ્વતીબાઈનો પરિવાર બહોળો છે. એમનાં કુલ ૧૬ સંતાનોમાંથી આજે ચાર પુત્રો અને સાત પુત્રીઓ હયાત છે. કેરળમાં રાજ્યપાલ હતા ત્યારે ૬૩ વર્ષની વયે પણ તેઓ નિયમિત ટેનિસ રમતા. સંગીત અને લાંબે સુધી ચાલવાનો પણ એમને શૉખ છે. એમણે લખેલાં કેટલાંક પુસ્તકોમાં 'ઇન્ડસ્ટ્રીઅલ રિલેશન્સ' અને 'લેબર પ્રૉબ્લેમ્સ ઈન ઇન્ડિયન ઈન્ડસ્ટ્રી' જાણીતાં છે.

તારિકા છત્રી



બાળકોમાં ગમ્મત સાથે સરળતાથી વિવિધ વિષયોનું જ્ઞાન પ્રસારવાના ઉત્સાહી રાજરત્ન શ્રી પ્રતાપરાય મહેતાએ એ દિશામાં સંખ્યાબંધ આયોજનો વિચાર્યાં છે અને ઘણાંને અમલમાં પણ મૂક્યાં છે. બાળકો માટેના જ ખાસ સંગ્રહાલયની એક યોજના પણ એમણે સક્રિયપણે વહેતી મૂકી છે. 'ગાંધી તારક'નું સૂચન પણ એમનું જ છે. હવે બાળકોને આકાશના તારાનો પરિચય આપવા એમણે 'તારિકા' નામની આવી એક છત્રી તૈયાર કરાવી છે. રાત્રે કે દિવસે તેના વડે બાળકો આકાશદર્શનનો લાભ લઈ શકે છે. કાગળ પરના સપાટ નકશા કરતાં આ 'તારિકા' વડે ગમ્મત સાથે બાળકો સરળતાથી તારાઓનો પરિચય પામી શકે છે. છત્રીને ફેરવતા રહી તારાની ગતિ પણ સમજી શકાય. આઠને બદલે બાર વિભાગની છત્રી રાખી હોય તો રાત્રિના અમુક નિશ્ચિત સમયે કયા માસમાં કયા તારા દેખાશે એ વધુ સરળતાથી જાણી શકાય.

પોસ્ટકાર્ડની પહેલી સદી

ટપાલનું (પોસ્ટ) કાર્ડ આપણા જીવનનું એક એવું રોજિંદું સાધન બની ગયું છે કે એના ઉદ્‌ભવ વિષે આપણને કદી કુતૂહલ થયું નથી; એટલે, આવતી પહેલી ઑક્ટોબરે તે સો વર્ષ—પહેલી સદી—ની અવધે પહોંચશે એ સમાચાર ઘણાને નવા લાગશે. ઈ. ૧૮૬૯ની પહેલી ઑક્ટોબરે યુરોપમાંના ઑસ્ટ્રિયાની પોસ્ટ ઑફિસે એની શરૂઆત

કરી; અને શરૂઆત ભેગી જ એને એટલી તો મોટી સફળતા મળી કે એ વર્ષના એ છેલ્લા ત્રણ માસમાં જ ૩૦ લાખ કાર્ડ વેચાઈ ગયાં.

એ સફળતા જોઇને બીજે વર્ષે તો યુરોપના ચાર દેશોએ—જર્મની, લક્ઝેમ્બર્ગ, સ્વિટ્ઝર્લૅન્ડ અને બ્રિટને એ શરૂ કર્યાં. અને બ્રિટનમાં તો એ એટલાં કુતૂહલપ્રેરક નીવડેલાં કે એના વેચાણના પહેલે દિવસે લંડનની જનરલ પોસ્ટ ઑફિસ બહાર ખરીદદારોને અંકુશમાં રાખવા પોલીસ બોલાવવી પડેલી! ત્યાર બાદ ૧૮૭૧માં બેલ્જિયમ, નેધરલૅંડ્ઝ ડેનમાર્ક અને કૅનેડાએ, ૧૮૭૨માં સ્વીડન, નૉર્વે, રશિયા અને સિલોને, ૧૮૭૩માં ફ્રાન્સ, સ્પેઈન, સર્બિયા, રૂમાનિયા, ન્યૂ ફાઉન્ડલૅન્ડ, યુ. સ્ટે. અમેરિકા અને ચીલીએ અને તે પછી બાકીના જગતે તેનું અનુકરણ કર્યું. ૧૮૭૪માં બર્નના આંતરરરાષ્ટ્રીય ટપાલ-અધિવેશનમાં તે આંતરરાષ્ટ્રીય વ્યવહાર-સાધન તરીકે સ્વીકારાયું.

એનો મૂળ શોધક હતો ઑસ્ટ્રિયાનો એક યુવાન (૨૯ વર્ષનો) અર્થશાસ્ત્રનો પ્રોફેસર ઈમૅન્યુએલ હેરમાન. વીએનાના 'ન્યૂ ફ્રી. પ્રેસ' નામના પત્રમાં તેણે આ 'ટપાલ-વ્યવહારના નવતર પ્રયોગ' વિષે લખેલો લેખ ઑસ્ટ્રિયાના પોસ્ટમાસ્તર જનરલને જચી ગયો અને તેણે તે અમલમાં મૂક્યો. શરૂઆતનાં એ કાર્ડ રંગે આસમાની હોવાથી, તથા તે ખુલ્લાં હોવાથી સ્ત્રીઓને તે વાપરવાં ગમતાં નહિ. પણ એ સિવાય, ટેલિફોનવિહોણા એ જમાનામાં ઝડપી તથા ટૂંકા સંદેશા લખી મોકલવા માટે એ ઘણું જ સરળ અને અનુકૂળ સાધન હોવાથી જનસામાન્યમાં તેને અસાધારણ સફળતા સાંપડી. આજે, 'ટેલિફોન' અને 'પિક્ચર પોસ્ટકાર્ડ' એ બે હરીફો સામે એનો વાપર, અલબત્ત, જરા ઘટ્યો છે; પણ છતાં એની લોકપ્રિયતામાં હજી ઓટ આવી નથી.

પ્લાસ્ટિકનું ચલણી નાણું

આશ્ચર્ય થાય છે? પણ માનવ-સંસ્કૃતિના ઇતિહાસમાં થઈ ગએલા પથ્થરયુગ, તામ્રયુગ, લોહયુગની જેમ આજે પ્લાસ્ટિક યુગ પ્રવર્તે છે,





←હિંદી મહાસાગરમાં કૉકૉસ ટાપુઓ; અને (ઉપર) ત્યાંનું પ્લાસ્ટિકનું ચલણી નાણું.

એટલે એની નવાઈ ન હોવી જોઈએ. છતાં વિશાળ હિંદી મહાસાગરના દક્ષિણ વિસ્તારમાં લંકા અને ઑસ્ટ્રેલિયાની પડખે આવેલા, પરવાળાના ખડકોથી બનેલા કૉકૉસ ટાપુઓના રાજવી જૉન ક્લ્યુનીસ-રૉસે હમણાં એની કરેલી શરૂઆતે આર્થિક જગતમાં ભલે ભારે ખળભળાટ નથી મચાવ્યો (કારણ કે જગતના નાણાતંત્ર ઉપર એની કાંઈ અસર થવાની નથી) તો પણ જગતને આશ્ચર્ય તો થયું જ.

દુનિયાની ધમાલ, બજારોની ઊથલપાથલ, અર્થતંત્રના વારાફેરા એ બધાંથી તદ્દન અસ્પર્શ એવા, કોપરાની પેદાશ પર પોતાનું શાંત સાદું એકમાર્ગી જીવન ગાળતા, ૫⅟₂ ચોરસ માઈલના વિસ્તારમાં ૨૭ ટચુકડા દ્વીપોના બનેલા કૉકૉસ-કીલિંગ ટાપુઓમાં વસતા ત્યાંના ૬૦૦ વતનીના ૬૦ વર્ષના વ્યવહારજીવનમાં આવેલો આ પહેલો પલટો શી અસર કરી ગયો તે જાણવા મળ્યું નથી. એમના મર્યાદિત જીવનવ્યવહાર માટે પર્યાપ્ત રૂપિયા અને સેન્ટના હાથીદાંતના સિક્કા ઘસાઈ ગયા હોવાથી ત્યાંના અંગ્રેજ રાજવી ક્લ્યુનિસ રૉસે ઇંગ્લંડથી નાનું પ્લાસ્ટિક યંત્ર મંગાવી, પોતાના રસોડાની ભઠ્ઠીના સંપર્કથી તેણે સૂર્ય અને નારિયેળ-વૃક્ષની છાપના સિક્કા પાડ્યા છે. (જુઓ ચિત્ર) લાલ રંગના રૂપિયા, ને લીલા રંગના સેન્ટ! પ્લાસ્ટિકની સપાટીની નીચે ચિત્રનું ઈન્ફ્યુઝન કરેલું હોઈ એને ઘસારાથી બગડવાનો ભય નથી.

કોલંબો (સિલોન)ના અગ્નિ કોણે ૧૪૦૦ માઈલ અને પર્થ (ઑસ્ટ્રેલિયા)ની વાયવ્યે ૧૭૨૦ માઈલ પર હિંદી મહાસાગરમાં આવેલા અને પોતાના જગનિર્લેપ શાંત જીવનને લીધે 'દક્ષિણસાગરના સ્વર્ગદ્વીપ' જેવા મનાતા આ ઈનામી ટાપુઓ ઈ. સ. ૧૮૮૬માં વિક્ટોરિયાએ અત્યારના રાજકર્તાઓના વડવા જ્યૉર્જ રૉસને ભેટ આપ્યા ત્યારથી એના જીવનમાં મહત્વના કહીએ એવા માત્ર બે જ બનાવ બન્યા ગણાય: પહેલા મહાયુદ્ધમાં તરખાટ મચાવનાર જર્મનીની આક્રમક નૌકા એમડેનને અહીં જ ડુબાડવામાં આવેલી; અને બીજો તે કદાચ આ પ્લાસ્ટિકનું ચલણી નાણું.

તમે આ મથાળું વાંચશો એટલી વારમાં ભારતની વસતિ કેટલી વધી ગઈ હશે?

તમે આ એક વાક્ય વાંચ્યુ એટલી વારમાં આપણા દેશમાં ત્રણ

આ માસ (સપ્ટેમ્બર) ઇતિહાસમાં

તા. ૨, ૧૬૬૬ આગલે જ વર્ષે ભયંકર મરકી આવી ગયા પછી લંડનમાં એકાએક આગ લાગી. પવનને કારણે એ શહેરભરમાં પસરી. પાંચમા ભાગનું જ શહેર બચવા પામ્યું. પણ એ પછી નવા વસેલા શહેરમાંથી રોગચાળો તો ગયો જ, ઉપરાંત પાકાં મકાનો, પહોળા માર્ગો, ગટર, રસ્તા પર દીવા ને સેંટ પૉલના દેવળ જેવાં જગવિખ્યાત સ્થાપત્ય સર્જાયાં.

તા. ૩, ૧૭૫૨: ઈંગ્લંડમાં ગ્રૅગરિયન કૅલેન્ડરનો સ્વીકાર થયો અને તે અનુસાર સપ્ટેમ્બરની ૩ તારીખને એ જ માસની ૧૪મી તારીખ આ દિવસે ગણવામાં આવી હતી.

તા. ૪, ૧૯૨૦ હિંદના રાજકારણમાં નવા પ્રવેશેલા ગાંધીજીએ અસહકારનો કાર્યક્રમ આપ્યો, જે કૅાંગ્રેસે અપનાવ્યો અને દેશમાં અહિંસક લડતનું એક નવું જ તત્ત્વ આવ્યું.

તા. ૫, ૧૬૭૪ ફ્રેંચ એજન્ટ ફ્રાંસ્વા માર્ટિને જિંજીના સૂબા શેરખાન પાસેથી પોંડિચેરી ખરીદ્યું: ત્યારે તો એ એક નાનકડું ગામડું માત્ર હતું. પણ દીર્ઘદર્શી માર્ટિને તેને કિલ્લેબંદી કરીને વિકસાવ્યું. વચ્ચે ડચોએ એ પડાવી લઈને ૧૬૯૩ સુધી કબજે રાખેલું, પણ ૧૬૯૭માં રિસ્વિકના કરાર પછી નુકસાનીની ચૂકવણી સાથે એ ફ્રેંચોને પાછું સોંપ્યું. અને તે પછી માર્ટિને તેને માત્ર વેપારનું ફ્રેંચ મથક જ નહિ હિંદુસ્તાનમાંના ફ્રેંચ સંસ્થાનનું મુખ્ય થાણું ને રાજધાની બનાવ્યું. ઈ. ૧૯૫૫માં એ આઝાદ ભારત સાથે ભળી ગયું.

તા. ૬ ૧૬૨૦ ઈંગ્લંડના રાજા જેમ્સ પહેલાના દૈવી અધિકારોના દાવાથી ત્રાસેલા, ને ઈંગ્લંડના ત્યારના ધર્મતંત્રથી અસંતુષ્ટ કેટલાક



અણનમ પ્રોટેસ્ટંટ-પંથીઓ 'મે ફ્લાવર' નામે વહાણ (જુઓ ચિત્ર)માં પ્લિમથ બંદરેથી સદાને માટે ઈંગ્લંડ છોડી અમેરિકા ગયા.

તા. ૯, ૧૯૧૫ અંગ્રેજી સત્તા સામે લડતાં બંગાળનાં છૂટાંછવાયાં ક્રાંતિદળોને એકત્ર કરનાર યતીન્દ્ર મુખરજી છેક જર્મનીથી છૂપી રીતે મંગાવેલાં શસ્ત્રો લેવા જતાં પોલીસ સામે બે દિવસ ઝઝૂમી ઘાયલ થયો, પકડાયો અને સજા થતાં કટકમાં તેને ફાંસી અપાઈ.





મંગો પાર્ક

યતીન્દ્ર મુખરજી

તા. ૧૦, ૧૭૫૭ માત્ર ચોવીસ વર્ષની વયે પશ્ચિમ આફ્રિકાના અણજાણ પ્રદેશમાં નાઈજર નદીના પ્રવાહની દિશા શોધનાર સ્કૅાટલૅન્ડના સાહસિક શોધ-સફરી મંગો પાર્કનો જન્મ. બીજી સફરમાં એણે એ નદીના ૨૦૦૦ માઈલના કંઠારની ભાળ મેળવેલી. છેવટ હબસીઓના હુમલા સામે બચવા માટે એ નદીમાં કૂદી પડતાં અવસાન પામેલો.



તા. ૧૧, ૧૯૦૯ 'હેલી'નો મોટો ધૂમકેતુ દેખાયો. છેક ઈ. સ. પૂર્વે ૪૬૬થી એ દેખાયાની નોંધો મળી છે. હવે એ અંદાજે ૧૯૮૬માં દેખાશે. સો વર્ષથી ઓછા ગાળામાં ફરીથી દેખાતો આ એક જ ધૂમકેતુ છે.

તા. ૧૨, ૧૭૮૬ કચ્છના બેફામ રાજા રાયધણ ત્રીજાને કેદ કરી ફતેહમામદજમાદારે 'બારભાયા' મંત્રીમંડળ દ્વારા રાજ્યની લગામ હાથમાં લીધી. અંજારનો વેપાર વધારીને તૂણા બંદર આબાદ કરીને એણે



કચ્છની પ્રતિષ્ઠા દૂર દેશાવર સુધી વધારી. મ્હૈસૂરના ટીપુ સુલતાન સાથે પણ એને મૈત્રી હતી.

તા. ૧૫, ૧૯૩૫ પહેલા વિશ્વયુદ્ધ પછીના જર્મન પ્રજાસત્તાકમાં નાઝી પક્ષે સત્તા પચાવી પાડી. તેના સરમુખત્યાર હિટલરે કાળા, લાલ અને પીળા પટ્ટાવાળા તેના જૂના ત્રિરંગી રાષ્ટ્રધ્વજને સ્થાને લાલ ભોંય પર સફેદ



વર્તુળમાં કાળા સ્વસ્તિકવાળો નવો રાષ્ટ્રધ્વજ રચ્યો. બીજા વિશ્વયુદ્ધમાં એની હાર થયા પછી એ ધ્વજને રદ કરવામાં આવ્યો.



તા. ૨૧, ૧૮૫૭ સત્તાવનના બળવામાં દિલ્હી અંગ્રેજોને હાથ જતાં હુમાયૂંના મકબરામાં સકુટુંબ છુપાએલા દિલ્હીના બાદશાહ મુહમ્મદ બહાદુરશાહને મિરઝા ઈલાહીબક્ષે દગો કરી કૅપ્ટન હડસનને હાથે કેદ કરાવ્યો. અકબરશાહ બીજાના અવસાન પછી ૨૮ સપ્ટે. ૧૮૩૭માં ગાદીએ આવનાર એ મુઘલ સલ્તનતનો છેલ્લો ને તદ્દન સત્તાહીન બાદશાહ હતો. તા. ૨૩મીએ હડસને બીજા ત્રણ શાહજાદાઓને પણ એ જ મકબરામાંથી પકડયા અને દિલ્હી લાવતાં માર્ગમાં એમને ગોળીએ દીધા.

તા. ૨૩, ૧૬૬૮ દર વર્ષે ૩૦મી સપ્ટેમ્બરે સોનાના ૧૦ પાઉન્ડ આપવાની શરતે ચાર્લ્સ બીજાએ ઇસ્ટ ઇંડિયા કંપનીને મુંબાઇ બેટ ભાડે આપ્યો.

તા. ૨૫, ૧૫૩૫: વાસ્કો નુમેઝ બાલ્બોઆએ પાસિફિક મહાસાગરની શોધ કરી.

તા. ૩૦, ૧૮૫૦ મહારાષ્ટ્રના મહાવિદ્વાન



ન્યાયમૂર્તિ અને સંસ્કાર-શિરોમણિ જસ્ટીસ કાશીનાથ ત્ર્યંબક તેલંગનો જન્મ. દેશની સઘળી ચળવળ કૅાંગ્રેસમાં કેન્દ્રિભૂત કરવા એમણે બુદ્ધિ, શક્તિ, યુક્તિ ને દ્રવ્યનો છૂટથી ઉપયોગ કરેલો.

આ માસ રોજનીશીમાં: સમાજચિત્ર • સાહિત્યપ્રસંગ • જીવનઘટના

શ્રમ અને કાળજીપૂર્વક સંશોધન કરવામાં આવે તો રોજનીશીઓમાંથી રાજકીય ઉપરાંત સવિશેષ તો સામાજિક-સાંસ્કૃતિક દસ્તાવેજી મૂલ્યની ઘણી માહિતી મળી રહે. જીવનચરિત્રો અને ઇતિહાસગ્રંથોની રચનામાં એમનો ફાળો સદા અમૂલ રહ્યો છે. આપણે ત્યાં લોકે એ સાહિત્ય એટલું વિપુલ નથી. ગોવર્ધનરામ, નારાયણ હેમચન્દ્ર, નરસિંહરાવ દિવેટિયા, મહાદેવ દેસાઈ, દાદાસાહેબ માવળંકર, મનુબહેન ગાંધી, આદિની ડાયરીઓ જેવું જે કાંઈ ઉપલબ્ધ છે તેને આધારે આ એક વધુ વિભાગ ચાલુ કરવા ધાર્યો છે. વાચકોનો સહકાર એમાં આવકાર્ય રહેશે.

૩-૯-૧૮૯૩: આજ બૉમ્બે ગૅઝેટ(૧-૯-૯૩-નું), ત્હેની સાથ એક્સ્ટ્રા એડિશનની ચબરખી આવી, તેથી જાણ્યું કે ઑન. જસ્ટિસ તેલંગ ગુજરી ગયા. ઘણી જ દિલગીરીની વાત થઈ. છોકરીઓ ન્હાની પયણાવવાની ભૂલ્ય થોડા મહિના ઉપર કરી એ ખરું. પણ બાકી હાઇકોર્ટના જજ્જ તરીકે, યુનિવર્સિટીના ઉત્તમ નમૂના તરીકે, સંસ્કૃતમાં, અંગ્રેજીમાં, અંગ્રેજી વક્તૃત્વમાં અપૂર્વ અને પ્રવીણ, હીરા જેવા મનુષ્ય તરીકે એ હિન્દની પ્રજાને ભૂષણ રૂપ હતો. જવાન ઉમ્મરમાં (ભાગ્યે ૪૫-૪૮ વર્ષ) આ મૃત્યુ બહુ જ ખેદદાયક છે. ઈશ્વર-ઇચ્છા બલવતી છે. જીવનની વચ્ચે મૃત્યુમાં જ આપણે રહિયે છિયે. (નરસિંહરાવ દિવેટિયા)

૫-૯-૧૯૩૨: પંડ્યાજીનો કાગળ બધી રીતે સરસ છે, પણ એમાં એક વસ્તુ અસાધારણ અગત્યની હતી: 'આ અઠવાડિયે મને મળવા આવનારમાં બે મોટા ધારાશાસ્ત્રીઓ અને રાજદ્વારી પુરુષો હતા—શ્રી સી. પી. અને શ્રી જ૦ શ્રી જ૦એ આજે તમારે વિષે ભારે ભવિષ્ય ભાખ્યું. તમને જ્યારે એ છેલ્લા મળેલા ત્યારે તમે બુદ્ધની પેલી અદ્‌ભુત વાર્તા એમને કહેલી, જેમાં પોતાના એક પૂર્વ જન્મમાં બુદ્ધ પોતાનું શરીર એક ભૂખ્યા વાઘની આગળ ધરી દે છે. તે વાત ઉપરથી પોતાની ભવિષ્યવાણી તેમણે રચી લાગે છે. એ વાર્તામાં પ્રેમનો જે સુંદર આદર્શ રજૂ થાય છે, તેવો દુનિયાના બીજા કોઈ પણ સાહિત્યમાં હશે કે કેમ એની શંકા છે. તે આદર્શ દુનિયા પાસે મૂર્તિમંત કરવાનું તમારા ભાવિમાં કદાચ નિર્માયું હોય.'

આ ઉપર ઠીક ચર્ચા ને તર્કવિતર્ક ચાલ્યા. બાપુએ કહ્યું: 'સી. પી.ની પાસેથી જયકરને ખબર મળી હોય અને જયકરે ભાવિના પડદા આ છોકરીને સંભળાવ્યા હોય.' ગમે તે હોય, બુદ્ધ ભગવાનના પૂર્વાવતારનો દાખલો બાપુનાં ભાવિ પગલાંને લાગુ પાડવાની કુમાશ, સૌજન્ય ને કવિત્વ જ૦ માં છે એ જાણીને મને આનંદ થયો. (મહાદેવ દેસાઇ)

૯-૯-૧૯૦૭, સોમવાર (મુંબાઇ): (સાહિત્ય પરિષદ; પ્રમુખ કે. હ. ધ્રુવ; ગોવર્ધનભાઈના સ્મારકનો ઠરાવ પરિષદમાં થયો. કમિટી નીમાઈ. અંબાલાલે બહુ ઉત્સાહક ભાષણ તે સંબંધે કર્યું. એક લાખ રૂપિયાનું ફંડ કરવું એમ ઉત્સાહ પ્રેર્યો...બર્વેએ સંગીતની શ્રુતિયો ૨૨ નહિ પણ ૨૪ હોવાથી સુઘટિતતા આવે છે તે વિશે નિબંધ વાંચ્યો–ગાયન તથા વાણીથી બતાવીને. તેના કહેવામાં સારસ્ય જણાય છે. પણ શ્રુતિ તે શું તે વિશે હજી સંપૂર્ણ ખાતરી થતી નથી... (નરસિંહરાવ દિવેટિયા)

૯-૯-'૪૭, મંગળવાર: લગભગ ૭ા વાગ્યે દિલ્હીનું શાહદરા જંક્શન આવ્યું. સ્ટેશન પર સરદાર, મણિબહેન આવ્યાં હતાં. બધાંનાં મોં ઊતરી ગયેલાં હતાં, કારણ, દિલ્હી શહેરમાં કોમી આગ ભભૂકતી હતી. બાપુનું માનીતું રહેઠાણ ભંગી કૉલોની તો બળતું હતું. આશ્રિતો પડ્યા હતા અને રસ્તામાં મુડદાં પડ્યાં હતાં. એથી બિરલા હાઉસ જવાનું નક્કી થયું. જેવો બિરલા હાઉસમાં પગ મૂક્યો ત્યાં જ પાછળની મોટરમાંથી જવાહરલાલજી ઊતર્યા. સાવ સુકાઈ ગયા હતા. બહુ દુઃખી અને ગંભીર હતા. બધે ય ૨૪ કલાકનો કર્ફ્યુ તો લાગી જ ગયો છે, છતાં ગોળીબાર અને લૂંટફાટ ચાલે છે. હજારો માણસો કપાઈ મૂઆ. જવાહરલાલજી પોતાના સ્વભાવ પ્રમાણે જરા ગુસ્સામાં બોલ્યા: 'કમબખ્તોએ અહીં તોફાન મચાવ્યું છે, તો આપણે પાકિસ્તાનને શું કહી શકીએ!' બાપુજીએ કહ્યું, 'પણ ગુસ્સો કરીને શો ફાયદો?' (મનુબહેન ગાંધી)

૧૫-૯-૧૯૧૫, બુધવાર (અમદાવાદ): ડાહ્યાભાઈ લક્ષ્મણ સ્હવારે ૭ વાગ્યે આવ્યો. હેની જોડે મોહનલાલ કરમચંદ ગાંધીના આશ્રમમાં હું ગયો. કાર્ડ મોકલ્યું. અંદર ગયા. કેટલાક છોકરાઓ સ્હામા બેસાડીને પોતે ઉઘાડે શરીરે ભોંય બેઠેલા હતા. હેમના શાસ્ત્રી જોડે કાંઈ ચર્ચા કરતા હતા...ચર્ચા પૂરી થઈ પછી મ્હને ગાંધી કહે–'શી આજ્ઞા છે?' હું–'ફક્ત દર્શનાર્થે જ આવ્યો છું'...પછી મ્હને કહે 'લીડ કાઈન્ડલી લાઈટ' એ ભજનનું ગુજરાતીમાં ભાષાન્તર કરી આપશો? મ્હેં પ્રયત્ન કરવાની હા પાડી. (નરસિંહરાવ દિવેટિયા)

૨૦-૯-૧૯૩૨: અનશનનું મંગળ પ્રભાત–ઘણા પત્રો લખ્યા... રાત્રે જરાય થાક નહોતો ...સૂતાં સૂતાં કહે: "વલ્લભભાઈ, તમને એક ગમ્મતની વાત કરવાની રહી ગઈ. પેલો વિલિંગ્ડન, જયકર-સપ્રુને કહે: 'Irwin foolishly yielded to that villain of a Bania; not I.' એટલે જયકરને ભૂખ્યા વાઘની વાત યાદ આવી." (મહાદેવ દેસાઇ)

૨૪-૯-૧૯૩૨: બે કલાક પછી દેવદાસ, સર ચૂનીલાલ મહેતા, રાજાજી આવ્યા. અસ્પૃશ્ય પક્ષે પાંચ વરસ ન સ્વીકાર્યાં, આંબેડકરે બહુ પ્રયત્નો કર્યા તો પણ. એટલે બિરલાએ રસ્તો કાઢ્યો કે દસ વરસમાં આપોઆપ એ પ્રથા બંધ થાય. દરમ્યાન બંને પક્ષ મળી બીજો રસ્તો કાઢવો હોય તો કાઢે. બાપુ પાસે આ વસ્તુ આવી કે તરત કહે: 'કબૂલ છે. સરસ વસ્તુ છે. સૌનાં હૈયાં હરખાવા લાગ્યાં. બિરલા આવ્યા. તેમના ગાલ ઉપર બાપુએ (હેતથી) મજબૂત તમાચો માર્યો...

બિરલા સુલેહનો દસ્તાવેજ લઈને આવ્યા. પછી માલવીયજી આવ્યા, આંબેડકર આવ્યા. ઠક્કરબાપા સામે બેઠા હતા. એ કહે: 'આંબેડકરનું પરિવર્તન થયું છે.' બાપુ કહે: 'એ તમે કહો છો. આંબેડકર ક્યાં કહે છે?'

આંબેડકર: 'હા, મહાત્માજી થયું છે. તમે મને બહુ મદદ કરી.' (મહાદેવ દેસાઈ)


૨૮-૯-૧૮૯૨: નારાયણ હેમચન્દ્ર (લંડનથી) લખે છે: રોજ આઠ કલાક લાયબ્રેરીમાં ગાળું છું. ઓરિયેન્ટલ કૉંગ્રેસ જોવા ગયો હતો. એક પાઉન્ડની ટિકિટ; પાસે માત્ર ત્રણ પાઉન્ડ. તેથી કહ્યું મફત જવા દો. સેક્રેટરી કહે, શું હું તમારે માટે પૈસા આપું?... એક ફ્રેન્ચ પ્રોફેસર મળ્યો. પેરિસનો ઓળખીતો ...હકીક્ત કહી. પ્રોફેસર...માંહી જઇને સેક્રેટરીને લઈ બહાર આવ્યો અને નારાયણને માનપૂર્વક દાખલ કર્યો. શાબાશ સાધુચરિત નારાયણ!... લખે છે: 'હાલ મારી પાસે બે પાઉન્ડ છે. એ બે અઠવાડિયાં ચાલશે. પછી ઇશ્વરેચ્છા. શું આપ કંઈ મોકલી શકશો?'... શા માટે ના મોકલું? નારાયણ! ત્હારા જેવા સાધુપુરુષને મોકલેલા રૂપિયા મોજશૉખમાં ખરચેલા રૂ. કરતાં હજારોગણા ઉત્તમ. તારથી મ. ઑ. મોકલ્યો. (નરસિંહરાવ દિવેટિયા)

ધીરજ ધર્મ મિત્ર અરુ નારી,
આપતિકાલ પરછિયે ચારી.
—તુલસીદાસ—

મુંબાઈની હાઇકોર્ટ નજીકના રસ્તા પર એક વૃદ્ધ કઠિયારો પોતાનો વજનદાર ભારો માથે ચડાવવામાં મદદ કરવા જતાઆવતાને વીનવતો હતો, પણ લોકો સાંભળ્યું ન સાંભળ્યું કરી ચાલવા માંડતા હતા. એવામાં હાઇકોર્ટમાંથી એક સજ્જન નીકળ્યા. કઠિયારાએ એમને વીનવતાં તરત એમણે ભારો તેને માથે ચડાવી આપ્યો. એ હતા મુંબાઈ હાઇકોર્ટના વડા ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે.

કહેવતોના અર્થ: 'સૌ કહે બાપડી, પણ કોઈ ન આપે કાપડી.' ગરીબ બહેન પ્રત્યે માત્ર મોઢેથી ઠાલી સહાનુભૂતિ દર્શાવતા હૃદયહીન ભાઈઓનું ઓઠું લઈને વપરાતી આ કહેવતનો વ્યાપક અર્થ પારકાની વિપત્તિ પ્રત્યે કેવળ પોકળ સધ્યારો દાખવતી દંભી દુનિયાનું ચિત્રણ કરવાનો છે.

અનેકાર્થી શબ્દ: **ટાંક**=એક પૈસાભાર વજન – શેરનો ૭૨મો ભાગ; કલમની લોખંડની કત, અણી; ઘઉંમાં આવતો એક જાતનો રોગ; છાપ યા લેખ-નિર્ણયાત્મક લખાણ કે નોંધ; નક્કી કરેલો વખત; ઘડતરકામ કરનાર કારીગરવર્ગની એક અટક; નાનો કટોરો; ધનુષની શક્તિની પરીક્ષા માટેનું એક તોલ–પચ્ચીસ શેર; કોઠ વૃક્ષમાંથી બનતો દારૂ; લેશમાત્ર.



'પાઇલૉટ' નામની એક નાનકડી માછલી શાર્ક મત્સ્ય માટે ખોરાક શોધવાનું કામ કરે છે. સામાન્યત: શાર્ક પોતાના માર્ગમાં આવતા બધા જીવને આરોગી જાય છે, પણ આ પાઈલૉટને એ ઈજા કરતી નથી; એટલું જ નહિ શાર્કના શિકારમાંથી એને ભાગ પણ મળે છે!



બીજે બધે તેમ ઓરડા વચ્ચેના આડશ-પડદા પર પણ કલાનીશ્રી રમતી હોય છે તે કાશ્મીર આદિના કાષ્ઠ કોતરણીવાળા 'સ્ક્રીન'થી આપણને જ્ઞાત છે. પણ આ નવતર સ્ક્રીન તો માત્ર સુભાષિત-લેખનનો જ બનેલો છે. ચીન તથા જાપાનમાં સુલેખન (કૅલિગ્રાફી)ની કલા ચિત્રકલા જેટલી જ પ્રતિષ્ઠા પામી છે, અને મુસ્લિમ કલા પેઠે સુંદર અક્ષરે લખેલાં સૂત્રો ત્યાં આદરભર્યું સ્થાન ધરાવે છે. જાપાનમાં ક્યોટો પાસે 'શામ્બો ઈન'ના પ્રવેશદ્વાર પાસેના 'સ્ક્રીન' પરનું ઝડપી પીંછી વડે લખેલું આ સૂત્ર એના લયાન્વિત આકાર સાથે એમાંના સંદેશથી પણ પ્રભાવશાળી બની રહ્યું છે. એના અનેક અર્થ પૈકી એક એવો છે કે 'વસ્તુઓને એકલી જ (હોય તેમ જ) રહેવા દીધી સારી.'

ખોટી વાત: જાડાં કરતાં પાતળાં કપડાં વધારે ઠંડક આપે છે એ માન્યતાથી ઉનાળામાં લોકો ઝીણાં કપડાં પહેરે છે, પણ ખાદી અથવા તો તેના જેવાં જાડાં સુતરાઉ કપડાં પરસેવો જલદી ચૂસી લે છે અને શરીરનું ઉષ્ણતામાન જાળવી રાખી ઠંડક આપે છે.

એક મોટી થાળીમાં પાણી ભરીને તેના પર થોડું સરસિયાનું તેલ રેડવાથી મચ્છર તે પર જ એકઠા થઈ જવાનું કહેવાય છે.

આપણી પૃથ્વીની જમીન દરિયાની સપાટીથી સરેરાશ ૮૦૦ ફૂટ ઊંચી છે, જ્યારે દરિયાની સરેરાશ ઊંડાઈ ૧૨,૪૫૦ ફૂટ છે.

પાણી ભરેલી ઠંડી માટલી પર બદામનું મીંજ ઘસીને મોં કે જીભના ચાંદા પર ચોપડવાથી ઠંડક અને લાભ થશે.

અથાણું

લોકમાન્ય તિલકને એક વાર કોઇએ પ્રશ્ન પૂછ્યો કે 'ભારતમાં સ્ત્રીઓ સારો વર મેળવવા ગૌરીવ્રત કરે છે, પણ પુરુષો માટે આવા કોઈ વ્રતની ગોઠવણ કેમ નથી?'

લોકમાન્યે જવાબ આપ્યો: 'ભારતમાં બધી સ્ત્રીઓ તો સારી જ છે—તકલીફ સારો પુરુષ શોધવાની છે, અને એથી જ સ્ત્રીઓને ગૌરીનું વ્રત કરવું પડે છે.'

ન્યાયાધીશ: તમે બસમાં આ બાનુને શા માટે તમાચો માર્યો એ સમજાવો.

આરોપી: નામદાર, બસમાં બહુ ભીડ હતી. કોઈ હાથપગ હલાવે તો યે બાજુમાં બેસનાર કે ઊભા રહેનારને તકલીફ પડતી હતી. આ બાનુ બસમાં બેઠાં હતાં અને ભીડને કારણે હું એમની લગોલગ ઊભો હતો. કંડક્ટરને સામે છેડેથી ટિકિટ આપવા આવતો જોઈ એમણે પોતાના મોટા પાકીટની ચેઈન ખોલી, અંદરથી નાનું પાકીટ કાઢ્યું, એ નાના પાકીટની ચેઈન ખોલી, અંદરથી આઠ આની કાઢી, પછી નાના પાકીટની ચેઈન બંધ કરી એને મોટા પાકીટમાં મૂક્યું, પછી મોટા પાકીટની ચેઈન બંધ કરી, પાકીટ ખોળામાં મૂકી, હાથમાં આઠ આની પકડી એ બેઠાં. કંડક્ટર આવ્યો અને બીજા માણસોને ટિકિટ આપતો આપતો ચાલ્યો ગયો. બાનુએ મોટું પાકીટ હાથમાં લીધું, એની ચેઈન ખોલી, અંદરથી નાનું પાકીટ કાઢ્યું, નાના પાકીટની ચેઇન ખોલી, અંદર આઠ આની પાછી મૂકી. પછી નાના પાકીટની ચેઈન બંધ કરી એને મોટા પાકીટમાં મૂક્યું, મોટા પાકીટની ચેઈન બંધ કરી, પાકીટ ખોળામાં મૂકી એ બેઠાં. એટલામાં કંડક્ટર પાછો ફર્યો, એટલે એમણે મોટું પાકીટ હાથમાં લીધું, એની ચેઈન ખોલી, અંદરથી નાનું પાકીટ કાઢ્યું, એ નાના પાકીટની ચેઇન ખોલી, એમાંથી આઠ આની કાઢી, નાના પાકીટની ચેઈન બંધ કરી, એ પાકીટ મોટા પાકીટમાં મૂક્યું, પછી મોટા પાકીટની...

ન્યાયાધીશ: (ગુસ્સે થઇને) બસ, બસ; આ શો બકવાદ? તમે તો મગજ પકાવી દીધું.

આરોપી: નામદાર, આપ તો માત્ર વર્ણનથી ગુસ્સે થઈ ગયા, પણ મારે તો એ બધું નજરે જોવું પડ્યું હતું.

ગ્રાહક: આમાંની એક દવા મારી પત્ની માટે અને બીજી મારી કૂતરી માટે છે. તમે શીશીઓ પર લખી આપજો કે કઈ દવા કોની છે. ભૂલથી બીજી દવા પાઈ દેતાં મારી કૂતરી મરી જાય એમ હું નથી ઇચ્છતો.



રોતી સ્ત્રી (પાબ્લો પિકાસો)

જગતનાં કલારત્નો: ૧
પ્રેમી (પાબ્લો પિકાસો)



વીસમી સદીના સમસ્ત કલા-જગત પર પોતાની આગવી, અભિનવ ને અષ્ટરંગી પ્રતિભાનો ઘેરો પ્રભાવ પાડનાર સ્પૅનિશ કલાકાર પાબ્લો પિકાસોથી આ [illegible]ી ચિત્રમાળાનો પ્રારંભ સાભિપ્રાય કરીએ છીએ. મથાળાના નાના ચિત્રમાં રુદનના ભાવને ઉત્કટતાથી નિરૂપવા માટે અપનાવેલી પોતાની આ વિશિષ્ટ શૈલીથી વગોવાવાની હદે વિખ્યાત થએલા પિકાસોની જ કલમનું આ જમણી બાજુનું સર્જન પણ છે એવું કદાચ આશ્ચર્ય થાય. દુબહુ ચિત્રણાને ફગાવી દઇને શૈલીમુક્તિના સૂત્રધાર મેલ્યા તે અગાઉના 'પિંક પીરિયડ' તરીકે ઓળખાતા એના સર્જનકાળની આ એક હૃદયસ્પર્શી કૃતિ છે.

સ્પેઈનના માલાગાના એક ચિત્રશિક્ષકનો એ પુત્ર આમ નાનપણથી અદ્‌ભુત ચિત્રપ્રતિભા ધરાવતો. ચૌદની વયે તો એણે પોતાનું પ્રદર્શન કરેલું. ઈ. ૧૯૦૦-માં પારી(સ) જઈ આવ્યા પછી એણે 'ઇમ્પ્રેશનિસ્ટ' શૈલીમાં ચીતરવા માંડ્યું અને 'આર્ટ જૅવેન' (જુવાન કલા) નામે એક સામયિક પણ શરૂ કર્યું પછી ઈ. ૧૯૦૪માં તો એ પારી(સ)માં જ સ્થિર થયો. ત્યારે એ રોજ ત્રણેક ચિત્રો તો બનાવતો જ. એનું ચિત્રાલેખન હમેશાં (આજ જીવનના આઠમે દાયકે પણ) મબલખ જ રહ્યું છે. ઈ. ૧૯૦૪ થી '૦૬ દરમિયાન એણે ગરીબ, માંદલાં, જીવનથી કંટાળેલાં ને વિષાદમય પાત્રો જ, અને તે પણ બહુધા બ્લ્યૂ રંગની જ આછીઘેરી છાયાવાળાં કરેલાં, જે એના 'બ્લ્યૂ પીરિયડ'નાં ચિત્રો તરીકે જાણીતાં છે. તે પછી એના સ્વભાવમાં આવેલી કુમાશ નિર્દેશતાં એણે ગુલાબી રંગના બાહુલ્યવાળાં (રોઝ કે પિંક પીરિયડમાં) જે ચિત્રો કર્યાં તેમાં મોટે ભાગે વિવસ્ત્ર પાત્રો, ખેલાડીઓ, વિદૂષકો ને સરકસનાં દશ્યો જોવા મળે છે. એના આ ચિત્રમાં નાયિકાની લજ્જાશીલ આંખો અને નાયકના ઋજુ હેતભર્યા ભાવને એણે કેટલાં ઓછાં રંગ-રેખામાં પણ સ્પષ્ટ કરી દીધો છે! પાત્રોની દેહલય અને પારદર્શક સમું રંગલેપન તેમાં સહાયભૂત બની રહે છે. ◖ આવી આલેખનશક્તિ સિદ્ધ કર્યા પછી જ પિકાસોએ અભિવ્યક્તિ માટે અવનવી શૈલી [illegible]જમાવી હતી. પિંક પીરિયડ પછી એણે આફ્રિકન શિલ્પોની અસર તળે ચિત્રો કર્યાં. તે પછી 'ક્યૂબિઝમ' પર ૧૯૦૭થી '૧૫ સુધી એણે હાથ અજમાવ્યો [illegible]ને યુરોપના કલા-પ્રકરણમાં એક નવો જ વળાંક આવ્યો. પહેલા વિશ્વયુદ્ધ પછી તો 'ક્યૂબિઝમ'ને પણ છોડી એણે નિજી રીતે જ કામ કરવા માંડ્યું. એની [illegible]જની આગવી શૈલી ૧૯૩૮માં પ્રથમ પ્રકટ થઈ આજે તો બધાં જ માધ્યમોમાં—ભીંતચિત્રો, ગ્રંથચિત્રો: વુડકટ, એચિંગ, લિથોગ્રાફ, એક્વાટિન્ટ [illegible]નાદિ મુદ્રણક્ષમ કલાઓ, શિલ્પ, માટીપાત્રો, નાનાં સેરામિક આદિમાં એની સર્જક-પ્રતિભા ઘૂમી વળે છે.